RNI NO GUJ/GUJ/2006/24237

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA NEWS NETWORK P. LTD

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ અષાઢ વદ - ૧૦ — શનિવાર તા.૦૮-૦૮-૨૦૨૬ — અંક : ૪૨ વર્ષ : ૨૨ — email :rajkot@aaspassindia.com — કિંમત રૂ. ૨-૫૦ — પાના - ૮

# સામાન્ય ગ્રાહકો અને નાના વેપારીઓ માટે UPI ચૂકવણી મફત

## સિસ્ટમને મજબૂત અને ટકાઉ બનાવવા માટે ચર્ચાઓ, મોટા વેપારીઓ પર ભવિષ્યમાં ચાર્જ લાગી શકે: PCI

નવીદિલ્હી,

યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ પર ચાર્જ લાગુ થવાની અફવાઓ વચ્ચે, પેમેન્ટ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ સ્પષ્ટતા કરી છે. ઉૈં એ જણાવ્યું છે કે, સામાન્ય ગ્રાહકો અને નાના વેપારીઓ માટે UPI ચૂકવણી સંપૂર્ણપણે મફત રહેશે. સિસ્ટમને મજબૂત અને ટકાઉ બનાવવા માટે ચર્ચાઓ ચાલી રહી છે, પરંતુ ગ્રાહકો કે નાના વેપારીઓ પર કોઈ બોજ નહી પડે. મોટા વેપારીઓ પર ભવિષ્યમાં ચાર્જ લાગી શકે છે, જે તેમનો અને સર્વિસ પ્રોવાઈડર વચ્ચેનો કરાર હશે.

યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ પર ચાર્જ વસૂલવામાં આવશે તેવી વિવિધ ચર્ચાઓ વચ્ચે પેમેન્ટ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ સ્પષ્ટતા કરી છે. PCIએ જણાવ્યું છે કે સામાન્ય ગ્રાહકો અને નાના વેપારીઓ માટે UPI ચૂકવણી પહેલાની જેમ જ સંપૂર્ણપણે મફત રહેશે. હવે મૂળ મુદ્દો એ છે કે ઝડપથી વધી રહેલા આ ડિજિટલ પેમેન્ટ નેટવર્કને લાંબા સમય સુધી કેવી રીતે મજબૂત અને ટકાઉ બનાવી શકાય, જેને ધ્યાનમાં રાખીને કેટલાક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.PCIએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૬માં UPIની શરૂઆત થઈ ત્યારથી જ સરકાર અને પેમેન્ટ ક્ષેત્રે ગ્રાહકો પાસેથી કોઈ પણ પ્રકારનો ટ્રાન્ઝેક્શન ચાર્જ લીધો નથી અને ભવિષ્યમાં પણ ગ્રાહકો કોઈ પણ ચાર્જ વગર UPIનો ઉપયોગ કરી શકશે.

આ ઉપરાંત નાના દુકાનદારો અને કરિયાણા વેપારીઓ પાસેથી પણ UPI પેમેન્ટ સ્વીકારવા પર કોઈ મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લેવામાં આવશે નહી. UPIને નાના કારોબારીઓ સુધી ડિજિટલ પેમેન્ટની સુવિધા પહોંચાડવાના હેતુથી બનાવવામાં આવ્યું હતું અને તેમની સુવિધા હંમેશા પ્રાથમિકતા રહેશે.

સિસ્ટમને સુરક્ષિત અને ટકાઉ બનાવવા પર ચર્ચા UPI આજે વિશ્વની સૌથી મોટી રિયલ-ટાઇમ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ બની ચૂકી છે. દર મહિને અબજોના ટ્રાન્ઝેક્શન થતા હોવાને કારણે આ સિસ્ટમને સુરક્ષિત, મજબૂત અને ટકાઉ બનાવી રાખવા માટે જરૂરી રોકાણ અને માળખા પર ચર્ચા થઈ રહી છે. જોકે, તેનાથી ગ્રાહકો કે નાના વેપારીઓ પર કોઈ વધારાનો બોજ પડશે નહી. PCIના જણાવ્યા મુજબ, નેશનલ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને ચલાવવામાં ટેકનોલોજી, સાઈબર સુરક્ષા, ગ્રાહક સહાયતા અને નિયમોના પાલન પાછળ સતત ખર્ચ થાય છે, જે હાલમાં બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ ભોગવી રહ્યા છે.છેલ્લા ૧૦ વર્ષથી બેંકો, પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ, ફિનટેક કંપનીઓ, NPCI અને RBI ટેકનોલોજી, સાયબર સુરક્ષા અને ફ્રોડ રોકવા માટે સતત રોકાણ કરી રહ્યા છે, જેથી UPI દિવસના ૨૪ કલાક અને અઠવાડિયાના ૭ દિવસ સુરક્ષિત રીતે કામ કરી રહ્યું છે. વધતા ટ્રાન્ઝેક્શન સાથે આ સુરક્ષા અને નવીનતા જાળવી રાખવા માટે રોકાણ જરૂરી છે.

### મોટા વેપારીઓ પર લાગી શકે છે ચાર્જ

PCIએ સ્પષ્ટ કર્યું છે કે જો ભવિષ્યમાં મોટા વેપારીઓ પર મર્ચેન્ટ સર્વિસ ચાર્જ લાગુ કરવામાં આવે, તો પણ તેનો અર્થ એ નથી કે ગ્રાહકોએ UPIનો ઉપયોગ કરવા માટે ચાર્જ ચૂકવવો પડશે. આ ચાર્જ માત્ર વેપારી અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર વચ્ચેનો વ્યાવસાયિક કરાર હશે. વિશ્વના ઘણા દેશોમાં પણ આવી વ્યવસ્થા લાગુ છે, જ્યારે ગ્રાહકો માટે ડિજિટલ પેમેન્ટ સેવાઓ સામાન્ય રીતે વિનામૂલ્યે ઉપલબ્ધ રહે છે.

## ચંબામાં ૨૨ મુસાફરો ભરેલી બસ ખીણમાં ખાબકી, ૭ લોકોના મોત

### દેવીકોઠી નજીક વળાંક પર પહોંચતા બસ કાબુ બહાર થઈ ગઈ અને ઊંડી ખીણમાં ખાબકી

ચંબા,

હિમાચલ પ્રદેશના ચંબામાં એક દુઃખદ માર્ગ અકસ્માત થયો છે. આશરે ૨૨ મુસાફરોને લઈ જતી એક ખાનગી બસ બૈરાગઢ-ચંબા રોડ પર દેવીકોઠી નજીક ચાલુજ વળાંક પર કાબુ ગુમાવી દીધી અને ખીણમાં ખાબકી ગઈ.



હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં એક દુઃખદ માર્ગ અકસ્માત થયો છે. આશરે ૨૨ મુસાફરોને લઈ જતી એક ખાનગી બસ બૈરાગઢ-ચંબા રૂટ પર દેવીકોઠી નજીક ટર્નિંગ દરમિયાન કાબુ ગુમાવી દીધો. આ ઘટનામાં સાત લોકોના મોત થયા છે, જ્યારે અન્ય મુસાફરો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. ડ્રાઈવર અને કંડક્ટર સહિત લગભગ ૨૨ લોકો સવાર હતા. દેવીકોઠી નજીક ચાલુજ વળાંક પર બસ પહોંચતાની સાથે જ તે અચાનક કાબુ બહાર થઈ ગઈ અને ઊંડી ખીણમાં ખાબકી ગઈ. નોંધનીય છે કે ભારે વરસાદને કારણે હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં પરિસ્થિતિ ગંભીર છે. ચોમાસાની શરૂઆતથી, વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૬૪ લોકોએ જીવ ગુમાવ્યા છે, અને ૧૪ ભૂસ્ખલન નોંધાયા છે.

## કચ્છ સરહદે પાકિસ્તાનની મેલી મુરાદ, સૈન્યની હલચલથી ભારતીય સુરક્ષા દળો હાઈએલર્ટ પર

### પાકિસ્તાને અતિ સંવેદનશીલ સીરક્રીક અને હરામી નાળા વિસ્તારની નજીક મોટા પાયે ક્ષેત્રીય સૈન્ય હલચલ શરૂ કરી



કચ્છ-ભુજ,

જમીન કે હવાઈ માર્ગે ભારત સામે વારંવાર પછડાટ ખાધા પછી પાકિસ્તાને હવે પશ્ચિમી દરિયાઈ સરહદ પર એક નવો નાપાક પેંતરો રચ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ગૃહરાજ્ય ગુજરાતને ટાર્ગેટ બનાવવાના મલિન ઈરાદા સાથે પાકિસ્તાને કચ્છની આંતરરાષ્ટ્રીય સરહદે આવેલા અતિ સંવેદનશીલ સીરક્રીક અને હરામી નાળા વિસ્તારની નજીક મોટા પાયે ક્ષેત્રીય સૈન્ય હલચલ શરૂ કરી છે. આ સમગ્ર કામગીરી પાકિસ્તાન સેનાના વડા અસીમ મુનીરની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ ચાલી રહી હોવાના ચિંતાજનક અહેવાલ મળી રહ્યા છે.જેને લઈને ભારતીય સુરક્ષાદળો એલર્ટ મોડમાં આવી ગયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પાકિસ્તાને પોતાના ’અબાબીલ – ધ ડિવાઈન સ્ટ્રાઈક’ નામના વિશેષ પ્રકલ્પ હેઠળ સીરક્રીક નજીક નૌકાદળ અને સૈન્ય માળખાનું ઝડપથી વિસ્તરણ હાથ ધર્યું છે. આ ઘેરાબંધીને વધુ મજબૂત કરવા પાકિસ્તાન પોતાના પરમ મિત્ર ચીન અને તુર્કીની સક્રિય મદદ લઈ રહ્યું છે. આ કાવતરાના ભાગરૂપે ક્રીક ક્ષેત્રમાં અદ્યતન રોકેટ પ્રણાલી, ચીની બનાવટના હાઈ-સ્પીડ હોવરક્રાફ્ટ, નૌકાદળની બોટો અને તુર્કીના વિસ્ફોટક વહન ક્ષમતા ધરાવતા ડ્રોન તહેનાત કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, આ વિસ્તારમાં જળ, જમીન અને હવામાં એકસાથે જોખમી મિશન પાર પાડવા માટે પાકિસ્તાન નૌકાદળે તેના અત્યંત તાલીમબદ્ધ ’નેવલ સ્પેશિયલ સર્વિસ ગ્રુપ’ ના કમાન્ડોને પણ ઉતારી દીધા છે. ક્રીકની દલદલીય જમીન અને અરબી સમુદ્રમાં ભારતીય નૌકાદળ તેમજ સીમા સુરક્ષા દળની હાજરીને પડકારવા માટે આ નવો રોકેટ ફોર્સ અને એર ડિફેન્સ કમ્બાઈન્ડ પ્લાન તૈયાર કરાયો છે.

## તહેવારો પૂર્વે ખાંડ ૧૫% મોંઘી થઈ!

મુંબઈ,

આગામી તહેવારોની મોસમમાં ફુગાવાનો માર સામાન્ય માણસના ખિસ્સા પર પડવાની શક્યતા છે. સરકારના પ્રયાસો છતાં, સ્થાનિક બજારમાં ખાંડના ભાવ સતત વધી રહ્યા છે. ગયા મહિનાના આંકડાઓના આધારે, ખાંડના ભાવમાં સરેરાશ ૮%નો વધારો થયો છે, જ્યારે કેટલાક રાજ્યોમાં આ વધારો ૧૫% સુધી પહોંચી ગયો છે. એવી આશંકા છે કે આ વર્ષે દિવાળી, દશેરા અને અન્ય તહેવારો દરમિયાન મીઠાઈનો આનંદ માણવો જનતા માટે મોંઘો સાબિત થઈ શકે છે.

તહેવારોની મોસમ દરમિયાન ખાંડનો વપરાશ ટોચ પર હોય છે, પરંતુ આ સમયે આ તીવ્ર ભાવ વધારો ઘરના બજેટને ખોરવી નાખવાનો ભય છે. ખાંડ મિલોએ હવે વધતી કિંમતોને કાબુમાં લેવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. છેલ્લા એક મહિનામાં જથ્થાબંધ બજારમાં ખાંડના ભાવ પ્રતિ ક્વિન્ટલ ?૪૦૦ સુધી વધ્યા છે. આ બગડતી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, ખાંડ મિલોએ આ વર્ષે ખાંડની પિલાણ પ્રક્રિયા ૧૦ થી ૧૫ દિવસ વહેલા શરૂ કરવાનો નિર્ણય લીધો છે જેથી બજારમાં તાજી ખાંડનો પુરવઠો શક્ય તેટલી ઝડપથી વધે.

## ભારત સહીત ૫ દેશો ઉપર 100% ટેરીફનું બિલ અમેરિકન સેનેટમાં બહુમતીથી મંજુર

### હવે આ બિલ ૩૧ ઓગસ્ટેઅમેરિકાની હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની બેઠકમાં હસ્તાક્ષર માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે મોકલાશે

વોશિંગટન,

રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસ ખરીદીને યુક્રેન યુદ્ધમાં તેને પરોક્ષ રીતે મદદ કરનારા દેશો પર શિકંજો કસવા માટે અમેરિકન સેનેટે (ઉચ્ચ ગૃહ) એક અત્યંત કડક બિલને મંજૂરી આપી દીધી છે. સેનેટમાં આ પ્રસ્તાવ ૮૬-૧૧ ના ભારે બહુમતીથી પસાર કરવામાં આવ્યો છે. આ બિલ હેઠળ રશિયા પાસેથી સૌથી વધુ ઊર્જા આયાત કરતા ટોચના પાંચ દેશોના સામાન પર ૧૦૦% સુધીનો ટેરિફ લગાવવાની સત્તા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળશે.

અમેરિકન સેનેટમાં પસાર થયેલા આ વિધેયકનું નામ બદલીને ’લિન્ડસે ઓ. ગ્રાહમ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬’ રાખવામાં આવ્યું છે. વર્તમાન આંકડા મુજબ ચીન, ભારત, અઝરબૈજાન, હંગરી અને સ્લોવાકિયા રશિયા પાસેથી સૌથી વધુ તેલ અને ગેસ ખરીદતા ટોચના પાંચ દેશો છે. જો આ બિલ કાયદો બનશે તો આ તમામ દેશોએ અમેરિકા સાથે વેપાર કરવો કે રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદવું તેમાંથી એકની પસંદગી કરવી પડશે.આ ઉપરાંત,આ બિલમાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન, રશિયાના અમીર ઉદ્યોગપતિઓ (ઓલિગાર્ક્સ) અને નાણાકીય સંસ્થાઓ પર પણ કડક પ્રતિબંધો લાદવાની જોગવાઈ કરવામાં આવી છે. સાથે જ ઈરાનના ઊર્જા ક્ષેત્રમાં રોકાણ કરતી કંપનીઓ પર દંડ લગાવતા ૧૯૯૬ ના કાયદાની સમયસીમા લંબાવીને ૨૦૩૧ સુધી કરવામાં આવી છે. હવે આ બિલ ૩૧ ઓગસ્ટે જ્યારે અમેરિકાની હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (પ્રતિનિધિ સભા) ની બેઠક મળશે ત્યારે મંજૂરી માટે રજૂ કરવામાં આવશે. હાઉસમાંથી મંજૂર થયા બાદ તેને આખરી હસ્તાક્ષર માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે મોકલવામાં આવશે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsb.bank.in (મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)

નાગરિક વ્યાપાર મિત્ર ધિરાણ યોજના



વ્યાજદર ફક્ત ૯.૫૦% થી

ધિરાણમાં ફિક્સ રેટ
નહિવત ડોક્યુમેન્ટ
રૂા. ૫૦ લાખ સુધી ધિરાણ સુવિધા
મુદ્દતઃ મહત્તમ ૧૪૪ માસ
પ્રોસેસ ચાર્જઃ ૦.૫૦%
*શરતોને આધીન

નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 85117 85085માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો

નાના માણસની મોટી બેંક — PROUDLY CO-OPERATIVE — સહકારથી સમૃદ્ધિ

## રાજ્યભરમાં TAT HSની મુખ્ય પરીક્ષાનો પ્રારંભ

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષક અભિરુચિ કસોટી (TAT-HS) ની મુખ્ય પરીક્ષા યોજાવા જઈ રહી છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત આ પરીક્ષામાં પ્રિલિમિનરી કસોટીમાં ઉત્તીર્ણ થયેલા કુલ ૫૧,૯૭૧ ઉમેદવારો ભાગ લેશે. સમગ્ર રાજ્યના ૨૭૯ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા શાંતિપૂર્ણ અને સુચારુ રીતે સંપન્ન થાય તે માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.



## ડોનાલ્ડ ટ્રમ્પે મધ્યસ્થી કરનારા દેશોની યાદીમાંથી પાકિસ્તાનનું નામ હટાવ્યું

ઈસ્લામાબાદ,

ઈસ્લામાબાદે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઓછો કરવાના પ્રયાસોમાં પાકિસ્તાનની ભૂમિકા અંગેના પ્રશ્નો સ્પષ્ટ કર્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં અમેરિકા-ઈરાન સંબંધોમાં શાંતિ પ્રયાસોમાં ખાડી દેશોની ભૂમિકાની પ્રશંસા કરી હતી, પરંતુ પાકિસ્તાનનું નામ લીધું ન હતું. ત્યારબાદ પાકિસ્તાને કહ્યું હતું કે તે આ પ્રક્રિયામાં સક્રિય રીતે સંકળાયેલું છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રાજદૂત તાહિર અંદ્રાબીએ જણાવ્યું હતું કે પાકિસ્તાન બંને પક્ષો સાથે સતત સંપર્કમાં છે. તેમણે ઉમેર્યું હતું કે વ્યક્તિગત દેશો વ્યક્તિગત મુદ્દાઓ પર નેતૃત્વની ભૂમિકા ભજવે છે, પરંતુ વ્યાપક રીતે કહીએ તો, પાકિસ્તાન, કતાર અને અન્ય સાથીઓના પ્રયાસો સંકલિત અને સહયોગી પ્રયાસનો ભાગ છે.

એક પત્રકારે પૂછ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે થોડા દિવસો પહેલા અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ પ્રયાસોમાં ખાડી દેશોની ભૂમિકાની પ્રશંસા કેમ કરી હતી, પરંતુ પાકિસ્તાનનો ઉલ્લેખ કર્યો ન હતો. અંદ્રાબીએ જવાબ આપ્યો કે પાકિસ્તાન તેની ભૂમિકા ભજવી રહ્યું છે અને સંબંધિત પક્ષો સાથે વાતચીત ચાલુ રાખી રહ્યું છે.

VEHICLES ARE TRANSITIONING TOWARD ELECTRIC PLATFORMS

Designers and manufacturers of critical wiring harnesses, electric sensors and controllers, connectors and other electronic systems





Integrated Wiring Harnesses — Intelligent Electronics — EV Systems — Automotive Switches

- One of India's leading electrical and electronics ("E&E") companies (Source: CRISIL Report).
- Design, engineer, manufacture and supply critical wiring harnesses that integrate electronic sensors and controllers, switches, terminals, connectors, junction boxes, high-voltage interconnection systems and data cables, delivering application-specific architectures across platforms (Source: CRISIL Report).
- Serves both automotive and non-automotive applications, in line with the industry's shift in powertrain.
- Products also include battery packs, switches, sensors, controllers and power supply cords.
- As on March 31, 2026, had 22 operational manufacturing facilities, 3 engineering and design support centers and 7 warehouses across India and globally.

DHOOT TRANSMISSION
Harnessing Safety, Electrifying The Future
Dhoot Transmission Limited
www.dhoottransmission.com

**DHOOT TRANSMISSION LIMITED**, is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP dated August 3,2026 with the RoC. The RHP and Abridged Prospectus shall be available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.dhoottransmission.com and on the websites of the BRLMs, i.e. Axis Capital Limited, Jefferies India Private Limited, Kotak Mahindra Capital Company Limited, Nomura Financial Advisory and Securities (India) Private Limited, SBI Capital Markets Limited and 360 ONE WAM Limited at www.axiscapital.co.in, www.jefferies.com, https://investmentbank.kotak.com, www.nomuraholdings.com/company/group/ asia/india/index.html, www.sbicaps.com and www.360.one, respectively. Any potential Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "*Risk Factors*" on page 24 of the RHP. Potential Bidders should not rely on the UDRHP-I filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on the RHP, when filed, for making an investment decision.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act and referred to in the RHP as "**U.S. QIBs**"; for the avoidance of doubt, the term "**U.S. QIBs**" does not refer to a category of institutional investor defined under applicable Indian regulations and referred to in the RHP as "QIBs") in transactions exempt from, or not subject to, the registration requirements of the U.S. Securities Act; and (b) outside of the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act ("**Regulation S**") and the applicable laws of the jurisdiction where those offers and sales are made.

It is to be distinctly understood that the permission given by Stock Exchanges should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by Stock Exchanges nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to the Offer Document for the full text of the Disclaimer Clause of NSE and BSE Limited.

Adfactors 230/26 B

સૌરાષ્ટ્ર આસપાસ

# ગુજરાતમાં સેમિકન્ડક્ટર ડિઝાઈન ઈકોસિસ્ટમને વેગ આપવા ChipIN એક્સ્ટેન્શન સેન્ટર અને VLSI માટે સેન્ટર ઑફ એક્સેલન્સની પહેલ

## ગુજરાત સરકાર, GTU અને C-DAC બેંગલુરુ વચ્ચે સહયોગથી ગુજરાતમાં સેમિકન્ડક્ટર ડિઝાઈન ક્ષમતાઓને મળશે નવી દિશા

અમદાવાદ,

ભારતના ઝડપથી વિકસતા સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગુજરાતનું અગ્રણી સ્થાન વધુ મજબૂત બને તે દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૂરંદેશી માર્ગદર્શનમાં તથા વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના નેતૃત્વમાં ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અંતર્ગત ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM) દ્વારા ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU) અને સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઑફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ (C-DAC), બેંગલુરુના સહયોગથી પ્રસ્તાવિત ChipIN એક્સ્ટેન્શન સેન્ટર તથા VLSI ડિઝાઈન માટેના સેન્ટર ઑફ એક્સેલન્સ (CoE) માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ અને કિક-ઓફ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રીમતી પી. ભારતી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રીમતી નેહા કુમારી, IAS, મિશન ડિરેક્ટર, GSEM સહિત પ્રતિષ્ઠિત શિક્ષણવિદો, સંશોધકો, ઉદ્યોગ અગ્રણીઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

C-DAC બેંગલુરુના નિષ્ણાતોએ રાષ્ટ્રીય ChipIN પહેલ તથા તેના માધ્યમથી ઉપલબ્ધ અદ્યતન સેમિકન્ડક્ટર ડિઝાઈન સુવિધાઓ અંગે માહિતી આપી હતી. આ સુવિધાઓમાં Electronic Design Automation (EDA) ટૂલ્સ, High Performance Computing (HPC) સંસાધનો, સેમિકન્ડક્ટર IPs અને Tape-out Support જેવી અદ્યતન સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ ઓરિએન્ટેશન કાર્યક્રમમાં ગુજરાતની ૩૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓએ ભાગ લીધો હતો. સંસ્થાઓને સેમિકન્ડક્ટર સંશોધન, ચિપ ડિઝાઈન, નવીનતા, પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને કુશળ માનવબળના વિકાસ માટે ChipIN પ્લેટફોર્મનો લાભ લેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગુજરાતને સેમિકન્ડક્ટર ડિઝાઈનનું અગ્રણી હબ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ, પ્રસ્તાવિત ChipIN એક્સ્ટેન્શન સેન્ટર અને VLSI માટેનું CoE ગુજરાતમાં અદ્યતન સેમિકન્ડક્ટર ડિઝાઈન ક્ષમતાઓ વિકસાવવા માટે મહત્વપૂર્ણ માળખાકીય પહેલ બનશે. આ સેન્ટર દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ, MSMEs, સંશોધન સંસ્થાઓ અને ઉદ્યોગો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવામાં આવશે.

આ પહેલથી સંશોધનને પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને વ્યાવસાયિકીકરણ સાથે જોડવામાં મદદ મળશે તથા AI Accele®aors, AutomOive Electronics, RISC-V Processors, Embedded Systems અને IoT જેવા ઉભરતા ક્ષેત્રોમાં નવીનતા અને ચિપ ડિઝાઈનને પ્રોત્સાહન મળશે.

ગુજરાતમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે થઈ રહેલા ઝડપી વિકાસને ધ્યાનમાં રાખીને, ડિઝાઈન ક્ષમતાઓ અને કુશળ માનવબળનું નિર્માણ રાજ્યના સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવશે.

# સુરતના રઘુકુળ માર્કેટ પાસે ૮૬૪ મેટ્રિક ટન વજનવાળું ઓપન વેબ ગર્ડર સફળતાપૂર્વક ગોઠવાયું

## સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત એન્જિનિયરિંગ ક્ષેત્રે એક મહત્વની સફળતા હાંસલ કરવામાં આવી

સુરત,

ગુજરાત મહારાષ્ટ્ર મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત એન્જિનિયરિંગ ક્ષેત્રે સુરતમાં એક મોટી સફળતા હાંસલ કરવામાં આવી હતી જેમાં, શહેરના ખુબ ભીડભાળ વાળા વિસ્તારમાંથી એક એવા રઘુકુળ ટેક્સટાઈલ માર્કેટ પાસે કમેલા ખાડી પર ૮૬ મીટર લાંબા વિરાટ ઓપન વેબ ગર્ડરને અત્યાધુનિક ચાર તબક્કાવાર પદ્ધતિથી સફળતાપૂર્વક સેટ કરી સ્થાઈ કરવામાં આવ્યું છે.

સુરતના કમેલા ખાડીનો આ વિસ્તાર ભારે મશીનરી અને ક્રેનની અવરજવર માટે ખૂબ જ મર્યાદિત અને જટિલ ક્ષેત્ર માનવામાં આવે છે. રઘુકુળ ટેક્સટાઈલ માર્કેટ પાસે જમીનની સપાટીથી ૧૨.૪ મીટરની ઊંચાઈ પર આ ૮૬ મીટર લાંબા ગર્ડરને ફીટ કરવા માટે વિશેષ ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ભગીરથ કાર્યને પાર પાડવા માટે એસેમ્બલિંગ (ભાગોને ભેગા કરવા), લોન્જિટ્યુડિનલ પુલિંગ (લાંબી દિશામાં ખેંચવું), લિફ્ટિંગ (ઊંચકવું) અને ટ્રાન્સવર્સ શિફ્ટિંગ (સાઈડમાં ચોકસાઈપૂર્વક ગોઠવવું) જેવી ચાર અત્યાધુનિક તબક્કાવાર એન્જિનિયરિંગ પદ્ધતિઓ અપનાવવામાં આવી હતી, જે ઓગસ્ટ-૨૦૨૬માં સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, સુરત ખાતે મેટ્રો તંત્ર દ્વારા આ પહેલા પણ આવા જ મોટા એન્જિનિયરિંગ સીમાચિહ્નો સર કરવામાં આવ્યા છે. સરોલી સ્ટેશન પાસે પણ આ જ કદનું એટલે કે ૮૬ મીટર લાંબું અને ૮૬૪ મેટ્રિક ટન વજન ધરાવતું ભવ્ય ગર્ડર જમીનથી ૧૫ મીટરની ઊંચાઈએ નવેમ્બર-૨૦૨૫માં સફળતાપૂર્વક લોન્ચ કરાયું હતું.

# નવસારીના ઈતિહાસમાં પ્રથમ વખત શહેરી વિસ્તારમાં લેપટોસ્પાઈરોસીસનો પોઝિટિવ કેસ

નવસારી,

દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની ઋતુની શરૂઆત સાથે જ આરોગ્ય ક્ષેત્રે એક અત્યંત ચોંકાવનારા અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અત્યાર સુધી માત્ર ગામડાઓની લીલીછમ હરિયાળી, કાદવ-કીચડ અને ખેતરો સુધી સીમિત મનાતો ગંભીર ‘લેપટોસ્પાઈરોસીસ’ રોગ હવે ગ્રામીણ સીમાડા ઓળંગીને શહેરની ચોકડીઓ સુધી પહોંચી ગયો છે. નવસારીના ઈતિહાસમાં પ્રથમ વખત શહેરી વિસ્તારમાં લેપટોસ્પાઈરોસીસનો પોઝિટિવ કેસ નોંધાતા સમગ્ર ચિકિત્સા આલમમાં ભારે અફડાતફડી મચી ગઈ છે. આ ચોંકાવનારી બાબતની સત્તાવાર પુષ્ટિ નવસારી સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડોક્ટર વિરેન્દ્રસિંહ દ્વારા કરવામાં આવી છે, જેને પગલે આરોગ્ય તંત્ર ત્વરિત હરકતમાં આવી ગયું છે.

લેપટોસ્પાઈરોસીસ એ નામના ખતરનાક બેક્ટેરિયાથી થતો એક જટિલ ચેપી રોગ છે, જે મુખ્યત્વે સંક્રમિત ઉંદર, ગાય, ભેંસ કે કૂતરા જેવા પ્રાણીઓના પેશાબ મારફતે પાણી અને માટીમાં ભળે છે. અત્યાર સુધી ખેતરોમાં દૂષિત પાણી વચ્ચે સતત કામ કરતા ખેડૂતો અને પશુપાલકો જ આનો ભોગ બનતા હતા. પરંતુ નવસારી શહેરમાં ચોમાસા દરમિયાન રસ્તાઓ પર ભરાતા વરસાદી પાણી, ખુલ્લી ગટરો અને શહેરી વિસ્તારોમાં વધેલા ઉંદરોના ઉપદ્રવે આ રોગને શહેરમાં પગપેસારો કરવાનો માર્ગ બનાવી આપ્યો છે. દૂષિત પાણીના સંપર્કથી શહેરીજનો પણ હવે આ રોગની ઝપેટમાં આવી રહ્યા છે.

# હોટેલ, રેસ્ટોરન્ટ અને વેપારીઓને માત્ર શુદ્ધ અને પ્રમાણિત ખાદ્યસામગ્રી જ વાપરવા કડક આદેશ

## રાજ્યવ્યાપી દરોડામાં ૮૪૨ વેપારી પેઢીઓની તપાસમાં ૧૭૦૫ કિ.ગ્રા બનાવટી ડેરી એનાલોગ જપ્ત કરી સ્થળ પર નાશ કરાયો

અમદાવાદ,

રાજ્યના નાગરિકોને શુદ્ધ, સાત્વિક અને ગુણવત્તાયુક્ત ખાદ્યપદાર્થો મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં અને આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની કડક સૂચનાથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA) દ્વારા સમગ્ર રાજ્યમાં બનાવટી ‘ડેરી-એનાલોગ્સ’ (ચીઝ એનાલોગ / પનીર એનાલોગ) સામે સઘન દરોડા અને તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

આ ઝુંબેશ ભાગરૂપે તા. ૦૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સૌથી વધુ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ૪૭૧ કિ.ગ્રા રૂ.૧.૫ લાખનો, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ૨૩૫ કિ.ગ્રા રૂ. ૫૮ હજારથી વધુની કિમતનો, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ૧૧૫ કિ.ગ્રા રૂ.૩૦ હજારથી વધુની કિમતનો ‘ડેરી-એનાલોગ્સ’નો નાશ કરાયો હતો.

આ ઉપરાંત તા. ૦૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સૌથી વધુ જૂનાગઢ જિલ્લામાંથી ૫૮૫ કિ.ગ્રા રૂ.૨.૦૪ લાખથી વધુ કિમંતનો, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ૨૭ કિ.ગ્રા રૂ.૬૭૫૦, જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૯ કિ.ગ્રા રૂ.૬૫૦૦ ની કિમતનો ‘ડેરી-એનાલોગ્સ’ નાશ કરવામાં આવ્યો હતો. આમ આ ઝુંબેશ હેઠળ તંત્રની વિવિધ ટુકડીઓ દ્વારા છેલ્લા બે દિવસમાં તા. ૦૬ અને તા. ૦૭ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન રાજ્યભરમાં કુલ ૮૪૨ પેઢીઓમાં આકસ્મિક ચકાસણી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોગ્ય માટે હાનિકારક અને ભેળસેળયુક્ત એવો કુલ ૧,૭૦૫ કિલોગ્રામ અંદાજિત રૂ. ૫.૨૮ લાખ કિંમતનો પનીર/ચીઝ એનાલોગ જથ્થો પકડી પાડી સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો

આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયા વેપારીઓ સામે રાજ્ય સરકાર ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી રહી છે.

# નેશનલ હેન્ડલુમ ડે અવસરે મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં હેન્ડલુમ પ્રોડક્ટની ખરીદી કરી



ગાંધીનગર,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ઉજવાઈ રહેલા નેશનલ હેન્ડલુમ ડે અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ગરવી ગુર્જરીની મૂલાકાત લઈને હાથશાળ ઉત્પાદનોની ખરીદી કરી હતી.

વડાપ્રધાનશ્રીએ આ વર્ષે નેશનલ હેન્ડલુમ ડે અવસરે દેશવાસીઓને હેન્ડલુમ પ્રોડક્ટ ખરીદીને ગ્રામીણ ગરીબોની આવક વૃદ્ધિમાં સહભાગી બનવા સાથે આપણા સમૃદ્ધ હાથવણાટ વારસાને પ્રોત્સાહન આપવા અપીલ કરી છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીની આ અપીલ ઝિલી લઈને ગાંધીનગરમાં રાજ્ય સરકારના સાહસ ગરવી ગુર્જરીમાંથી હેન્ડલુમ પ્રોડક્ટની ખરીદી કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ગરવી ગુર્જરીના કર્મયોગીઓ સાથે સંવાદ કરીને વેચાણ માટે મૂકવામાં આવેલી વિવિધ હેન્ડલુમ પ્રોડક્ટની જાણકારી મેળવી હતી.

મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ તથા ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા નિગમ ગરવી ગુર્જરીના એમ.ડી. અને સચિવ શ્રીમતી આદ્રા અગ્રવાલ પણ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

આપણી સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતના પ્રતીક અને કલાત્મક્તા સાથે ગ્રામીણ અર્થતંત્રનો આધાર બની રહેલા હાથવણાટ-હાથસાળ ઉત્પાદનોને વોકલ ફોર લોકલથી વિશ્વ બજાર આપવાની વડાપ્રધાનશ્રીની નેમ છે.

# સુરત : ટ્રકમાં ચોખાની પાપડીની આડમાં છુપાવેલ રૂ.૪.૦૪ કરોડનો પોષ ડોડાનો જથ્થો ઝડપાયો

## એલસીબીની ટીમે મુદ્દામાલ સાથે એક શખ્સનીી અટકાયત કરી







સુરત,

સુરત શહેરમાં નશાના કારોબાર સામે લોકલ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. એલસીબીની ટીમે એક્સપ્રેસ-વે પરથી પસાર થઈ રહેલા ટ્રકમાં દરોડો પાડી અંદાજે રૂ.૪.૦૪ કરોડનો પોષ ડોડાનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ટ્રક સાથે સમગ્ર મુદ્દામાલ જપ્ત કરીને એક આરોપીની અટકાયત કરી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ ટ્રકમાં ભરેલી ચોખાની પાપડીના જથ્થા પાછળ ખૂબ જ ચાલાકીપૂર્વક પોષ ડોડો સંતાડ્યો હતો, જેથી પોલીસ અથવા ચેકિંગ એજન્સીઓને શંકા ન જાય. જોકે,એલસીબીને મળેલી ચોક્કસ બાતમીના આધારે ટ્રકને રોકી તપાસ કરતાં સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટી ગયો.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે રાજસ્થાનના ટ્રક ચાલકની અટકાયત કરી છે. તેની પૂછપરછના આધારે આ નશીલો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે. પોલીસે ટ્રક સહિત કુલ રૂ.૪.૦૪ કરોડનો મુદ્દામાલ કબજે કરીને આરોપી સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. હવે સમગ્ર સપ્લાય ચેઈન, મુખ્ય સૂત્રધારો અને આ નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય લોકો સુધી પહોંચવા માટે તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે.

# હથિયાર પરવાનો અપાવવાના બહાને કુડાસણના ખેડૂત સાથે ૧૫ લાખની છેતરપિંડી

## આરોપીઓએ ૪.૭૦ લાખની ખંડણી માંગી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી

ગાંધીનગર,

કુડાસણ ખાતે રહેતા અને અડાલજ તેમજ પોર ગામમાં કરોડો રૂપિયાની કિંમતી જમીન ધરાવતા યુવાન ખેડૂત સાથે હથિયારનો પરવાનો અપાવવાની લાલચ આપી ૧૫ લાખ રોકડા પડાવી લેવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સ્વરક્ષણ માટે પરવાનો મેળવવાની ઘેલછામાં ઠગાઈનો ભોગ બનેલા ખેડૂતે જ્યારે પોતાના નાણાં પરત માંગ્યા, ત્યારે આરોપીઓએ વધુ ૪.૭૦ લાખની ખંડણી માંગીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર મામલે ઈન્ફોસિટી પોલીસે ચાર શખ્સો સામે છેતરપિંડી અને ખંડણીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કુડાસણની કેશવ આરાધ્યમ સોસાયટીમાં રહેતા ૩૩ વર્ષીય જય રાજેન્દ્રકુમાર પટેલ ખેતીનો વ્યવસાય કરે છે. પોર અને અડાલજ ગામની સીમમાં તેમની કરોડો રૂપિયાની વડીલોપાર્જિત જમીન આવેલી હોવાથી અસામાજિક તત્વો દ્વારા જમીન હડપ કરવાના કાવતરાંની આશંકાને કારણે તેઓ પોતાની સુરક્ષા માટે ચિંતિત હતા. એપ્રિલ-૨૦૨૬ દરમિયાન તેમણે આ અંગે પોતાના મિત્ર કૃષ્ણકાંત પારસનાથસિંહ રાજપૂત સાથે વાતચીત કરી હતી. કૃષ્ણકાંતે ગાંધીનગરમાં ઉચ્ચ સરકારી અધિકારીઓ સાથે સારી ઓળખાણ હોવાનો દાવો કરીને સ્વરક્ષણ માટે હથિયારનો પરવાનો અપાવવાની ઓફર કરી હતી.

# અમદાવાદમાં વેપારીઓને રાહત, સીલ કરાયેલી દુકાનો ખુલશે પણ ફટાકડા વેચશે તો કડક કાર્યવાહી થશે





અમદાવાદ,

અમદાવાદના રામોલ વિસ્તારમાં ફટાકડાની ફેક્ટરીમાં સર્જાયેલી આગ બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનએ ગેરકાયદેસર અને નિયમોનો ભંગ કરતી અનેક સિઝનલ દુકાનો અને એકમો સામે કાર્યવાહી કરીને તેમને સીલ કર્યા હતા. આ કાર્યવાહી બાદ શહેરમાં ફટાકડાના વેચાણ અને સંગ્રહ અંગે કડક ચેકિંગ હાથ ધરાયું હતું.

તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખીને એએમસીએ હવે સીલ કરાયેલી સિઝનલ દુકાનોને શરતી ધોરણે ફરી શરૂ કરવાની મંજૂરી આપી છે. જોકે, વેપારીઓ હાલ માત્ર રાખડી અને અન્ય સિઝનલ વસ્તુઓનું જ વેચાણ કરી શકશે. ફટાકડાનું વેચાણ કરવાની કોઈ મંજૂરી આપવામાં આવી નથી. તંત્રે સ્પષ્ટ કર્યું છે કે ફટાકડાના વેચાણ માટે જરૂરી તમામ નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે. ફટાકડા વેચવા માટે સંબંધિત ત્રણ પ્રકારની મંજૂરી લેવી પડશે અને નવી ફાયર એનઓસી મેળવવી પણ ફરજિયાત રહેશે.

દુકાન ફરી શરૂ કરતા પહેલા વેપારીઓએ એએમસી સમક્ષ બાંયધરી બોન્ડ રજૂ કરવાનો રહેશે. જેમાં તેઓ ફટાકડાનું વેચાણ નહીં કરે અને કોર્પોરેશનના તમામ નિયમોનું પાલન કરશે તેવી લેખિત ખાતરી આપવી પડશે. નિયમોના ભંગ બદલ ફરી કડક કાર્યવાહી કરવામાં આવશે. એએમસીએ જણાવ્યું છે કે રક્ષાબંધન બાદ ફરી એકવાર શહેરભરમાં સઘન તપાસ અભિયાન હાથ ધરવામાં આવશે. જો કોઈ વેપારી નિયમોનો ભંગ કરીને ગેરકાયદેસર રીતે ફટાકડાનું વેચાણ કરતો ઝડપાશે તો તેની સામે દંડનીય અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# રાજ્યમાં ૧૪ હજારથી વધુ બાયોગેસ પ્લાન્ટ કાર્યરત, નવા ૨૦ હજાર પ્લાન્ટની કામગીરી પ્રગતિમાં

## સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ લાભાર્થીને બાયોગેસ પ્લાન્ટ માટે રૂ. ૨૫ હજારની સહાય

ગાંધીનગર,

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત રાજ્યમાં ‘ગોબરધન યોજના’ પશુપાલકો અને ખેડૂતોના જીવનમાં નવો ઉજાસ લાવી રહી છે. આ યોજના અંતર્ગત રાજ્યમાં વર્ષ ૨૦૨૩-૨૪થી અત્યાર સુધીમાં કુલ ૮૮ ક્લસ્ટરોમાં ૧૪ હજારથી વધુ બાયોગેસ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. જ્યારે વર્ષ ૨૦૨૬-૨૭ માટે આ યોજનાને સતત અમલીકરણ સ્વરૂપે આગળ ધપાવીને રાજ્યમાં રૂ. ૨૫ કરોડના ખર્ચે વધુ ૨૦ હજાર વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના પરિણામે ગ્રામીણ સ્વચ્છતા, સ્વચ્છ ઊર્જા, સેન્દ્રિય ખાતરનો ઉપયોગ અને સર્ક્યુલર ઈકોનોમીને નવી ઊંચાઈ મળશે. આમ, ગોબરધન યોજના એ ગ્રામીણ ગુજરાતના ‘ગ્રીન’ ફ્યુચર તરીકે પ્રસ્થાપિત થઈ રહી છે.

નોંધનીય છે કે, તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે રૂ. ૨૩,૭૩૧ કરોડના કુલ ખર્ચ સાથે રાષ્ટ્રીય સર્ક્યુલર બાયોએનર્જી સ્કીમ ’ઁ૭ઈજ્ઞરફહ’ને મંજૂરી આપી છે.

ગુજરાતે આ યોજનાના અસરકારક અમલીકરણ માટે ખાસ ક્લસ્ટર મોડલ અપનાવ્યું છે. જે અંતર્ગત રાજ્યમાં ફેઝ-૧માં ૩૮ ક્લસ્ટર હેઠળ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (દ્ગડ્ઢમ્), અમૂલ, બનાસ અને દૂધસાગર ડેરી જેવી નોડલ એજન્સીઓ મારફતે ૭,૪૨૩ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવ્યા છે. જ્યારે ફેઝ-૨માં રાજ્ય સરકારના ૧૦૦ ટકા ફાળા હેઠળ ૫૦ ક્લસ્ટરમાં ૧૦ હજાર વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. જે અંતર્ગત ય્ઝ્રસ્સ્હ્લ અને જિલ્લા દૂધ સંઘોના સંકલન સાથે અત્યાર સુધીમાં ૭૦ ટકા જેટલા એટલે કે ૭ હજાર જેટલા બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત થઈ ચૂક્યા છે. આમ, બંને તબક્કામાં કુલ ૧૪ હજાર કરતાં વધુ બાયોગેસ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે.આ યોજના હેઠળ રાજ્યમાં ૨ ઘનમીટર ક્ષમતા ધરાવતા આધુનિક ફ્લેક્સી પ્રકારના બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવે છે. ગોબરધન યોજનાથી સ્વચ્છતા અને સમૃદ્ધિઃ મંજુલાબેન બારડની પ્રેરણાદાયી ગાથા

સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકામાં આવેલા રંગપુર ગામના રહેવાસી મંજુલાબેન દેડાભાઈ બારડનો પરિવાર પશુપાલન સાથે જોડાયેલો છે. અગાઉ પશુઓના છાણનો જાહેરમાં સંગ્રહ થવાને કારણે ગંદકી, દુર્ગંધ અને માખી-મચ્છરોનો ઉપદ્રવ વધતો હતો, જે પર્યાવરણ અને આરોગ્ય માટે ચિંતાનો વિષય બન્યો હતો. વર્ષ ૨૦૨૫-૨૬માં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ, સરકારના સહયોગથી તેમના ઘરે ગોબરધન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો હતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગિફ્ટ સિટી ખાતે વિકસિત ગુજરાત સમિટનું આયોજન

## AI, સેમિકન્ડક્ટર, સાયબર સિક્યોરિટી અને સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા અદ્યતન વિષયો પર થયું મંથન





ગાંધીનગર,

ગુજરાતને વૈશ્વિક કક્ષાએ વધુ સ્પર્ધાત્મક અને નવીન ટેકનોલોજી થકી વિકસિત બનાવવાના હેતુસર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે ’વિકસિત ગુજરાત સમિટ ૨૦૨૬’નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ’પોલિટિક્સ ઓફ પરફોર્મન્સ’થી વિકાસની રાજનીતિ અને વિકાસની બહુ સરળ સમજ આપી છે. ’વિકસિત ભારત, વિકસિત ગુજરાત’ એટલે આર્થિક વિકાસ સહિત સર્વાંગી વિકાસનું એવું વિઝન જેમાં દરેક નાગરિકને સમાન તક, ક્વોલિટી લાઈફ અને બ્રાઈટ ફ્યુચર-ઉજ્જ્વળ ભવિષ્ય મળી રહે.

મુખ્યમંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીએ નાનામાં નાના માનવી સુધી વિકાસના લાભ પહોંચાડવા માટે ’સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ’ નો કાર્યમંત્ર આપ્યો છે.

૭ ઓગસ્ટ ’નેશનલ હેન્ડલૂમ ડે’ અંગે તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ દેશનું શાસન સંભાળ્યાના બીજા વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૫ થી આ દિવસની ઉજવણી શરૂ કરાવી છે. ’વોકલ ફોર લોકલ’ નો અભિગમ અપનાવીને હાથવણાટના કારીગરો સહિત અંત્યોદયના આર્થિક-સામાજિક વિકાસ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ બનાવીને નાના કારીગરોના ઉત્પાદનોને વિશ્વ બજાર પૂરું પાડ્યું છે અને વિકાસના નવા દ્વાર ખોલી આપ્યા છે.

# કોર્ટમાં એ-૪ પેપર, ચોક્કસ ફોન્ટ અને કોમ્પ્યુટરાઈઝ્ડ અરજીઓ : સર્ક્યુલર અમલના પુનર્વિચારની માંગ

## રાજકોટ બાર એસો. દ્વારા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અને યુનિટ જજને રજુઆત

રાજકોટ: ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. ૧૫ એપ્રિલ, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા સર્ક્યુલર નં. સી-૨૦૦૨/૨૦૨૬ની તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૬થી અમલવારી શરૂ કરવામાં આવતા વકીલોમાં મુશ્કેલી વધ્યાની માહિતી મળી છે. આ બાબતે રાજકોટ બાર એસો. દ્વારા ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ, હાઈકોર્ટના જસ્ટિસ અને રાજકોટના યુનિટ જજ ઈલેશ વોરાને રાજકોટના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ મારફતે રજુઆત કરી છે.



રાજકોટ બારના ઇન્ચાર્જ પ્રમુખ સિધ્ધરાજસિંહ જાડેજા, સેક્રેટરી નિલેશ પટેલે રજુઆતમાં જણાવેલ છે કે, ખાસ કરીને એ-૪ સાઈઝના કાગળમાં આગળ-પાછળ પ્રિન્ટ, ચોક્કસ નિર્ધારિત ફોન્ટનો ઉપયોગ તથા અરજીઓ કોમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપ કરીને રજૂ કરવાની ફરજને કારણે વકીલોને રોજિંદા કોર્ટ કામકાજમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી સર્ક્યુલરના અમલ અંગે પુનર્વિચાર કરવા માંગ કરવામાં આવી છે.

કોર્ટમાં રોજિંદા કામકાજ દરમિયાન આરોપીની ગેરહાજરીની અરજી, મુદતની અરજી સહિતની અનેક રૂટીન અરજીઓ તાત્કાલિક રજૂ કરવાની જરૂર પડતી હોય છે. ઘણી વખત આરોપીની ગેરહાજરી અંગેની જાણકારી વકીલને કોર્ટમાં પહોંચ્યા બાદ જ થતી હોય છે. આવી સ્થિતિમાં તાત્કાલિક કોમ્પ્યુટર ઉપર અરજી ટાઈપ કરી, નિર્ધારિત ફોન્ટમાં પ્રિન્ટ કાઢી કોર્ટમાં રજૂ કરવી મુશ્કેલ બને છે. આ સમસ્યાથી સિનિયર તેમજ જુનિયર બંને વકીલોને મુશ્કેલી પડી રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

વકીલોએ જણાવ્યું છે કે, સર્ક્યુલરના અમલ પહેલાં આવી સામાન્ય અરજીઓ માટે વકીલો પ્રિન્ટેડ અરજીના ફોર્મેટ તૈયાર રાખતા હતા. કોર્ટમાં પહોંચ્યા બાદ તેમાં કોર્ટનું નામ, કેસ નંબર, પક્ષકારનું નામ, ગેરહાજરીનું કારણ કે અન્ય જરૂરી વિગતો હાથેથી ભરીને તાત્કાલિક અરજી રજૂ કરવામાં આવતી હતી. સિવિલ કેસો સહિત અન્ય કેસોમાં પણ આ પદ્ધતિથી કામગીરી સરળતાથી ચાલતી હતી.

આથી ગેરહાજરી, મુદત સહિતની રૂટીન અરજીઓ માટે પ્રિન્ટેડ ફોર્મેટમાં જરૂરી વિગતો ભરી અરજી રજૂ કરવાની પરવાનગી આપવામાં આવે તો કોર્ટની કામગીરી પણ ઝડપી અને સરળ બની શકે તેવી માંગ કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટના સર્ક્યુલરમાં ગુજરાતી ભાષા માટે લોહીત ગુજરાતી, નોટો સન્સ ગુજરાતી તથા નોટો સેરિફ ગુજરાતી જેવા નિર્ધારિત ફોન્ટનો ઉપયોગ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.તેના બદલે સ્થાનિક બારમાં લાંબા સમયથી પ્રચલિત અન્ય ગુજરાતી ફોન્ટનો પણ ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવે તેવી વકીલો દ્વારા માંગણી કરવામાં આવી છે. રજૂઆતના અંતે વકીલોની વ્યવહારુ મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ સર્ક્યુલરની અમલવારી મોકૂફ રાખવા અથવા તેમાં જરૂરી સુધારા કરી હાલની મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે.

# ફૂડ વિભાગ દ્વારા હવે મીઠાઈના ધંધાર્થીઓનો વારો

## કનૈયા ડેરીમાંથી ૯૫ કિલો માલનો નાશ:ઘી અને માવાના નમુના લેવાયા, વાહેગુરૂ એન્ટરપ્રાઈઝમાંથી પણ ૧૫ કિલો ફૂડ ફેંકી દેવાયું



રાજકોટ: રાજકોટ મહાનગરમાં ભેળસેળવાળા, વાસી અને પડતર ખાદ્ય પદાર્થો પકડીને નાશ કરવા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તેમાં ગઈકાલે આજી ડેમ ચોકડી પાસે માનસરોવર પાર્કમાં આવેલ કનૈયા ડેરી ફાર્મમાં પોલીસ અને મહાપાલિકાની આરોગ્ય શાખાએ દરોડો પાડીને વાસી પેંડા અને પડતર મીઠાઈ વેચવાનું કારસ્તાન પકડી પાડયું છે.

આ જગ્યાએથી ૯૫ કિલો વાસી જથ્થાનો નાશ કરી નમુના લેવામાં આવ્યા છે. તો ડ્રાઈવમાં અલગ અલગ સ્થળેથી કુલ ૧૧૩ કિલો વાસી જથ્થો ફેંકી દેવામાં આવ્યો હતો. રાજ્ય ના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સમગ્ર રાજ્યમાં એનાલોગ ડેરી ઉત્પાદનોના ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ તેમજ પરિવહન પર તત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.

જે અન્વયે ફૂડ વિભાગ દ્વારા શહેરના તમામ ફૂડ બિઝનેસ ઓપરેટરો જેમકે રિટેલ, હોલસેલ વેચાણ કરતાં તેમજ હોટેલ, રેસ્ટોરન્ટ, કેટરર્સ અને કેન્ટીન કે ક્લાઉડ કિચન દ્વારા વાનગી બનાવવા માટે એનાલોગ ડેરી પ્રોડક્ટ્સનો ઉપયોગ ન કરવા આદેશ આપવામાં આવ્યો છે.

તે અંતર્ગત સર્વેલન્સ ચેકિંગ દરમિયાન કુલ ૭૮ પેઢીમાં તપાસ કરતા કુલ ૧૧૩ કિલો અખાદ્ય-વાસી જથ્થાનો નાશ કર્યો હતો. તેમાં કુલ ૧૬ પેઢીને સ્ટોરેજ, લાઈસન્સ, હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપી રૂ.૨૧,૫૦૦નો વહીવટી ચાર્જ લઈ ચાર નમૂના લેવામાં આવ્યા છે.

આજી ચોકડી પાસે મહિકા રોડ, માનવસરોવર પાર્કમાં દિનદયાળ ઈન્ડ. એરીયા-૧, શેરી નં.૩માં આવેલી કનૈયા ડેરી ફાર્મમાં આજી ડેમ પોલીસ અને મનપાની ફૂડ શાખાએ દરોડો પાડયો હતો. પીઆઈ હરેશ પટેલને મળેલી બાતમીના આધારે આ રેડ કરવામાં આવતા ત્યાં ફૂડ અધિકારીઓએ તપાસ કરી હાઈજીનિક કન્ડિશન તથા લાયસન્સ બાબતે નોટીસ આપી હતી.

તો સ્થળ પર સંગ્રહ કરેલ વાસી, પડતર માવાના પેંડા, કેસર પેંડા, મિક્સ પડતર મીઠાઈ, પડતર શ્રીખંડનો કુલ મળી ૯૫ કિલો પડતર વાસી જથ્થો નાશ કર્યો હતો. રૂ.૫,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરી પેઢીમાંથી (૧)શુદ્ધ ઘી (લુઝ) તથા (૨)મોળો માવો (લુઝ)ના બે નમુના લેવામાં આવ્યા છે.

મવડીના ઉદયનગર, વિનાયકનગરમાં આવેલ જલારામ ઘી ડેપોમાંથી (૧)નમિત બ્રાન્ડ કાઉ ઘી તેમજ (૨)શ્રીકાંત બ્રાન્ડ કાઉ ઘીના બે સેમ્પલ લેવાયા છે. તો નવાગામ ૪૦ના રોડ પર સમજુ પાર્ક પાસેના વાહેગુરૂ એન્ટરપ્રાઈઝમાં પણ નોટીસ આપી ૧૫ કિલો ફૂડનો નાશ અને ૧૦ હજારના વહીવટી ચાર્જની વસુલાત, શીતલ પાર્ક પાસે પિયુગ કેફેને નોટીસ આપી ત્રણ કિલો વાસી ફૂડના નાશ કરી રૂા.૫૦૦નો વહીવટી ચાર્જ લેવાયો હતો.

અન્ય દંડનીય કાર્યવાહી:આરોગ્ય શાખાએ વાવડી, શીતલ પાર્ક, ગોંડલ રોડ ચોકડી, અયોધ્યા ચોક, પુષ્કરધામ મેઈન રોડ, રૈયાધાર, જેએમસી નગર, રોલેક્ષ રોડ, વાવડી ૪૦ ફુટ રોડ, બોલબાલા માર્ગ, માધવ પાર્ક, જીવરાજપાર્ક, કાલાવડ રોડ સહિતના વિસ્તારોમાં ૭૮ પેઢીમાં તપાસ કરી હતી અને નોટીસ, ચેકીંગ અને વસુલાતની કામગીરી કરવામાં આવી હતી. તેમાં પટેલ ગોલા, ચામુંડા ગાંઠીયા, શ્રી હરી પાર્લર, યોગી જનરલ સ્ટોર, શ્રીનાથજી માર્ટ, જય ખોડીયાર ડેરી, કૈલાસ કોલ્ડ્રીંક્સ, પટેલ કોન્ડ્રીંક્સ, શિવ પાન, ગીરીરાજ ગૃહઉદ્યોગ, શ્રેયસ ટ્રેડલીક, કિરણ કાર્ટ ટેકનોલોજી, પટેલ ગાંઠીયાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત જુદા જુદા રોડની ડઝનબંધ પેઢીઓમાં તપાસ કરાઈ હતી. ના.આરોગ્ય અધિકારી ડો. હાર્દિક મેતાએ કહ્યું હતું કે, તહેવારના દિવસોમાં હવે મીઠાઈનું વેંચાણ વધશે. આથી તેમાં એનાલોગ પનીરનો ઉપયોગ થતો નથી ને તે ચકાસવા ડેરીથી માંડી હોટલો સુધી તપાસ ચાલુ છે. ઉત્પાદકો અને વિક્રેતાઓને ત્યાં પણ ચેકીંગ ચાલુ છે. તો મીઠાઈ પર બેસ્ટ બીફોરના નિયમનો અમલ કરાવવા પણ ટીમ કામ કરી રહી છે.

# શ્રી શ્યામ ટ્રાન્સપોર્ટ પેઢીનો રૂ. ૨.૩૭ કરોડનો બ્રાસ સ્ક્રેપ સગેવગે થાય તે પૂર્વે પોલીસે પકડી લીધો

રાજકોટ:ઢેબર રોડ પર આવેલી શ્રી શ્યામ ટ્રાન્સપોર્ટ પેઢીનો રૂ. ૨.૩૭ કરોડનો ૨૫૫૪૧ કિલોગ્રામ બ્રાસ સ્ક્રેપ ટ્રક ચાલક અને ક્લિનર ઓળવી ગયા હતા. ટ્રક ડ્રાયવર અને ક્લિનરે માલ જામનગર નહિ પહોંચાડી બારોબાર બ્રાસ સ્ક્રેપ કાઢી ટ્રક ઢેબર રોડ પર રેઢો મૂકી દીધો હતો. જે મામલે ભક્તિનગર પોલીસે ત્વરિત કાર્યવાહી કરી રૂ.૨.૨૧ કરોડના બ્રાસ સ્ક્રેપ સાથે ઠગ ગેંગના બે શખ્સોને અમુલ સર્કલ નજીકથી ઝડપી લીધા હતા. જયારે ડ્રાયવર-ક્લિનરની શોધખોળ યથાવત રાખી હતી.

બનાવ અંગે ગોંડલના હડમતાળા ગામે રહેતા અને રાજકોટના ઢેબર રોડ પર આવેલ શ્રી શ્યામ ટ્રાન્સપોર્ટ પેઢીમાં મેનેજર તરીકે નોકરી કરતા પૃથ્વીરાજસિંહ રેવતુભા જાડેજાએ આરોપી તરીકે આરજે-૫૨-જીએ-૪૪૧૩ નંબરના ટ્રકના ચાલક મનોહરસિંગ કરણસિંગ અને ક્લિનર પ્રતાપસિંગનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ અઢી વર્ષથી શ્રી શ્યામ ટ્રાન્સપોર્ટ એન્જસીમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે.

આ પેઢીના માલિક નીતીનભાઈ રૂડકીવાલા છે, જેઓ દિલ્લી ખાતે રહે છે. ટ્રાન્સપોર્ટ પેઢીની મેઈન ઓફિસ દિલ્લીમાં છે, જેની પેટા ઓફિસ અમદાવાદ, રાજકોટ તથા જામનગરમાં આવેલ છે. ટ્રાન્સપોર્ટનું કામ એક પાર્ટીનો માલ ભરી બીજી પાર્ટીને પહોંચાડવાનો છે, માલ ભરાયા બાદથી પહોંચે ત્યા સુધીની માલની તમામ જવાબદારી ટ્રાન્સપોર્ટની રહેતી હોય છે.ગઈ તા.૩૧ ના રાત્રીના સાડા નવેક વાગ્યા આસપાસ દિલ્લી ખાતેની ટ્રાન્સપોર્ટ ઓફિસ ખાતેથી ટ્રક રજી નં. આરજે-૫૨-જીએ-૪૪૧૩ મા આશરે ૨૭ ટન જેટલો બ્રાસ સ્ક્રેપનો માલ લોડ થઈ અને રાજકોટ આવવા નીકળેલ હતો. જે ટ્રકમા ડ્રાઈવર તરીકે મનોહરસિંગ કરણસિંગ તથા કલીનરમાં પ્રતાપસિંગ હતા. જે ટ્રકમાં લોડ થયેલ માલ પૈકી બે ટન માલ રાજકોટની જુદી-જુદી પાર્ટીનો હતો તથા બાકીનો અંદાજીત ૨૫ ટન માલ જામનગરની જુદી જુદી પાર્ટીનો હતો.

ગઈ તા.૦૪ ના બપોરના સમયે બ્રાસ સ્ક્રેપના માલ સાથેનો ટ્રક રાજકોટ ખાતે આવ્યો હતો. જે ટ્રકમાંથી બે ટન માલ ઉતરાવી બાકીનો ૨૫ ટન માલ જામનગર પહોંચાડવા ડ્રાઈવર મનોહરસિંગ અને ક્લિનર પ્રતાપસિંગ નીકળ્યા હતા. તા.૦૫ ના સવારના સમયે તેઓ ઓફિસે હતો ત્યારે ટ્રકમાં એલાયન્સ મેટલનો માલ હોય જેથી એલાયન્સ મેટલમાથી માલ નહિ મળ્યા અંગેનો ફોન આવ્યો હતો. જેથી તપાસ કરતા જે ટ્રકમાં ૨૫ ટન માલ ભરેલ હતો તે ટ્રક પાર્કિંગમાં પડેલ મળ્યો હતો પણ ટ્રકમાં કોઈ માલ ન હતો.

જેથી ટ્રકના ડ્રાયવર-ક્લિનરને ફોન કરતા બંનેના મોબાઈલ સ્વીચ ઓફ આવતા હતા. ટ્રક ચેક કરતા તેમાંથી જામનગરની જે-જે પાર્ટીનો માલ હતો તેની બિલટીની ફાઈલ મળી આવેલ હતી. જેથી ટ્રક ડ્રાયવર-ક્લિનરે મીલીભગત કરી રૂ. ૨,૩૭,૩૩,૧૩૪ ની કિંમતનો ૨૫૫૪૧.૭૫ કિલોગ્રામ બ્રાસ સ્ક્રેપ બારોબાર ઓળવી ગયા અંગે મેનેજરે ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ જયદીપસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ સુખદેવસિંહ ગોહિલની ટીમે તપાસ હાથ ધરી અમુલ સર્કલ નજીકથી રૂ. ૨.૨૧ કરોડનો બ્રાસ સ્ક્રેપ સાથે બે શખ્સોની ધરપકડ કરી લીધી હતી. આ બંને શખ્સોને ટ્રકના ડ્રાયવર-ક્લિનરે છેતરપિંડીથી મેળવેલ બ્રાસ સ્ક્રેપનો જથ્થો હેન્ડઓવર કર્યો હોય અને તે બંને બ્રાસ સ્ક્રેપ લઈ પોબારા ભણી જાય તે પૂર્વે જ ભક્તિનગર પોલીસે બંને શખ્સોને દબોચી લીધા હતા. જયારે ટ્રક ચાલક અને ક્લિનરની શોધખોળ યથાવત રાખી હતી.

# હરરાજી બાદ હવે લોકમેળાના સ્ટોલ - પ્લોટનો કબ્જો સોંપવા માટે કલેકટર તંત્રની તૈયારી

## બાકી રહેલા ૧૧ સ્ટોલની બે - ત્રણ દિ'માં વેપારીઓને ફાળવણી: મેળાનું આકર્ષક શિર્ષક પણ ટુંક સમયમાં કરાશે જાહેર

રાજકોટ:રાજકોટ કલેકટર તંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા શહેરના રેસકોર્સ ગ્રાઉન્ડમાં આયોજીત કરાયેલા જન્માષ્ટમીના લોકમેળા સ્ટોલ અને પ્લોટના ડ્રો અને હરરાજીની રૂા.૩ કરોડથી વધુની થયેલી બંપર આવક બાદ હવે આ સ્ટોલ અને પ્લોટનો કબ્જો વેપારીઓને સોંપવા માટે કલેકટર તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. સંભવતઃ આગામી સપ્તાહમાં વેપારીઓને તેમના પ્લોટ અને સ્ટોલનો કબ્જો સોંપી દેવાશે.



લોકમેળાના વધારાના ખાણી-પીણીના ૧૧ જેટલા સ્ટોલ પણ આગામી બે ત્રણ દિવસમાં જ વેપારીઓને ફાળવી દેવામાં આવનાર હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે. તેની સાથોસાથ લોકમેળાના આકર્ષક શિર્ષક માટે ૨૦૦ જેટલી એન્ટ્રીઓ શોર્ટલીસ્ટ કરવામાં આવી હતી. જેમાંથી લોકમેળાનું આકર્ષક નામ પસંદ કરી તેની ટુંક સમયમાં જાહેર કરવા માટે ગતિવિધિઓ તેજ કરી દેવામાં આવી છે.

લોકમેળામાં પ્રતિવર્ષ લાખોની સંખ્યામાં જનમેદની ઉમટી પડતી હોય તેને લક્ષમાં લઈને કલેકટર તંત્ર દ્વારા આ વખતે સુરક્ષા, વાહનોના પાર્કિંગ, પીવાનું પાણી તેમજ સ્વચ્છા સહિતની બાબતો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવેલ છે. લોકમેળાના ગ્રાઉન્ડમાં સીસીટીવી કેમેરા, વોચટાવર અને ફાયર સેફટીની પણ જરૂરી વ્યવસ્થા ગોઠવવા માટે માઈક્રોપ્લાનીંગ કરવામાં આવેલ છે.

લોકમેળામાં આ વખતે સાવચેતીના પગલા રૂપે બે કોરીડોર તૈયાર કરવામાં આવનાર છે. તેમજ સીસીટીવી કેમેરામાં જનમેદની પર બાજ નજર રાખશે. લોકમેળા માટે રેવન્યુ કર્મચારીઓના ઓર્ડર પણ હવે ટુંક સમયમાં જ કલેકટર તંત્ર દ્વારા ઈશ્યુ કરી દેવામાં આવનાર છે.

# ભરચોમાસે આજી અને ન્યારી ડેમમાં તત્કાલ સૌનીનું પાણી ઠલવવા સરકારને આજીજી

## બંને ડેમમાં સવા બસ્સો એમસીએફટી નીર તુરંત મંગાયા : વરસાદી પાણીની આવક ન થતા નવા આયોજનની તૈયારી



રાજકોટ:રાજકોટ મહાનગરમાં હજુ ગત વર્ષ જેવો અને અન્ય શહેરો જેવો સારો વરસાદ પડયો નથી અને ડેમોમાં પણ પુરા વરસાદી પાણીનો સંગ્રહ થયો નથી. આ સંજોગોમાં આજી અને ન્યારી ડેમમાં પાણીનું લેવલ હવે નીચે ઉતરે તેવી સ્થિતિ છે. આ ઉપરાંત હાલ ભારે વરસાદના સંજોગો પણ ન હોવાથી મહાપાલિકા દ્વારા સરકાર પાસે તત્કાલ નવા સૌની યોજનાના પાણીની માંગણી કરવામાં આવી છે.

રાજકોટની જીવાદોરી જેવા આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં હવે તા.૧૦-૯ સુધીમાં જ પાણી રહેલું છે. અગાઉ બંને જળાશયમાં સરકાર દ્વારા ૪૦૦-૪૦૦ એમસીએફટી જળજથ્થો ઠાલવવા મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ રાજયમાં વરસાદ શરૂ થતા અને ડેમોમાં નવા નીરની આવક થવાની શકયતા સર્જાતા સિંચાઈ વિભાગે પાણી બંધ કર્યુ હતું. છતાં આજી-ન્યારી ડેમમાં સંતોષકારક વરસાદી પાણીની આવક થઈ નથી. સપ્તાહથી વરસાદ ઉડી ગયો છે. આથી હવે બંને ડેમમાં નવા પાણીની તત્કાલ જરૂર છે. આ અંગે સરકારને જાણ કરવામાં આવી છે અને તુરંતમાં પત્ર પણ મોકલવામાં આવનાર છે.

શહેરમાં સંતોષકારક વરસાદ ન પડવાના કારણે શહેરની જળ જરૂરિયાત સંતોષતા સ્થાનિક જળાશયોમાં પાણીની નોંધપાત્ર આવક થવા પામી નથી. જેના કારણે ભરચોમાસે ચિંતાના વાદળો ઘેરાવા લાગ્યા છે. જો હવે સંતોષકારક વરસાદ નહીં વરસે અને ડેમોમાં પાણીની આવક નહીં થાય તો આગામી દિવસોમાં નવું આયોજન જરૂરી હોય, તાત્કાલીક આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં સૌની યોજના અંતર્ગત નર્મદાના નીર ઠાલવવા કોર્પોરેશનની વોટરવર્કસ શાખા દ્વારા રાજ્ય સરકારને વિનંતી કરાઈ છે.

વર્ષોથી હવે શહેરની પાણી વિતરણ વ્યવસ્થા સંપૂર્ણ પણે નર્મદાના નીર, સૌની યોજના પર આધારીત છે. ચોમાસામાં જળાશયો ઓવરફ્લો થાય તો પણ વર્ષમાં ત્રણ વખત સૌની યોજનાનું પાણી ઠલવવામાં આવે ત્યારે જ દૈનિક ૨૦ મીનીટ પાણી વિતરણ શકય બને છે.

આમ તો રાજકોટમાં હવે પાણી કાપ ભુતકાળ બન્યો છે. શાસકો પાણીના ધાંધીયા ન થાય તેવા આયોજન કરે છે. ખુદ મુખ્યમંત્રી પાણીની કોઈ મુશ્કેલી નહીં પડે તેવું અવારનવાર કહે છે અને ભાજપના શાસકોએ પણ આ જવાબદારી લીધી છે. છતાં વહીવટી પ્રક્રિયા ખાતર કરાતા પત્ર વ્યવહારો વચ્ચે આ વર્ષે વરસાદ ઓછો પડતા ચિંતા સર્જાવા લાગી છે.

# અહમદાબાદ–વિરમગામ પર બ્લોકના કારણે રાજકોટ ડિવિઝનની કેટલીક ટ્રેનોના સંચાલન પર અસર

રાજકોટ: અહમદાબાદ–વિરમગામ રેલખંડના સાણંદ અને જાખવાડા સ્ટેશનો વચ્ચે ઓટોમેટિક સિગ્નલિંગ પ્રણાલીના કમિશનિંગ કાર્ય માટે બ્લોક લેવામાં આવશે. જેના પરિણામે રાજકોટ ડિવિઝનને સંબંધિત કેટલીક ટ્રેનોનું સંચાલન પ્રભાવિત રહેશે. રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીણાના જણાવ્યા અનુસાર પ્રભાવિત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:



રદ કરાયેલી ટ્રેન:

૧) ટ્રેન નંબર ૨૨૯૫૯/૨૨૯૬૦ વડોદરા–જામનગર–વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ (૦૮ ઓગસ્ટ ૨૦૨૬થી શરૂ થતી મુસાફરી) સંપૂર્ણપણે રદ રહેશે.

રૂટ ડાયવર્ઝન (માર્ગ પરિવર્તન):

૧) ટ્રેન નંબર ૧૧૪૬૬ જબલપુર–વેરાવળ એક્સપ્રેસ (૦૭ ઓગસ્ટ ૨૦૨૬થી શરૂ થતી મુસાફરી) અહમદાબાદ–વિરમગામ–સુરેન્દ્રનગરના બદલે સાબરમતી–ગાંધીગ્રામ–બોટાદ–વેરાવળ માર્ગે ચાલશે. પરિણામે આ ટ્રેન ચાંદલોડિયા, વિરમગામ, સુરેન્દ્રનગર, થાન જંકશન, વાંકાનેર જંકશન, રાજકોટ જંકશન, ભક્તિનગર, ગોંડલ, વીરપુર અને નવાગઢ સ્ટેશનો પર નહીં ઊભી રહે.

૨) ટ્રેન નંબર ૨૨૯૨૬ ઓખા–અહમદાબાદ વંદે ભારત એક્સપ્રેસ (૦૮ ઓગસ્ટ ૨૦૨૬થી શરૂ થતી મુસાફરી) વિરમગામ–કટોસણ રોડ–કલોલ–સાબરમતી–અહમદાબાદ માર્ગે ચાલશે, જ્યારે સામાન્ય રીતે આ ટ્રેન વિરમગામ–અહમદાબાદ માર્ગે ચાલે છે. પરિણામે આ ટ્રેન સાણંદ અને સાબરમતી સ્ટેશનો પર નહીં ઊભી રહે.

૩) ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ–વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ (૦૮ ઓગસ્ટ ૨૦૨૬થી શરૂ થતી મુસાફરી) ગાંધીનગર કેપિટલ–કલોલ–કટોસણ રોડ–વિરમગામ માર્ગે ચાલશે, જ્યારે સામાન્ય રીતે આ ટ્રેન ગાંધીનગર કેપિટલ–ચાંદલોડિયા–વિરમગામ માર્ગે ચાલે છે. પરિણામે આ ટ્રેન ચાંદલોડિયા અને આંબલી રોડ સ્ટેશનો પર નહીં ઊભી રહે.

૪) ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ–ગાંધીનગર કેપિટલ ઈન્ટરસિટી એક્સપ્રેસ (૦૮ ઓગસ્ટ ૨૦૨૬થી શરૂ થતી મુસાફરી) વિરમગામ–કટોસણ રોડ–કલોલ–ગાંધીનગર કેપિટલ માર્ગે ચાલશે, જ્યારે સામાન્ય રીતે આ ટ્રેન વિરમગામ–ચાંદલોડિયા–ગાંધીનગર કેપિટલ માર્ગે ચાલે છે. પરિણામે આ ટ્રેન ચાંદલોડિયા અને આંબલી રોડ સ્ટેશનો પર નહીં ઊભી રહે.

૫) ટ્રેન નંબર ૧૧૪૬૫ વેરાવળ–જબલપુર એક્સપ્રેસ (૦૮ ઓગસ્ટ ૨૦૨૬થી શરૂ થતી મુસાફરી) વેરાવળ–બોટાદ–ગાંધીગ્રામ–સાબરમતી–અહમદાબાદ માર્ગે ચાલશે, જ્યારે સામાન્ય રીતે આ ટ્રેન વેરાવળ–સુરેન્દ્રનગર–વિરમગામ–અહમદાબાદ માર્ગે ચાલે છે. પરિણામે આ ટ્રેન ચાંદલોડિયા, વિરમગામ, સુરેન્દ્રનગર, થાન જંકશન, વાંકાનેર જંકશન, રાજકોટ જંકશન, ભક્તિનગર, ગોંડલ, વીરપુર અને નવાગઢ સ્ટેશનો પર નહીં ઊભી રહે.

# રાજકોટમાં ૩૫ વર્ષીય અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

## વાલી-વારસને પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા સૂચના

રાજકોટ: રાજકોટમાં કુવાડવા રોડ પર મેંગો માર્કેટ પાસેથી આશરે ૩૫ વર્ષીય અજાણ્યા પુરુષ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. ૧૦૮ની ટીમે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતદેહને રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરી હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો છે.

આશરે ૫ ફૂટ ૬ ઈંચ ઊંચાઈ ધરાવતા મૃતક પાતળો બાંધો અને ઘંઉવર્ણો વાન ધરાવે છે. તેમની બંને આંખના નેણ પાસે ટેટૂ ત્રોફાવેલ છે, તેમજ ગળાના ભાગે 'g' જેવું ટેટૂ તથા હાથમાં સ્ટારનું ટેટૂ છે. આ મૃતક પુરુષના વાલી-વારસદારોને રાજકોટ શહેરના બી-ડિવિઝન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

**રાજકોટ મહાનગરપાલિકા**

**સેન્ટ્રલ સ્ટોર (સ્ટેશનરી) વિભાગ**

રાજકોટ મહાનગરપાલિકાનાં હર ઘર તિરંગા કાર્યક્રમ અન્વયે રાષ્ટ્રધ્વજમાં લગાવવાની લાકડાની સ્ટીક ચોરસ (અંદાજીત ૧૫ એમ એમ થી ૨૦ એમ એમ) અથવા લંબચોરસ (અંદાજીત ૨૫ એમ એમ x થી ૨૦ એમ એમ) અંદાજીત ૪ થી ૪.૫૦ ફૂટની અંદાજીત ૧ લાખ નંગ સ્ટીકની દિવસ ૦૨ માં જરૂરિયાત હોય, જી.એસ.ટી. નંબર ધરાવતી ઇચ્છુક વ્યવસાયિક એકમો પાસેથી આ કામે પેઢીનાં લેટરપેડમાં માલ, મજુરી તમામ ટેક્સ સહિતના સ્થળ પર પહોચતા કરવા સુધીના ભાવ (ઓફર) મંગાવવાનાં થાય છે. જે ઓફર તા.૧૦/૦૮/૨૦૨૬ સુધીમાં બપોરના ૧૨:૦૦ કલાક સુધીમાં સેન્ટ્રલ સ્ટોર (સ્ટેશનરી) વિભાગ, રાજકોટ મહાનગરપાલિકા રૂમ નં. ૦૩ ગ્રાઉન્ડ ફ્લોર, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટને રૂબરૂ પહોચાડવાના રહેશે. લાકડીની સંખ્યા અંદાજીત છે. જે મંજુર થયેલ ભાવે ઓછી કે વધુ લાકડી મંગાવવાની આખરી સતા રાજકોટ મહાનગરપાલિકાની રહેશે. વધુ માહિતી માટે કોન્ટેક્ટ નંબર ૯૯૨૪૫૧૨૧૨૪ પર સંપર્ક કરવો.

સહી:-એચ. આર. પટેલ
નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# એ આઈ ટેકનોલોજીના ગેરકાનૂની ઉપયોગ સામે સરકારની ડિજિટલ સ્ટ્રાઈક

ભારત સરકારે ફરી એક વાર ડિજિટલ સ્ટ્રાઈક કરી છે.સોશિયલ મીડિયા પર વાયરલ થતા એ આઈ કન્ટેન્ટમાં જે કન્ટેન્ટમાં વાંધાજનક છે તે કન્ટેન્ટ ને સરકાર બેન કરશે આવા કન્ટેન્ટ મુકનાર પર પણ કડક કાર્યવાહી થશે.ચહેરા ચોરતી ટેક્નોલોજી સામે કાયદાનું કવચ સરકારે વધુ સખત બનાવ્યું છે.કેન્દ્ર સરકારે આખરે એ વાત સ્વીકારી લીધી છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હવે માત્ર સુવિધા નથી રહી, તે એક સામાજિક જોખમ પણ બની ચૂકી છે. ગુરુવારે જાહેર થયેલા સુધારેલા આઈટી નિયમો આ દિશામાં એક આકરું અને આવશ્યક પગલું છે. હવે એઆઈ દ્વારા બનેલા નકલી વીડિયો અને ફોટો, જેને સામાન્ય ભાષામાં ડીપફેક કહેવાય છે, તેને સરકારી આદેશ કે અદાલતના આદેશ મળ્યાના માત્ર ત્રણ કલાકમાં હટાવવા પડશે. પહેલા આ સમય મર્યાદા છત્રીસ કલાકની હતી, જે ડિજિટલ દુનિયાની ઝડપને જોતાં ખૂબ લાંબી સાબિત થઈ રહી હતી. છત્રીસ કલાકમાં એક ખોટો વીડિયો કરોડો લોકો સુધી પહોંચીને કોઈની ઈજ્જત, કોઈ ચૂંટણી કે કાયદો વ્યવસ્થાને તહસનહસ કરી શકે છે. તેથી ત્રણ કલાકની નવી મર્યાદા એ સમયની માંગ છે.આ નિયમોની સૌથી મહત્વની વાત તેની તીવ્રતા છે. જો કોઈ નગ્નતા, વેશ બદલીને છેતરપિંડી કે જાતીય સતામણી જેવા કિસ્સાઓમાં ડીપફેકનો ઉપયોગ થાય તો પ્લેટફોર્મે માત્ર બે કલાકમાં કાર્યવાહી કરવી પડશે. અન્ય ગેરકાયદે બાબતોમાં આ મર્યાદા ત્રણ કલાકની રખાઈ છે. અગાઉ આ પ્રકારના ગંભીર કેસોમાં ચોવીસ કલાક અને સામાન્ય કેસોમાં બોત્તેર કલાકનો સમય અપાતો હતો. નવા નિયમો મુજબ દરેક એઆઈથી બનેલા ફોટો કે વીડિયો પર સ્પષ્ટ લેબલ લગાવવું ફરજિયાત બનશે. આ લેબલને કોઈ હટાવી કે દબાવી શકશે નહીં, અને તેની સાથે મેટાડેટામાં પણ તેની ઓળખ જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવું પડશે. વપરાશકર્તાએ પોતે જાહેર કરવું પડશે કે તેણે જે સામગ્રી મૂકી છે તે એઆઈ જનરેટેડ છે કે નહીં.સરકારે સોશિયલ મીડિયા કંપનીઓની જવાબદારી પણ નક્કી કરી છે. હવે તેમણે એવા ટૂલ્સ વિકસાવવા અને લગાવવા પડશે જે દુષ્કર્મ, બાળ યૌન શોષણ સામગ્રી અને ડીપફેકને અપલોડ થતા પહેલા જ રોકી શકે.



# ૧૭-ઘરશાળાના પ્રથમ આચાર્યઃ ડો. રઘુભાઈ નાયકની શૈક્ષણિક અને ઐતિહાસિક જીવનગાથા

- "માણસના આત્માને જાગૃત કરવાથી બીજું બધું આપોઆપ થવા લાગે છે!"
- પુસ્તકીય જ્ઞાનની એકવિધતા તોડવા માટે સંગીત, ચિત્ર, સિવણ, કાંતણ-વણાટ અને સુથારીકામ જેવા વૈકલ્પિક વિષયો દાખલ કર્યા.

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

જર્મનીથી શિક્ષણશાસ્ત્ર અને મનોવિજ્ઞાનમાં ૨.હ્ર. કરીને ભારત પરત ફરેલા ડૉ. રઘુભાઈ નાયકે ભાવનગરની આદર્શ સંસ્થા 'ઘરશાળા'ના આચાર્યપદનો સ્વીકાર કર્યો. તેમણે પગાર તરીકે માત્ર પોતાના ભોજન અને રહેઠાણના ખર્ચની જ માગણી કરી, જેને જોઈને ટ્રસ્ટીઓ તેમની સાદગી અને ઉચ્ચ વિચારોથી પ્રભાવિત થયા. રઘુભાઈએ સંસ્થાનો કાર્યભાર સંભાળતા જ પૂર્વ આચાર્ય હરભાઈ ત્રિવેદી નિવૃત્ત થયા, પરંતુ તેમણે ટ્રસ્ટના પ્રમુખ તરીકે સંસ્થામાં નિયમિત હાજરી આપીને પોતાની સેવાઓ ચાલુ રાખી.

વહીવટી સ્વાયત્તતા અને માનવીય અભિગમ: શ્રી હરભાઈએ આચાર્ય રઘુભાઈને શૈક્ષણિક પ્રયોગો, વિદ્યાર્થી પ્રવેશ અને શિક્ષકોની નિમણૂક બાબતે સંપૂર્ણ સ્વાયત્તતા આપી હતી, જેમાં તેમણે ક્યારેય બિનજરૂરી દખલગીરી કરી નહીં. રઘુભાઈએ આ અધિકારોનો ઉપયોગ હંમેશાં માનવીય અભિગમ અને પૂર્ણ વિવેકથી કર્યો, જેના કારણે તેમના સમગ્ર કાર્યકાળ દરમિયાન તેમણે માત્ર ચાર જ શિક્ષકોને અંતિમ પગલા તરીકે સેવામુક્ત કરવા પડ્યા હતા. તેઓ ઈચ્છતા હતા કે શિક્ષકો માત્ર અભ્યાસક્રમ પૂરો કરવાને બદલે વિદ્યાર્થીઓના સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ માટે હંમેશાં પ્રયોગશીલ રહે. શાળાની પ્રત્યેક બાબતની નૈતિક જવાબદારી સ્વીકારતા રઘુભાઈ શિક્ષકોના સ્વમાનનું ખાસ જતન કરતા, જેના પરિણામે સંસ્થામાં શિક્ષકોની બદલાબદલીનું પ્રમાણ નહિવત રહ્યું.રઘુભાઈ એક શૈક્ષણિક સર્જક હતા, જેઓ કોઈપણ નવો પ્રોજેક્ટ શરૂ કરતાં પહેલાં તજજ્ઞો સાથે ગહન ચર્ચા-વિચારણા કરતા. શરૂઆતમાં અન્ય આચાર્યોએ આ પદ્ધતિની નિંદા કરી, છતાં તેઓ પોતાના વિચારોમાં અડગ રહ્યા.તેમણે રોજ શાળા સમય બાદ 'સ્ટાફ મીટિંગ'નો કડક નિયમ બનાવ્યો, જેમાં શિક્ષણ, બજેટ અને વિદ્યાર્થી-વિકાસ જેવા વિષયો પર લોકશાહી પદ્ધતિએ નિર્ણયો લેવાતા. આ મીટિંગોમાં વાલીઓ સાથે વૈજ્ઞાનિક અભિગમથી ચર્ચા થતી, જેનાથી શિક્ષકોમાં પણ નેતૃત્વ કૌશલ્ય વિકસ્યું.ઘરશાળાના મુખ્ય પરિવર્તનો: જ્ઞાતિવાદ નાબૂદી: પ્રવેશપત્રમાંથી જ્ઞાતિ દર્શાવવાની પ્રથા સંપૂર્ણપણે બંધ કરી. વાલીઓની બાંયધરી: શાળાના નિયમોના પાલન માટે વાલીઓ પાસેથી લેખિત સંમતિ લેવાનું શરૂ કર્યું. પ્રાર્થનાનું મહત્ત્વ: દરરોજ સવારે ૧૧ વાગ્યે સંગીતમય સમૂહ-પ્રાર્થના અને શ્લોકગાન સાથે શાળા શરૂ કરવાનો નિયમ બનાવ્યો. શિસ્ત અને વર્ગ-અધ્યાપન: નિયમિતતા અને સ્વચ્છતાના આગ્રહ સાથે શિક્ષણકાર્ય પુનઃ શરૂ કર્યું. મુલાકાતીઓના આગમનથી શિક્ષણમાં ખલેલ ન પડે અને તેઓ વાસ્તવિક પ્રક્રિયા નિહાળી શકે તે માટે તેમણે વિદ્યાર્થીઓને ઊભા ન થવાનો નિયમ બનાવ્યો.નવી શિક્ષણ પદ્ધતિ હેઠળ વાર્ષિક પરીક્ષા અને અટકાયત પ્રથા નાબૂદ કરી ગુણના સ્થાને 'ગ્રેડિંગ પદ્ધતિ' અપનાવાઈ હતી. વાલી-શિક્ષકોના સહયોગથી નબળા વિદ્યાર્થીઓને વિશેષ સહાય અપાતી, જ્યારે શિક્ષકો માટે ખાનગી ટ્યુશન પર સખત પ્રતિબંધ હતો. આ વ્યવસ્થામાં રઘુભાઈ પોતે પણ કાર્યરત રહી રોજ પાંચ તાસ ભણાવતા હતા.રઘુભાઈનું શૈક્ષણિક પ્રદાન અને સંસ્થાનો વિકાસ લોકશાહી અને પારિવારિક વાતાવરણ: શાળામાં પારિવારિક માહોલ માટે 'હોમરૂમ' અને તંદુરસ્ત સ્પર્ધા માટે 'મેરિટ કાર્ડ્સ'ની શરૂઆત કરી. લોકશાહીની કેળવણી માટે સ્થાપેલી 'શાળા પંચાયત'નું શ્રેષ્ઠ ઉદાહરણ ૧૯૪૩માં જોવા મળ્યું, જ્યાં વિદ્યાર્થીઓ દ્વારા લાવવામાં આવેલી 'નવા આચાર્યની જરૂરિયાત'ની દરખાસ્ત ૪ કલાકની ચર્ચા બાદ ગુપ્ત મતદાનથી ફગાવી દેવાઈ હતી.સર્વાંગી વિકાસ અને સ્વાસ્થ્ય: વિદ્યાર્થીઓ માટે 'સર્વગ્રાહી ફાઈલ'ની નવીન પ્રથા શરૂ કરી. ડૉ. દવેની મદદથી મફત વૈદકીય તપાસ કરાવી તેમજ રમતગમત અને કવાયતના તાસ ફરજિયાત કર્યા. ૧૯૪૧માં શરૂ કરેલી પરેડ અને નિશાનબાજી જેવી 'હોમગાર્ડ પ્રવૃત્તિ'ની કદરરૂપે સરકારે લશ્કરી અધિકારીની સેવાઓ ફાળવી.

વૈકલ્પિક શિક્ષણ અને પુસ્તકાલય: ગોખણપટ્ટીને બદલે સંગીત, ચિત્ર, સિવણ અને સુથારીકામ જેવા પ્રાયોગિક વિષયો દાખલ કર્યા. સમયપત્રકમાં પુસ્તકાલયનો તાસ રાખ્યો અને વાલીઓ માટે તેને શાળા સમયના એક કલાક અગાઉ ખુલ્લું મૂક્યું.

સામાજિક જાગૃતિ અને વિસ્તાર: ૧૯૪૦માં મહિલાઓ-વાલીઓ માટે 'પેરેન્ટ એજ્યુકેશન' વ્યાખ્યાનો યોજ્યા. શાળાનો વિકાસ થતાં દક્ષિણામૂર્તિનાં મકાનો પ્રતીક ભાડાથી મેળવી, ત્યાં પૂર્વપ્રાથમિક, પ્રાથમિક અને ૧૯૪૪માં શિક્ષક તાલીમશાળા શરૂ કરી.મુંબઈ યુનિવર્સિટીની માન્યતા અને રઘુભાઈની શિસ્તના પ્રસંગો : ઘરશાળાને માન્યતાનો પડકાર : અધિકારીઓનો ઈનકાર: ઘરશાળામાં પરંપરાગત પરીક્ષા કે ગુણ પદ્ધતિ ન હોવાથી મુંબઈ યુનિવર્સિટીના અધિકારીઓએ શરૂઆતમાં મેટ્રિક્યુલેશન પરીક્ષાની માન્યતા આપવાનો ઈનકાર કર્યો. રઘુભાઈએ મુંબઈ જઈ સિન્ડિકેટને પોતાની મનોવૈજ્ઞાનિક શિક્ષણ પદ્ધતિ સમજાવી. શરત મુજબ મિત્રો પાસેથી રૂ. ૧૦,૦૦૦ ઉછીના લાવી ડિપોઝિટ ભરી માન્યતા મેળવી. તે જ વર્ષે ઘરશાળાનું પરિણામ સમગ્ર સૌરાષ્ટ્રમાં સર્વશ્રેષ્ઠ રહ્યું અને શાળાનો એક વિદ્યાર્થી પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયો.સમયપાલન અને નિષ્પક્ષ શિસ્તના પ્રસંગો: શાળાના પ્રથમ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાવનગરના મુખ્યમંત્રી ૪૦ મિનિટ મોડા પડ્યા હોવા છતાં, રઘુભાઈએ કાર્યક્રમ સમયસર શરૂ કરી દીધો. મુખ્યમંત્રીએ પાછળથી તેમના આ ગુણની પ્રશંસા કરી. નબળા વિદ્યાર્થીના વાલીએ આચાર્યને રૂબરૂ મળવાના કડક નિયમ અંતર્ગત આફ્રિકાના એક ધનાઢ્ય વેપારીએ કારકુનને મોકલ્યો, પણ રઘુભાઈ પોતાના નિર્ણય પર અડગ રહ્યા. અંતે વેપારીએ રૂબરૂ આવવું પડ્યું. રઘુભાઈની આ કડક શિસ્તને કારણે એ જ બાળક પાછળથી લંડનનો સફળ વેપારી બન્યો અને ૪૦ વર્ષ પછી રઘુભાઈ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી.લગ્ન અને પ્રારંભિક સફળતા: જૂન ૧૯૪૧માં રઘુભાઈના લગ્ન હરભાઈના પુત્રી જશીબહેન સાથે થયા. ૧૯૪૨ની આઝાદીની લડત બાદ, આ દંપતીએ ભાવનગરની ઘરશાળામાં આચાર્ય અને સક્રિય સભ્ય તરીકે ઉત્કૃષ્ટ વહીવટ સંભાળ્યો. આ સાથે જ તેમણે પોતાના વતન ચલથાણમાં પણ શાળા સ્થાપવાનું સ્વપ્ન સાકાર કર્યું. રઘુભાઈના સફળ સંચાલનને કારણે મુંબઈ રાજ્યના કેળવણી ખાતાએ અન્ય શાળાઓને ઘરશાળાના પ્રયોગો નિહાળવા પરિપત્ર પાઠવ્યો હતો. ત્યારબાદ, કોઈ મુશ્કેલ પ્રદેશમાં કામ કરવાના દૃઢ નિશ્ચય સાથે તેમણે અમદાવાદના સરસપુર મજૂર વિસ્તારની આર્થિક કટોકટીગ્રસ્ત 'સરસ્વતી હાઈસ્કૂલ'નો વહીવટ સંભાળ્યો. માત્ર ૫૦ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી આ સંસ્થા આજે ૬ શાળાઓ અને ૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓનું વટવૃક્ષ બની છે. રઘુભાઈની ખ્યાતિ દિલ્હી સુધી પહોંચતા, ૧૯૫૭માં હરભાઈની ભલામણથી તેઓ 'સરદાર પટેલ વિદ્યાલય'ના આચાર્ય બન્યા. ટૂંક જ સમયમાં તેમણે આ શાળાને દિલ્હીની નામાંકિત શાળાઓની હરોળમાં મૂકી દીધી.આમ, 'દીવે દીવો પ્રગટે' તેમ હરભાઈનું શૈક્ષણિક દર્શન ભાવનગરથી અમદાવાદ અને ત્યાંથી દિલ્હી સુધી ગૌરવભેર વિસ્તર્યું. વૃદ્ધાવસ્થાને કારણે રઘુભાઈ અને જશીબહેને 'સરસ્વતી વિદ્યામંડળ'ની છ શાળાઓના સંચાલનની જવાબદારી પોતાના તેજસ્વી શિષ્ય શ્રી વિઠ્ઠલભાઈ ઓઝાને સોંપી. આ સાથે જ, ૧૯૪૦માં શરૂ થયેલું 'ઘરશાળા' માસિક પણ ૧૯૭૬થી આજ સુધી તેમના દ્વારા નિરંતર અને ચિવટપૂર્વક પ્રગટ થઈ રહ્યું છે.મુખ્ય ઐતિહાસિક અને શૈક્ષણિક ઘટનાઓ : ૧૯૪૦: 'ઘરશાળા' માસિક પત્રિકા અને 'પેરેન્ટ એજ્યુકેશન' પ્રવૃત્તિની શરૂઆત. ૧૯૪૧: શાળામાં 'હોમગાર્ડ' પ્રવૃત્તિનો પ્રારંભ અને ડૉ. રઘુભાઈના જશીબહેન સાથે લગ્ન. ૧૯૪૨: 'હિંદ છોડો' આંદોલનમાં જોડાવા આચાર્યપદેથી સામયિક વિરામ. ૧૯૪૩: આચાર્યપદે પુનરાગમન અને શાળા પંચાયતમાં વિદ્યાર્થીઓ દ્વારા લોકશાહી મતદાન. ૧૯૪૪: ચલથાણમાં શૈક્ષણિક ટ્રસ્ટ અને ઘરશાળામાં 'શિક્ષક તાલીમશાળા'ની સ્થાપના. ૧૯૪૭: મુંબઈ સરકાર દ્વારા ઘરશાળાના નવતર પ્રયોગોની રાષ્ટ્રીય સ્તરે સત્તાવાર નોંધ. ૧૯૫૭: દિલ્હીની પ્રતિષ્ઠિત 'સરદાર પટેલ વિદ્યાલય'ના સંચાલનની જવાબદારીનો સ્વીકાર. ૧૯૭૬: 'ઘરશાળા' માસિકનું પ્રકાશન અને શૈક્ષણિક યોગદાન.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ ચોથા ભાવમાં સ્થિત હોવાના કારણે, જો તમને અસ્થમાની સમસ્યા છે તો, તમારા ઇન્હેલરને પાસે જ રાખો. સાથે જ સ્વાસ્થ્યને બહેતર બનાવવા માટે તમારે યોગ-ધ્યાનનો સહારો લેવો જોઈએ, કારણ કે આ સપ્તાહ તમારી તંદુરસ્તીમાં ઘણા સુધારા લાવશે. પરંતુ આ માટે તમારે પોતાને તમારા આરામના ક્ષેત્રમાંથી બહાર કાઢીને, શારીરિક પ્રવૃત્તિઓમાં વધ-ચઢીને ભાગ લેવાની જરૂર પડશે. ચંદ્ર રાશિ અનુસાર કેતુ પાંચમા ભાવમાં સ્થિત હોવાના કારણે જો તમે ભાગીદારીમાં વ્યવસાય કરો છો તો, તમારે આ સપ્તાહે તમારા ભાગીદાર સાથે સંબંધ સુધારવાની જરૂર રહેવાની છે. કારણ કે આવું કરીને જ તમે તેમની મદદથી, સારો આર્થિક નફો કમાવી શકશો. તેથી આ વાતને ધ્યાનમાં રાખીને જ, તમારા પ્રયત્નોને સાચી દિશામાં આગળ વધારતા રહો. આ સમયગાળામાં તમે તમારા ઘરેલું કાર્યો સાથે સાથે, અનેક સામાજિક કાર્યોમાં પણ વધુ ઉત્સાહથી ભાગ લેશો અને પરિજનો સાથે કોઈ તીર્થયાત્રા પર પણ જવાનું પ્લાન કરશો. આનાથી તમને આત્મ વિશ્લેષણ કરવાનો અવસર પ્રાપ્ત થઈ શકશે. આશંકા છે કે પરિવારમાં ચાલી રહેલ મતભેદ, તમને પરેશાન કરે. તેનો નકારાત્મક પ્રભાવ તમારી કારકિર્દીને પણ બાધિત કરશે. એવામાં તમારે જરૂર કરતાં વધારે ન વિચારતા વિપરીત પરિસ્થિતિઓ નીકળવાની પ્રતીક્ષા કરવાની જરૂર પડશે.

**વૃષભ - (બ, વ, ઉ)**આ સપ્તાહે તમે તમારા સારા સ્વાસ્થ્યના કારણે, તે લોકોને ખોટા સાબિત કરી દેશો, જે વિચારતા હતા કે તમે નવું શીખવા માટે ઘણા ઉંમરલાયક થઈ ગયા છો. કારણ કે તમારી અંદર ઉત્સાહ અને જોશ આ સમયે ભરપૂર માત્રામાં હશે, જે કારણે તમે તમારા તીવ્ર અને સક્રિય દિમાગથી કંઈ પણ સરળતાથી શીખવામાં સક્ષમ બનશો. ચંદ્ર રાશિ અનુસાર કેતુ ચોથા ભાવમાં સ્થિત હોવાના કારણે વાહન ચલાવનારા જાતકોને આ સપ્તાહે વાહન ચલાવતી વખતે, વધુ સાવધાની રાખવાની જરૂર પડશે. કારણ કે સંભવ છે કે તમે ફોન પર વાત, તેજ ગતિ વગેરે જેવા ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરશો, જેના માટે તમારે ભારે દંડ ચૂકવવો પડશે. આનાથી ધન હાનિ થવાની સાથે સાથે, તમારે તમારો સમય પણ બરબાદ કરવો પડી શકે છે. કોઈ જૂનો કેસ કોર્ટ-કચેરીમાં ચાલતો હતો તો, આ સપ્તાહે તમને તમારી મહેનતનું યોગ્ય ફળ મળતા, તે કેસનો ચુકાદો તમારા પક્ષમાં આવવાની સંભાવના વધારે છે. એવામાં વગર રોકાયે પ્રયત્ન કરતા રહો અને સાચા સમયની રાહ જુઓ. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ ત્રીજા ભાવમાં સ્થિત હોવાના કારણે જો તમે વિદેશ જવાના ઇચ્છુક હતા તો, આ સપ્તાહે તમારું આ સપનું પૂર્ણ થઈ શકશે. કારણ કે યોગ બની રહ્યા છે કે તમારે કાર્યક્ષેત્ર સંબંધિત, કોઈ વિદેશ યાત્રા પર જવું પડે. જેનાથી તમે સારો નફો કમાવીને, તમારી કારકિર્દીમાં આગળ વધવાનો માર્ગ સુનિશ્ચિત કરી શકશો. તેથી આ દિશામાં વગર સંકોચે પ્રયત્ન કરતા રહો. આ રાશિના વિદ્યાર્થીઓ માટે, આ સપ્તાહ ઘણું સફળતાદાયક સાબિત થવાની સારી સંભાવના દેખાઈ રહી છે.

**મિથુન - (ક, છ, ઘ) :-** જો તમે ઠંડા વિસ્તારોમાં રહો છો તો, આ સપ્તાહે તમારે તમારા ભોજનમાં ગરમ તાસીરવાળી વસ્તુઓને સામેલ કરવી જોઈએ. તેના માટે તમે મેવાનું સેવન પણ કરી શકો છો. સાથે જ વધુ ધૂળભર્યા સ્થળોએ જવાથી બચો અને માત્ર ઘરનું ખાવાનું જ ખાઓ. આ વાતમાં કોઈ શંકા નથી કે, તમે પૈસાનું મહત્વ સમજવા છતાં તમારા ધનને બેબાક રીતે ખર્ચ કરતા આવ્યા છો. પરંતુ આ સપ્તાહે તમારે તમારા પૂર્વ સમયની તે ભૂલોની ભોગવણી કરવી પડી શકે છે. કારણ કે ચંદ્ર રાશિ અનુસાર શનિ દશમ ભાવમાં સ્થિત હોવાના કારણે આ સમયે ઘણી એવી પરિસ્થિતિઓ આવશે, જ્યારે કોઈ નજીકના સદસ્ય પૈસાની માગ કરશે, પરંતુ તમારી પાસે તેને આપવા માટે કંઈ નહીં હોય. જેનાથી તેમના અને તમારા સંબંધોમાં અંતર આવવાના યોગ બનશે. તમે ઘણીવાર તમારી ક્ષમતા કરતાં વધારેનું વચન બીજાઓને આપી દો છો, જેનાથી તમે પોતાને ઇચ્છયા વગર પણ મુશ્કેલીમાં ફસાવી દો છો. પરંતુ આ સપ્તાહે તમારે આવું કરવાથી બચવું પડશે. નહીંતર તમે તમારી પ્રામાણિકતા ગુમાવી પણ શકો છો. તેથી તે જ કાર્યનું વચન આપો, જે તમે પૂરું કરવાની ક્ષમતા ધરાવો છો.

**કર્ક - (ડ, હ) :-** આ સપ્તાહે તમને સલાહ આપવામાં આવે છે કે, કામની સાથે સાથે તમારા સ્વાસ્થ્યને બહેતર બનાવવા માટે પણ થોડો સમય જરૂર કાઢો. કારણ કે આ સમય તમારા સ્વાસ્થ્ય માટે બહેતર દેખાઈ રહ્યો છે. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ પ્રથમ ભાવમાં સ્થિત હોવાના કારણે આ સાથે જ આ સપ્તાહના મધ્ય ભાગમાં તમારા પર, કામનો બોજ વધી શકે છે. પરંતુ તમે તમારા દિમાગ પર આ કાર્યક્ષેત્રના દબાવને હાવી નહીં થવા દો. ચંદ્ર રાશિ અનુસાર શનિ નવમ ભાવમાં સ્થિત હોવાના કારણે આ સપ્તાહે નોકરી કરનારા જાતકોની આવકમાં, વૃદ્ધિ થવાના યોગ બની રહ્યા છે. એવામાં તેમને કેટલાક નાના રોકાણોમાં તેમના પૈસા ખર્ચ કરવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે આનાથી જ તેમને આર્થિક લાભ મળવાની સંભાવના બનશે અને તેઓ તેમના ભવિષ્યને સુરક્ષિત કરવામાં સફળ થશે. આ સપ્તાહે તમને સમાજમાં માન-સન્માનની પ્રાપ્તિ થશે, જોકે આ દરમિયાન તમારા ભાઈ-બહેનોનું સ્વાસ્થ્ય નબળું રહી શકે છે. જેના પર તમારે તમારું થોડું ધન ખર્ચ કરવું પડશે.

**સિંહ - (મ, ટ) :-** આ સપ્તાહે તમને તમારો ખોવાયેલો આત્મવિશ્વાસ અને ઊર્જા, ફરી પાછા આવતા પ્રતીત થશે. જેના પરિણામસ્વરૂપ, જો પહેલા તમને કોઈપણ નિર્ણય લેવામાં પરેશાની આવી રહી હતી, તે પણ હવે દૂર થતી દેખાશે અને તમે તમારી સમજદારીનો પરિચય આપતા, સાચો નિર્ણય લઈ શકશો. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ બારમા ભાવમાં સ્થિત હોવાના કારણે જો તમે પૂર્વમાં કોઈ ધનનું રોકાણ કર્યું હતું તો, આ સપ્તાહે તે તમારી પરેશાનીનું મુખ્ય કારણ બની શકે છે. કારણ કે તમને આનાથી આર્થિક હાનિ થઈ શકે છે. તેથી તમારા માટે બહેતર એ જ રહેશે કે કોઈ પણ નિર્ણય ઉતાવળમાં ન લેતા, ખૂબ વિચારી-સમજીને જ લો. પિતાના સ્વાસ્થ્યમાં પણ, આ સપ્તાહે સકારાત્મક ફેરફાર થવાની પૂરી ગુંજાઈશ છે. જેના કારણે તમે તેમની સાથે સમય વિતાવતા, ઘણા ઘરેલું મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરતા જોવા મળશો. આનાથી તમને પિતા સાથે તમારા સંબંધ બહેતર કરવામાં મદદ તો મળશે જ, સાથે જ તમારા પિતા તમારો સહયોગ પણ કરી શકશે. ચંદ્ર રાશિ અનુસાર શનિ આઠમા ભાવમાં સ્થિત હોવાના કારણે પૂર્વના સપ્તાહની અપેક્ષાએ, આ સપ્તાહ તમારી કારકિર્દીને ગતિ આપવાનું કાર્ય કરશે.

**કન્યા - (પ, ઠ, ણ) :-**ચંદ્ર રાશિ અનુસાર શનિ સાતમા ભાવમાં સ્થિત હોવાના કારણે જો તમે એસિડિટી, અપચન અને સંધિવા જેવા રોગથી પરેશાન હતા તો, આ સપ્તાહે તમને આ રોગોથી થોડી રાહત મળવાના યોગ બનશે. જોકે આમ છતાં તમને સમય-સમય પર થનારી શરદી, જુકામ જેવી નાની-મોટી સમસ્યાઓથી તમારો બચાવ કરવાની સલાહ આપવામાં આવે છે. આ સપ્તાહે તમને ચેતવણી આપવામાં આવે છે કે, જરૂર કરતાં વધારે ખર્ચ કરવાથી અને કોઈ પણ પ્રકારની ચાલાકી ભરી આર્થિક યોજનાઓથી બચો. નહીંતર તમને મોટું આર્થિક નુકસાન થઈ શકે છે. આના માટે તમે આર્થિક મુદ્દાઓને લઈને, ઘરના વડીલો અથવા તમારા પિતા અથવા પિતા તુલ્ય કોઈ વ્યક્તિ પાસેથી સલાહ પણ લઈ શકો છો. ચંદ્ર રાશિ અનુસાર રાહુ છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાના કારણે આ સપ્તાહે સંભવ છે કે ઘરનું કોઈ એવું કાર્ય, જે લાંબા સમયથી ટળી રહ્યું હતું, તમે તેને પૂરું કરવા માટે દફ્તર અથવા ઓફિસથી રજા લઈ લો. કારણ કે તેને પૂરું કરવામાં તમારે હવે સામાન્ય કરતાં તમારો થોડો વધારે સમય, આપવાની જરૂર પડશે. પરંતુ તમારા આ પ્રયત્નને જોઈને, ઘરવાળાઓ તમારાથી ખાસ ખુશ દેખાશે.

**તુલા - (ર, ત) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાના કારણે તમારા સ્વાસ્થ્ય જીવનને જોઈએ તો, આ સપ્તાહે તમારું સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. આ દરમિયાન તમે ઊર્જાથી ભરપૂર રહેશો અને તમારા દરેક કાર્યને દક્ષતા સાથે પૂરું કરવાનો, દરેક શક્ય પ્રયત્ન પણ કરશો. એવામાં તમારે ખુદને નકામી વાતો પર ધ્યાન આપવાથી રોકવું પડશે. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ દશમ ભાવમાં સ્થિત હોવાના કારણે આ સપ્તાહ રોકાણ માટે સામાન્ય કરતાં ખૂબ બહેતરીન રહેવાનું છે. પરંતુ તમને દરેક પ્રકારના આકર્ષક, કોઈપણ પ્રકારના જોખમોથી બચીને રહેવાની સલાહ આપવામાં આવે છે. તેથી યોગ્ય સલાહથી જ, તમારું રોકાણ કરો અને નફો કમાવતા, જીવનમાં તરક્કી પ્રાપ્ત કરો. આ સપ્તાહે તમારે તમારી વાણી અને તમારા શબ્દો પર, નિયંત્રણ રાખવાની વિશેષ આવશ્યકતા હશે. કારણ કે આશંકા છે કે આ દરમિયાન તમે પરિવારના કોઈ સદસ્ય સાથે વાત કરતી વખતે કંઈક એવું બોલી દો, જેનાથી તે તમારી વાતોનો ખોટો અર્થ કાઢીને તમારી સાથે ઝઘડો કરી લે. આ સપ્તાહે તમારી પૂર્વની મહેનત રંગ લાવશે અને તમને તમારા વરિષ્ઠ અધિકારીઓ પાસેથી પ્રશંસા અને પ્રમોશન મળી શકશે. જોકે દરેક તરક્કી મનુષ્યમાં અહંકાર પણ લાવે છે, એવું જ કંઈક તમારી સાથે પણ થવાના યોગ બનતા દેખાય રહ્યા છે.

**વૃશ્ચિક - (ન, ય) :-** ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ નવમ ભાવમાં સ્થિત હોવાના કારણે આ વર્ષે તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતાં બહેતર રહેશે, જેના કારણે તમે તરોતાજા મહેસૂસ કરશો. આ તે સમય હશે જ્યારે તમે તમારા ખુશમિજાજ રવૈયાથી, બીજાઓ સાથે ખુલ્લાથી હસી-મજાક કરતા પણ જોવા મળશો. આ સપ્તાહે ઘણા લોકોના જીવનમાં કંઈક એવું બની શકે છે, જેના કારણે તમે દિલ ખોલીને પૈસાનો ખર્ચ કરતા, બીજાઓને પાર્ટી આપવા સુધીનું પ્લાન કરી શકો છો. જોકે આ દરમિયાન કંઈ પણ ઉતાવળમાં કરવાથી બચો, નહીંતર તમને પાછળથી મહેસૂસ થશે કે તમે જરૂર કરતાં વધારે ધનની બરબાદી કરી નાખી છે. આ સપ્તાહે ઘર-પરિવારમાં બાળકો, તમારી સામે જ કોઈ ત્રીજા અથવા બહારના સદસ્યનું અપમાન કરતા અથવા તેમની સાથે અમર્યાદિત વ્યવહાર કરતા જોવા મળશે. જેના કારણે તમારે બીજાઓની સામે અપમાનિત થવું પડી શકે છે. ચંદ્ર રાશિ અનુસાર શનિ પંચમ ભાવમાં સ્થિત હોવાના કારણે જોકે આ દરમિયાન બાળકોને દંડ આપવાની જગ્યાએ તેમની સાથે બેસીને, તેમને સમજાવવાનો પ્રયત્ન કરવો જ આ સમયે તમારા માટે સારું રહેવાનું છે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ આઠમા ભાવમાં સ્થિત હોવાના કારણે આ સપ્તાહે પરિવારના કોઈ સદસ્યના ખરાબ સ્વાસ્થ્ય સાથે જોડાયેલ કોઈ સમાચાર, તમને પ્રાપ્ત થશે. જેના કારણે તમે પણ માનસિક તણાવનો શિકાર બની શકો છો. ચંદ્ર રાશિ અનુસાર શનિ ચોથા ભાવમાં સ્થિત હોવાના કારણે આ સપ્તાહે તમને ધનલાભ તો થશે, પરંતુ તમે તે ધનથી ખુશ નહીં થાઓ. કારણ કે પ્રાપ્ત થયેલું ધન તમારી અપેક્ષા અનુસાર થોડું ઓછું લાગશે અને, આનાથી સંભવ છે કે તમને થોડી નિરાશા પણ થાય. એવામાં આ વાતને સમજવાની જરૂર પડશે કે મનુષ્યને જેટલું પણ મળી જાય, તેની ઇચ્છાઓ ઓછી નથી થતી. તેથી તમારે આટલા ધનમાં જ ખુશ રહેવાનું શીખવાની આવશ્યકતા રહેવાની છે. આ સપ્તાહ પારિવારિક જીવનમાં તમને, દરેક પ્રકારના ઉતાર-ચડાવમાંથી મુક્તિ આપાવવાનું કાર્ય કરશે. સાથે જ આ દરમિયાન પરિવારની મદદથી કેટલાક લોકોને ભાડાના મકાનની જગ્યાએ, પોતાનું મકાન લેવામાં સફળતા મળવાના યોગ પણ બનશે. આ સપ્તાહે તમારે એ સમજવાની જરૂર પડશે કે, જો તમે તમારી યોજનાઓને દરેક કોઈની સામે ખોલવામાં બિલકુલ સંકોચ નથી કરતા, તો તમે તમારી પરિયોજનાને બગાડી રહ્યા છો. કારણ કે સંભવ છે કે તમારા વિરોધી પણ તમારી આ નબળાઈનો ફાયદો ઉઠાવતા, તમને નુકસાન પહોંચાડે.

**મકર - (ખ, જ) :-**ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ સાતમા ભાવમાં સ્થિત હોવાના કારણે પાછલા સપ્તાહની તુલનામાં આ સપ્તાહે, તમારી તંદુરસ્તી વધારે સારી રહેશે અને તમારું સ્વાસ્થ્ય પણ મજબૂત થવાથી, તમે ઘણું બહેતર પણ મહેસૂસ કરશો. એ જ વજહ હશે કે તમને જૂની બીમારીઓથી પણ મુક્તિ મળવાના યોગ, આ વર્ષમાં બનશે. સાથે જ તમારું જીવન પણ, આ દરમિયાન ઊર્જાથી ભરપૂર રહેશે. ચંદ્ર રાશિ અનુસાર શનિ ત્રીજા ભાવમાં સ્થિત હોવાના કારણે આ સપ્તાહની શરૂઆત ભલે તમારા માટે આર્થિક મુદ્દાઓને લઈને સારી હોય, પરંતુ સપ્તાહના અંતમાં કોઈ વજહથી તમારું ધન ખર્ચ થઈ શકે છે. જેનાથી તમે પરેશાન થશો. એવામાં શરૂઆતથી લઈને અંત સુધી, સાચી રણનીતિ અનુસાર જ તમારું ધન ખર્ચ કરો. તમારી ઘણી ખરાબ આદતો અને તમારી શરતો પર જીવન વ્યતીત કરવાની તમારી વિચારસરણીથી, આ સપ્તાહે તમારો પરિવાર ખૂબ દુઃખી થઈ શકે છે. આ કારણે સંભવ છે કે તમને ઘરના અલગ-અલગ સદસ્યો પાસેથી, નૈતિકતાના પાઠ પર અનેક ભાષણો મળે. આનાથી તમારા સ્વભાવમાં હઠાગ્રહ તો આવશે જ સાથે જ, તેનો નકારાત્મક પ્રભાવ તમારા સંબંધો પર પણ પડશે. વ્યાવસાયિક લોકો માટે આ સપ્તાહ સારું રહેશે. કારણ કે આ દરમિયાન ઘણા ગ્રહોની ઉપસ્થિતિના પરિણામસ્વરૂપ, તમને મહાન અવલોકન અને વિશ્લેષણાત્મક કૌશલ્ય પ્રાપ્ત કરવામાં મદદ મળશે, જે તમને કારકિર્દીના મામલે આગળ વધવામાં તમારી ભરપૂર મદદ કરશે.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-**ચંદ્ર રાશિ અનુસાર કેતુ સાતમા ભાવમાં સ્થિત હોવાના કારણે આ સપ્તાહે તમારે તમારા દરેક દિવસની શરૂઆત કસરત, યોગ અથવા વ્યાયામથી કરવી પડશે. આ દરમિયાન તમારી સાથે જો તમે તમારા ઘરવાળાઓને પણ, આના માટે પ્રોત્સાહિત કરો છો તો તમે ખુદને અને તેમને, સ્વસ્થ રાખવામાં સફળ થઈ શકો છો. કારણ કે સવારનો સમય જ તે વખત હોય છે જ્યારે તમે, તમારા વિશે સારું મહેસૂસ કરવાની શરૂઆત કરતા, આખો દિવસ ખુદને સકારાત્મક રાખી શકો છો. તેથી તેને તમારી દિનચર્યામાં સામેલ કરો અને નિયમિત રૂપે તેને કરવાનો પ્રયત્ન કરતા રહો. આ સપ્તાહે આ રાશિના જાતકોને, ખાસ કરીને મહિલા જાતકોને કંઈ પણ બોલતી વખતે અને નાણાકીય લેવડ-દેવડ કરતી વખતે, ખાસ સાવધાની રાખવાની જરૂર રહેવાની છે. કારણ કે સંભવ છે કે તમારી માસૂમિયતના કારણે ઘરનો જ કોઈ વ્યક્તિ, તમારી પાસેથી આર્થિક સહયોગ માગે, અને તેને તમે ઇચ્છ્યા વગર પણ ના ન કહી શકો. આ સપ્તાહે તમે કોઈ નવા વાહન અથવા ઘરની ખરીદી માટે, ઘરના વડીલો સાથે વાતચીત કરી શકો છો. જે દરમિયાન તમને માત્ર તેમનો સહયોગ જ નહીં મળશે, બલ્કે જો તમને થોડી આર્થિક મદદની જરૂર હતી તો, તેમાં પણ તેઓ તમારો સહયોગ કરતા, તમારી મદદ કરશે. તમારા વ્યાવસાયિક ક્ષેત્રમાં તમારે ઘણી-બધી બાધાઓનો સામનો કરવો પડશે, જેમાંથી નીકળી શકવું પણ તમારા માટે સરળ કાર્ય રહેવાનું નથી.

**મીન-(દ, ચ, ઝ, થ) :-** ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ પંચમ ભાવમાં સ્થિત હોવાના કારણે આ સપ્તાહની શરૂઆત, સ્વાસ્થ્યના લિહાજથી સારી નોટ પર થશે. કારણ કે તમારા સ્વાસ્થ્યમાં આ દરમિયાન સકારાત્મક ફેરફાર આવશે. જેના પરિણામસ્વરૂપ, તમે આ સમયે જિમ પણ જોઇન કરવાનો નિર્ણય લઈ શકો છો. ચંદ્ર રાશિ અનુસાર રાહુ બારમા ભાવમાં સ્થિત હોવાના કારણે ગ્રહોની હાજરીની સ્થિતિ, આ વાત તરફ પણ ઇશારો કરી રહી છે કે આ દરમિયાન તમારા કેટલાક અણચાહ્યા ખર્ચ થવાની આશંકા છે. જોકે તમારી આવકમાં સતત વૃદ્ધિ થવાથી, તમારા જીવનમાં આ ખર્ચોનો પ્રભાવ નહીં દેખાય અને તમે તમારી સુખ-સુવિધાઓ પર પણ થોડો ખર્ચ કરી શકશો. તેથી આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવી રાખવું, તમારા માટે ખૂબ મહત્વપૂર્ણ છે. આ સપ્તાહે આશંકા છે કે પૂર્વમાં પરિવાર સાથે કોઈ યાત્રા પર જવાનો કાર્યક્રમ, ઘરના કોઈ સદસ્યના ખરાબ સ્વાસ્થ્યના કારણે થોડા સમય માટે ટળી શકે છે. આ કારણે તમે અને ઘરના બાળકો કંઈક નાખુશ દેખાશો. આ સપ્તાહે તમારી આવકમાં, સારો નફો થવાના યોગ બની રહ્યા છે. કારણ કે આ દરમિયાન તમારા દ્વારા કરવામાં આવેલી કઠિન મહેનત, કાર્યક્ષેત્રમાં જરૂર રંગ લાવશે. જેનાથી તમને તે બધા સારા પરિણામો મળી શકશે, જેના તમે અસલી હકદાર છો. જોકે આ દરમિયાન અહંકારમાં આવીને કોઈ પણ કામ વચ્ચે જ અધૂરું ન છોડો, નહીંતર આનાથી તમને જ પરેશાની થઈ શકે છે.

# મિશેલ માર્શે આ વર્ષે ટી ૨૦ ક્રિકેટમાં ૮૬ છગ્ગા ફટકારી વૈભવ સૂર્યવંશીને પાછળ છોડી દીધો

નવીદિલ્હી,

ભારતનો ૧૫ વર્ષીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશી ૨૦૨૬માં અત્યાર સુધી પ્રભાવશાળી રહ્યો છે. આ વર્ષે, તેણે આઈપીએલમાં સૌથી વધુ રન બનાવીને ઓરેન્જ કેપ જીતી. તેના પ્રભાવશાળી આઈપીએલ પ્રદર્શનને પગલે, તેને ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ભારત માટે રમવાની તક પણ મળી. વૈભવ સૂર્યવંશી ૨૦૨૬ માં ટી ૨૦ ક્રિકેટમાં તોફાની છગ્ગા ફટકારી રહ્યો છે. જોકે, ઓસ્ટ્રેલિયાના મિશેલ માર્શે તાજેતરમાં ૨૦૨૬ માં સૌથી વધુ છગ્ગા ફટકારવાના મામલે તેને પાછળ છોડી દીધો છે.

૨૦૨૬ માં ટી ૨૦ ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા ફટકારનારા ટોચના પાંચ બેટ્સમેનોની યાદી બદલાઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયાના મિશેલ માર્શે ભારતના વૈભવ સૂર્યવંશીને પાછળ છોડી બીજા સ્થાને પહોંચી ગયો છે. વૈભવ હવે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. ન્યુઝીલેન્ડનો ફિન એલન આ યાદીમાં ટોચ પર યથાવત છે. નોંધનીય છે કે, વૈભવ સૂર્યવંશી ઉપરાંત, બે અન્ય ભારતીય ખેલાડીઓ ટોપ ૧૦ માં સામેલ છે, એટલે કે કુલ ત્રણ ભારતીય બેટ્સમેન ટોપ ૧૦ માં સ્થાન મેળવી ચૂક્યા છે. અભિષેક શર્મા છઠ્ઠા સ્થાને છે અને ઈશાન કિશન સાતમા




સ્થાને છે.૨૦૨૬માં ટી૨૦ ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા મારનારા બેટ્સમેનોની યાદીમાં ન્યૂઝીલેન્ડનો ફિન એલન ટોચ પર છે, તેણે ૪૫ મેચમાં ૯૭ છગ્ગા ફટકાર્યા છે. ધ હન્ડ્રેડ ટુર્નામેન્ટમાં પોતાના પ્રભાવશાળી પ્રદર્શન બાદ ઓસ્ટ્રેલિયાનો મિશેલ માર્શ ૩૩ મેચમાં ૮૯ છગ્ગા મારીને બીજા સ્થાને પહોંચી ગયો છે. તેણે ભારતના વૈભવ સૂર્યવંશીને પાછળ છોડી દીધો છે, જે ૨૨ મેચમાં ૮૬ છગ્ગા માર્યા બાદ હવે ત્રીજા સ્થાને સરકી ગયો છે. ટોપ-૧૦ બેટ્સમેનોની યાદીમાં અભિષેક શર્મા છઠ્ઠા અને ઈશાન કિશન સાતમા ક્રમે છે.વૈભવ સૂર્યવંશી તાજેતરમાં ઝિમ્બાબ્વે શ્રેણીમાં રમતા જોવા મળ્યો હતો. તેણે ત્રણ મેચમાં ૧૫૧ રન બનાવ્યા અને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ જીત્યો. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ થી શરૂ થનારી રેડ-બોલ ટુર્નામેન્ટ, દુલીપ ટ્રોફી માટે વૈભવ સૂર્યવંશીને પૂર્વ ઝોન ટીમના ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વૈભવ અત્યાર સુધીમાં કુલ ૧૪ રેડ-બોલ મેચ રમી ચૂક્યો છે અને ૫૩૮ રન બનાવ્યા છે.

# આઉટર દિલ્હી વોરિયર્સે દિલ્હી પ્રીમિયર લીગની ૧૨મી મેચમાં સાઉથ દિલ્હી સુપરસ્ટાર્સને ૩૮ રનથી હરાવ્યું

મુંબઇ,

આઉટર દિલ્હી વોરિયર્સે ડીપીએલ ૨૦૨૬ ની ૧૨મી મેચમાં શાનદાર વિજય નોંધાવ્યો. તેઓએ સાઉથ દિલ્હી સુપરસ્ટાર્સને ૩૯ રનથી હરાવ્યું. વરસાદને કારણે, મેચ ૧૦-૧૦ ઓવરની કરવામાં આવી. પ્રથમ બેટિંગ કરતા, આઉટર દિલ્હીએ ૧૦ ઓવરમાં બે વિકેટ ગુમાવીને ૧૩૨ રન બનાવ્યા. જવાબમાં, દક્ષિણ દિલ્હી ૯.૪ ઓવરમાં ૯૩ રનમાં ઓલઆઉટ થઈ ગયું. આ મેચમાં આઉટર દિલ્હીની જીતમાં યજસ શર્મા અને નવદીપ સૈનીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.૧૩૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા, દક્ષિણ દિલ્હીની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. ચાર બેટ્સમેન માત્ર ૧૬ રનમાં આઉટ થયા હતા. વિકેટકીપર-




બેટ્સમેન તેજસ્વી દહિયાએ ૧૮ અને એકાંશ દોબલે ૩૫ રન બનાવ્યા હતા. આ બે બેટ્સમેન જ બેવડા આંકડાના સ્કોર સુધી પહોંચ્યા હતા. બાકીના નવ બેટ્સમેન સિંગલ-ડિજિટ સ્કોરમાં આઉટ થયા હતા. ઓપનર અનમોલ શર્મા અને નીચલા ક્રમના બેટ્સમેન વિઝન પંચાલ અને દિવ્યાંશ રાવત શૂન્ય આઉટ થયા હતા.આઉટર દિલ્હી વોરિયર્સની બોલિંગ અંગે, નવદીપ સૈનીએ શાનદાર બોલિંગ કરી, બે ઓવરમાં માત્ર નવ રન આપીને ત્રણ વિકેટ લીધી. સૈનીએ મેચમાં પ્રણવ રાવત, કેપ્ટન આયુષ બદોની અને તેજસ્વી દહિયાને આઉટ કર્યા.

# મોહમ્મદ શમી વંદે માતરમ ગીતના સમર્થનમાં આગળ આવ્યા, કટ્ટરપંથીઓ પર નિશાન સાધ્યું

નવીદિલ્હી,

ફાસ્ટ બોલર મોહમ્મદ શમી, જે થોડા સમયથી ભારતીય ટીમની બહાર છે, તે વંદે માતરમના સમર્થનમાં બહાર આવ્યો છે. શમી કહે છે કે તેને વંદે માતરમનું પઠન કરવા કે ગાવામાં કોઈ વાંધો નથી. તાજેતરમાં, રાજ્યસભાએ રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ, ૨૦૨૬ પસાર કર્યું. આ સુધારો હવે રાષ્ટ્રગીત, "વંદે માતરમ" ને કાનૂની રક્ષણ પૂરું પાડશે.

બિલ અનુસાર, રાષ્ટ્રગીતનું ઈરાદાપૂર્વક અપમાન કરવું અથવા તેના ગાનમાં અવરોધ ઊભો કરવો હવે ફોજદારી ગુનો ગણાશે. વિપક્ષના વિરોધ અને હોબાળા વચ્ચે આ બિલ પસાર કરવામાં




આવ્યું હતું. સરકાર જણાવે છે કે આ પગલું રાષ્ટ્રીય સન્માન સાથે સંકળાયેલા પ્રતીકોને કાનૂની રક્ષણ પૂરું પાડવાનો છે. આ સુધારો રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧ ના અવકાશને વિસ્તૃત કરે છે. અત્યાર સુધી, રાષ્ટ્રધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગીત, "જન ગણ મન" ને આ કાયદા હેઠળ કાયદેસર રીતે સુરક્ષિત રાખવામાં આવ્યા હતા. હવે, રાષ્ટ્રીય ગીત, "વંદે માતરમ" ને પણ સમાવવામાં આવ્યું છે.

શમી છેલ્લા કેટલાક વર્ષોથી ભારતીય ટીમની બહાર છે. ૧૫ ઓગસ્ટથી શ્રીલંકા સામે શરૂ થનારી બે મેચની ટેસ્ટ શ્રેણી માટે તેને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. આ દરમિયાન, શમીનું વંદે માતરમ અંગેનું નિવેદન વાયરલ થઈ રહ્યું છે, જેના કારણે તે ફરી એકવાર હેડલાઈન્સમાં આવી ગયો છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન શમીને વંદે માતરમ વિશે પૂછવામાં આવ્યું. શમીએ જવાબ આપ્યો, "આપણા ધર્મ અને શ્રદ્ધામાં છે કે જો સરકાર કોઈ નિયમ લાદે છે, તો તેનું પાલન કરવું આપણી ફરજ છે. ધર્મ કે જાતિથી કોઈ ફરક પડતો નથી."

શમીએ જય હિંદ અને ભારત માતા કી જય ના નારાઓ પર પણ સ્પષ્ટપણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

# ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર જોન ટર્નરે માત્ર ૨૫ વર્ષની ઉંમરે ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી

નવીદિલ્હી,

ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર જોન ટર્નરે માત્ર ૨૫ વર્ષની ઉંમરે ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈને બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. તેમણે ૨૦૨૪ માં ઈંગ્લેન્ડ માટે ચાર આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી, પરંતુ હવે તેમણે અચાનક વ્યાવસાયિક ક્રિકેટને અલવિદા કહી દીધું છે. પીઠની ગંભીર ઈજાને કારણે, તેમણે ગયા વર્ષે જૂનથી એક પણ મેચ રમી ન હતી. સતત થતી ઈજાઓને કારણે જ તેમણે ક્રિકેટ છોડવાનો આ મુશ્કેલ નિર્ણય લીધો હતો. નોંધનીય છે કે ઈંગ્લેન્ડના ૪૦ વર્ષીય જો ડેનલીએ તાજેતરમાં વ્યાવસાયિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો




નિર્ણય લીધો છે.જોન ટર્નરનો જન્મ જોહાનિસબર્ગમાં થયો હતો. હેમ્પશાયર સાથેના તેમના કરારમાં હજુ બે વર્ષ બાકી હતા. ૨૦૨૪ના અંતમાં ઈંગ્લેન્ડના વેસ્ટ ઈન્ડીઝ પ્રવાસ દરમિયાન, તેમણે ઈંગ્લેન્ડ માટે બે વનડે અને બે ટી ૨૦ રમ્યા હતા, જેમાં ત્રણ વિકેટ લીધી હતી. તેમનો સ્થાનિક ક્રિકેટમાં પણ મજબૂત રેકોર્ડ હતો. જોકે, સતત ઈજાઓને કારણે તેઓ હેમ્પશાયરની કાઉન્ટી ચેમ્પિયનશિપ ટીમમાં કાયમી સ્થાન મેળવી શક્યા ન હતા. તેમણે ટીમ માટે માત્ર સાત ફર્સ્ટ-ક્લાસ મેચ રમી હતી. ત્યારબાદ, ૨૦૨૫ની શરૂઆતમાં, તેઓ લોન પર લેક્રેશાયરમાં જોડાયા અને ત્રણ મેચ રમ્યા, પરંતુ ઈજાના પુનરાવર્તનને કારણે તેમને ખસી જવાની ફરજ પડી હતી.ટર્નરે એક નિવેદનમાં કહ્યું, "વ્યાવસાયિક અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાનું હંમેશા મારું સ્વપ્ન રહ્યું છે." હેમ્પશાયર અને ઈંગ્લેન્ડ માટે રમવું બાળપણના સ્વપ્ન જેવું રહ્યું છે. તેમણે કહ્યું, "મેં ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે, અને તમે સમજી શકો છો કે આ મારા માટે લેવાયેલા સૌથી મુશ્કેલ નિર્ણયોમાંનો એક હતો.

# સુપરસ્ટાર મહેશ બાબુનો ૫૧મો જન્મદિવસ હૈદરાબાદમાં ઉત્સવની જેમ ઉજવવામાં આવશે

હૈદરાબાદ,

અભિનેતા મહેશ બાબુની લોકપ્રિય ફિલ્મ 'દુકુડુ' નું તેમના જન્મદિવસ પર સ્ક્રીનિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફિલ્મ થિયેટરોમાં ફરીથી રિલીઝ થશે. સૌથી ખાસ સ્ક્રીનિંગ મૂસાપેટમાં એશિયન લક્ષ્મીકલા સિનેપ્રાઇડ ખાતે યોજાશે. આ શો ૯ ઓગસ્ટના રોજ સવારે ૮ વાગ્યે બધા ખાસ ચાહકો માટે સુનિશ્ચિત થયેલ છે. વધુમાં, મહેશ બાબુની ફિલ્મોના સવારના શો અન્ય ઘણા થિયેટરોમાં પણ શેડ્યૂલ કરવામાં આવ્યા છે.અભિનેતા મહેશ બાબુના જન્મદિવસની ઉજવણી ફક્ત થિયેટરો સુધી મર્યાદિત નથી. ચાહકોના સંપાદન, ફટાકડા અને લાઈવ બેન્ડ પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તેમના



જન્મદિવસ પર ૫૧ કિલોગ્રામની કેક પણ કાપવામાં આવશે. શહેરનો પહેલો નાઈટક્લબ ઉજવણી ખાજાગુડાના ધ પર્પલ હાઉસ સ્થિત ઈન્સોમ્નિયા નાઈટ ક્લબમાં યોજાશે. ચાહકો મહેશ બાબુની ફિલ્મ 'વારાણસી'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અહેવાલો અનુસાર, નિર્માતાઓ આ ખાસ દિવસે ફિલ્મ સંબંધિત કેટલીક માહિતી પણ જાહેર કરી શકે છે.અહેવાલો અનુસાર, મહેશ બાબુની આગામી ફિલ્મ 'વારાણસી'ના નિર્માતાઓ પણ આ ખાસ દિવસે ચાહકો સાથે ફિલ્મ સંબંધિત કેટલીક માહિતી શેર કરી શકે છે.

# સલમાન ખાને આસામમાં પૂરથી વિસ્થાપિત થયેલા પરિવારોને મદદ કરી, તેમને ૫૦૦ નવા ઘર આપ્યા

## બોલિવૂડ અને સ્થાનિક સ્ટાર્સ પણ આસામમાં પૂર પીડિતોને મદદ કરવા માટે આગળ આવ્યા

મુંબઇ,

બોલીવુડ સુપરસ્ટાર સલમાન ખાન આસામમાં વિનાશક પૂરથી પ્રભાવિત પરિવારોને મદદ કરવા આગળ આવ્યો છે. તે 'આશિયાના - હોપ બિગીન્સ વિથ અ સેફ શેલ્ટર' અભિયાનમાં જોડાયો છે અને એક ઉમદા કાર્ય કરવાનું નક્કી કર્યું છે. આ અભિયાનનો હેતુ પૂરમાં ઘર ગુમાવનારાઓને સુરક્ષિત ઘર આપવાનો છે. ભાઈજાન આ બેઘર લોકો માટે તારણહાર બન્યો છે. સોશિયલ મીડિયા પર દરેક વ્યક્તિ સલમાન ખાનની ઉદારતાની પ્રશંસા કરી રહ્યા છે અને તેમને વાસ્તવિક જીવનનો હીરો ગણાવી



રહ્યા છે. સલમાન ખાનનું ચેરિટી કાર્ય હંમેશા સમાચારમાં રહે છે. તે હંમેશા સામાજિક કલ્યાણ પ્રવૃત્તિઓમાં રોકાયેલા રહે છે. કેન્સરના દર્દીઓને મદદ કરવાથી લઈને હજારો બાળકોના શિક્ષણને ટેકો આપવા સુધી, સુપરસ્ટાર હંમેશા જરૂરિયાતમંદ લોકો માટે ઉભા રહે છે.

'આશિયાના - આશા સલામત આશ્રય સાથે શરૂ થાય છે' અભિયાન હેઠળ નેપાળી ખૂટીમાં બાંધકામ કાર્ય શરૂ થઈ ગયું છે. પ્રથમ તબક્કામાં, લગભગ ૨૨૦ અર્ધ-કાયમી ઘરો પૂર્ણ થઈ ગયા છે, જે ઘણા બેઘર પરિવારોને રહેવા માટે સલામત સ્થળ પૂરું પાડે છે. આ પહેલનો હેતુ કુલ ૫૦૦ ઘરો બનાવવાનો છે, જે સેંકડો પરિવારોને સલામતી, આશા અને ગૌરવ સાથે તેમના જીવનનું પુનર્નિર્માણ કરવામાં મદદ કરશે. આ અભિયાન કુદરતી આફતને કારણે બેઘર બનેલા પૂરગ્રસ્ત લોકોને લાંબા ગાળાની સહાય પૂરી પાડશે.

સલમાન ખાનના સમર્થનથી આ ઉમદા કાર્ય તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે, અને આશા છે કે આનાથી વધુ લોકોને પૂરગ્રસ્ત સમુદાયોને મદદ કરવા માટે આગળ આવવા પ્રેરણા મળશે. આ પહેલ આસામના ઘણા પરિવારોને સુરક્ષિત અને સ્થિર વાતાવરણમાં જીવનનો નવો અધ્યાય શરૂ કરવાની તક પૂરી પાડશે. આ પહેલી વાર નથી જ્યારે તે પીડિતોને મદદ કરવા માટે આગળ આવ્યો હોય. સુપરસ્ટાર હંમેશા ફિલ્મ ઉદ્યોગના લોકોને મદદ કરવામાં મોખરે રહે છે, નિઃસ્વાર્થપણે દરેકને મદદ કરે છે.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | આ | ભો | બા | ગ | વિ | ણા | શ | ઈ | બિ | ર | કી |
| લા | ઊ | ર | ઈ | ર | મા | પ્ર | સ | ળ | દ | બ | સ |
| બ | ગુ | અ | સ | શિ | ઉ | તા | પ | સ | ગ | ચ | ડ |
| ક | ગં | મ | ચ | ન | વિ | ળ | ક | દ | ક | મ | ભા |
| બૂ | ઊ | મ | ના | ઈ | ધ | કા | ર | ચા | રી | ક્રો | ણિ |
| ભ | ચી | ઊ | સ | મ | કુ | બં | ર | ર | હિ | મ | કા |
| ક | મા | મો | દ | લ | ડો | બ | ગ | કા | ક | બ | ઈ |
| ગુ | લા | મ | ગ | ળ | રો | ઝ | ણ | મા | ત | પ્ર | ફ |
| બા | ક | બા | ણ | ભો | લ | દ | કા | બ | મા | ન | કુ |
| ખ | વા | જી | ગુ | ડ | ડી | આ | જ્ઞા | શ | બ | ળ | તી |
| ગી | દ | મા | મ | બૂ | ર | ન | આ | આ | શિ | શિ | દા |
| મો | ન | રો | કા | ર | દ | ક્ષ | ર | ગ | ન | મ | અ |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# લોકઅપ-૨ માંથી મુક્ત થયા પછી શિલ્પા શિંદેએ આશ્રયસ્થાનમાં વૃદ્ધ મહિલાઓ સાથે ઉજવણી કરી



મુંબઇ,

"લોક અપ ૨" ભલે સમાપ્ત થઈ ગયો હોય, પરંતુ આ શો ઘણા કારણોસર સોશિયલ મીડિયા પર સમાચારમાં રહે છે. હોસ્ટ ફરાહ ખાન, રિતેશ દેશમુખ અને નિર્માતા એકતા કપૂર પણ સ્પર્ધકો સાથે સફળતા પાર્ટીમાં હાજર રહ્યા હતા. જોકે, શિલ્પા શિંદે ઉજવણીમાં ગેરહાજર હતી. તેના બદલે, અભિનેત્રી સીધી કર્જત સ્થિત તેના આશ્રયસ્થાનમાં ગઈ, જ્યાં ફૂલોના માળા પહેરીને રાહ જોઈ રહેલી વૃદ્ધ મહિલાઓએ તેમનું હૃદયસ્પર્શી સ્વાગત કર્યું. "ભાબીજી ઘર પર હૈ" ફેમ શિલ્પાએ સોશિયલ મીડિયા પર આ ભાવનાત્મક વિડિઓ પોસ્ટ કર્યો, જે વાયરલ થઈ રહ્યો છે.

શિલ્પા શિંદેએ ઈન્સ્ટાગ્રામ પર આ ભાવનાત્મક મુલાકાતનો એક વિડિઓ શેર કર્યો અને કેપ્શન આપ્યું, "લોકડાઉન પછી ઘરે પાછી... આટલો પ્રેમ અને ટેકો જોઈને, એવું લાગે છે કે હું વિજેતા છું!! મારા હૃદયના ઊંડાણથી બધાનો આભાર!" વિડિઓ બતાવે છે કે શિલ્પા આવતાની સાથે જ, વૃદ્ધ મહિલાઓએ તેમનું ફૂલોના માળાથી સ્વાગત કર્યું. અભિનેત્રીએ તેમના આશીર્વાદ લીધા અને બધાનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. ખાસ કરીને ભાવનાત્મક ક્ષણ ત્યારે બની જ્યારે એક વૃદ્ધ મહિલાએ શિલ્પાનો હાથ ચુંબન કર્યો અને તેને હલાવી. ઘણી હસ્તીઓએ પણ આ હૃદયસ્પર્શી વિડિઓ પર પોતાની પ્રતિક્રિયાઓ શેર કરી.શિલ્પા ત્યારબાદ આશ્રયસ્થાનમાં અન્ય મહિલાઓ સાથે મળી. દરેક મહિલાએ તેને ફૂલો આપ્યા અથવા તેને માળા પહેરાવી.

# રાજપાલ યાદવની પૈતૃક મિલકતની હવે ૧૬.૬૧ કરોડના દેવા માટે હરરાજી કરવામાં આવશે

મુંબઇ,

બોલીવુડના પ્રખ્યાત હાસ્ય કલાકાર રાજપાલ યાદવની નાણાકીય અને કાનૂની સમસ્યાઓ વધુ વણસી રહી છે. ૧૬.૬૧ કરોડથી વધુની બાકી લોન ચૂકવવામાં અસમર્થતાને કારણે, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા (મુંબઈ) એ ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાં તેમની મિલકત પર જપ્તી અને હરાજીની નોટિસ જારી કરી છે. બેંકે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો બાકી રકમ નિર્ધારિત સમયગાળામાં ચૂકવવામાં નહીં આવે, તો ગીરવે મૂકેલી મિલકત ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ઓનલાઈન હરાજી કરવામાં આવશે. દિલ્હી હાઈકોર્ટે ફિલ્મ "આતા પતા લપતા" સંબંધિત ચેક બાઉન્સ



કેસમાં તેમને સજા ફટકાર્યાના થોડા સમય પછી આ ઘટનાક્રમ સામે આવ્યો છે.બાંદામાં યાદવ ભવનની હરાજી કરવામાં આવશે, જેની બાનામી રકમ ૩૧ લાખ નક્કી કરવામાં આવી છે. નવીનતમ અપડેટ અનુસાર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની મુંબઈ શાખાના નિર્દેશો પર, શાહજહાંપુર શાખાના મેનેજર અનુજ વર્માએ બાંદા (પુવાઈન તહેસીલ) સ્થિત અભિનેતાના નિવાસસ્થાન "યાદવ ભવન" પર હરાજીની નોટિસ લગાવી છે. બેંક ડેટા અનુસાર, રાજપાલ યાદવ, તેમની પત્ની રાધા યાદવ અને માતા ગોદાવરી દેવી પર બેંકને કુલ ૧૬,૬૧,૬૪,૬૩૮ રૂપિયા દેવાના છે.

# રાજકોટ ગ્રામ્ય પોલીસ-સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા ધોરાજી ખાતે 'નારી વંદન સપ્તાહ' અંતર્ગત નારી સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો

## ૮૦૦થી વધુ વિદ્યાર્થિનીઓને મહિલા સુરક્ષા અને સાયબર ક્રાઈમ અંગે માર્ગદર્શન અપાયું

રાજકોટ,
રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ - સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા ધોરાજી ખાતે "નારી વંદન સપ્તાહ" અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૮૦૦થી વધુ વિદ્યાર્થિનીઓને પોલીસની વિવિધ ટીમ દ્વારા મહિલા સલામતી અને સુરક્ષા, મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા માહિતી ખાતા દ્વારા કલ્યાણકારી યોજનાઓ અને આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યલક્ષી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ.એમ. ઠાકોર અને ધોરાજી સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી બી.આર. પટેલે નાગરિકોની સુરક્ષા માટે કટીબદ્ધ પોલીસની કામગીરી અંગે વિશેષ માહિતી આપી હતી. તેમણે સાયબર ગુનાના કિસ્સામાં તાત્કાલિક ગોલ્ડન અવરમાં જ '૧૯૩૦' હેલ્પલાઈન નંબરની મદદ લેવા અપીલ કરી હતી.

આ તકે સાયબર ક્રાઈમ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ.એન.કંડ્યાએ સાયબર ગુનાઓ અને તેનાથી બચવાના ઉપાયો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. જેમાં ફેક લિંક, ઓટીપી ફ્રોડ, ડિજિટલ અરેસ્ટ, સોશિયલ મીડિયા પર થતી હેરાનગતિ, મોર્ફિંગ, ફેક પ્રોફાઈલ અને ઓનલાઈન બ્લેકમેલિંગથી સાવચેત રહેવા જણાવ્યું હતું. સાથે જ કોઈપણ વસ્તુ ઓનલાઈન ખરીદતા પહેલાં સંબંધિત લિંક કે સાઈટની ખરાઈ કરવા તાકીદ કરી હતી. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પી.આઈ. શ્રી એન.એ. શુક્લાએ દેહવ્યાપાર, શોષણ, બાળમજૂરી, બળજબરીથી કરાવાતી મજૂરી અને ભિક્ષાવૃત્તિ જેવા વિષયો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે પીડિતોના પુનર્વસન અને કાયદાકીય જોગવાઈઓ અંગે વિસ્તૃત વિગતો આપી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી જનકસિંહ ગોહિલે નારી વંદન સપ્તાહ અંતર્ગત થતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે સૌને માહિતગાર કર્યા હતા. સહાયક માહિતી નિયામક શ્રી રાધિકા વ્યાસે રાજ્ય સરકારની મહિલા કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી પૂરી પાડી હતી. જ્યારે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પી.એમ.વાછાણીએ મહિલાઓ માટેની સરકારી આરોગ્યલક્ષી યોજનાઓથી વિદ્યાર્થિનીઓને માહિતગાર કરી હતી.

૧૮૧ મહિલા હેલ્પલાઈનના કાઉન્સિલર જિગ્નાશાબેન દાણીધારીયા, મહિલા સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટરના સોનલબેન ચાવડા અને સખી વન સ્ટોપ સેન્ટરના પદ્માબેન વડોદરિયાએ મુશ્કેલીના સમયે મહિલાઓને મળતી સહાય અને કાયદાકીય માર્ગદર્શન વિશે વિગતવાર જાણકારી આપી હતી.

રોયલ ગ્રુપ ઓફ સ્કૂલ્સ-ધોરાજી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં સાયબર પી.એસ.આઈ. શ્રી એસ.કે.સોલંકી, ધોરાજીના કેળવણી નિરિક્ષક શ્રી ભાવિન ડેડકિયા, શાળાના શિક્ષકો, વિવિધ વિભાગના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી.

# રાજકોટ જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશ દ્વારા ખાખીજાળીયા ગ્રામપંચાયતના દફતરની તપાસણી



રાજકોટ,
રાજકોટ જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશએ જિલ્લાના ખાખીજાળીયા તેમજ ઉપલેટાની મૂલાકાત લીધી હતી. જેમાં ખાખીજાળીયાની મૂલાકાત દરમિયાન તેઓએ ગ્રામપંચાયતના દફતરની તપાસણી કરી હતી. તેની સાથોસાથ જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશ દ્વારા ગામના વિકાસ, શિક્ષણની સુવિધા આંગણવાડી તેમજ ગામની સ્થાનિક બાબતોને લગતા વિવિધ મહત્વના મુદ્દાઓ પર સમિક્ષા કરી હતી.

આ ઉપરાંત ગ્રામ પંચાયતના મકાનની વર્તમાન પરિસ્થિતિ અંગ તેઓએ માહિતી મેળવી હતી. તેમજ આ વિસ્તારમાં થયેલા વરસાદ અને તેની સ્થિતિ અંગે પણ આ તકે ચર્ચા કરવામાં આવી હતી.કલેક્ટરે સ્થળ પર હાજર રહેલા અરજદારો સાથે રૂબરૂ ચર્ચા કરી તેમની રજૂઆતો અને પ્રશ્નો સાંભળ્યા હતા.ગામની કુલ વસ્તી કેટલી છે તથા સ્થાનિક ખેડૂતો દ્વારા કયા-કયા ખેતીવિષયક પાકો લેવામાં આવે છે તે અંગે જરૂરી માહિતી પણ તેઓએ મેળવી હતી.જયારે કલેકટર ડો.ઓમપ્રકાશ દ્વારા ઉપલેટા પોલીસ સ્ટેશનની પણ વિગતવાર તપાસણી અને સમીક્ષા કરવામાં આવી હતી.પોલીસ સ્ટેશનના નિયત રજિસ્ટરો, હિસ્ટ્રીશીટર અંગેની માહિતી અને પોલીસ સ્ટેશનના મકાન/બિલ્ડિંગની વિગતોની બારીકાઈથી સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રોહિબિશન (દારૂબંધી/કેફી પદાર્થો) સંબંધિત કેસોમાં આરોપીઓ સામે વધુ રકમના જામીન લેવા માટે સબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ પણ કલેકટર દ્વારા આપવામાં આવી હતી.

# રાજકોટ વોર્ડ નં.૧ની ધરમનગર આવાસ યોજનામાં દુષિત પાણીથી રોગચાળાનો ભય

## પાઈપલાઈન મારફત સવારે દુષિત પાણી મળતા વિસ્તારના લોકો બહાર દોડી આવ્યા



રાજકોટ, રાજકોટના જુદા જુદા વિસ્તારોમાં દુષિત પાણીની ફરિયાદોનો અંત આવતો નથી ત્યાં આજે ન્યુ રાજકોટના વોર્ડ નં. ૧ની ધરમનગર આવાસ યોજનામાં લાંબા સમયથી મળતા દુષિત પાણીના મામલે દેકારો થયો હતો. લોકો બિમાર પડવા લાગે એવી હાલત હોવાની ફરિયાદ નાગરિકોએ કરી છે. તો વોર્ડ નં.૧૮ના સુખરામનગરમાં પણ ગંદા પાણીથી ટાંકા ભરાઈ ગયાની સ્થિતિ સર્જાય છે.

વોર્ડ નં.૧માં રામાપીર ચોકડી પાસે ધરમનગર આવાસ યોજના આવેલી છે. કોર્પોરેશને જ બનાવેલી આ આવાસ યોજના અને આસપાસમાં ૯૦૦ જેટલા ઘર રહેલા છે. આજે પણ આ વિસ્તારમાં મનપાની પાઈપલાઈન મારફત સવારે દુષિત પાણી મળતા વિસ્તારના લોકો બહાર દોડી આવ્યા હતા.

બહેનોએ ફરિયાદ સાથે જણાવ્યું હતું કે, લગભગ ૮ થી ૧૦ માસથી ફીણવાળા સહિત ડહોળુ પાણી આવી રહ્યું છે. અનેક વખત કોર્પોરેટરો અને અધિકારીઓને રજુઆત કરવામાં આવી છે પરંતુ પાણીનું પરીક્ષણ કરવા પણ કોઈ આવતું નથી.

હાલ બાળકો માટે જોખમી ચાંદીપુરા વાયરસનો ફફડાટ પણ ફેલાયેલો છે. તેવામાં દુષિત પાણી અને ચોમાસુ ઋતુમાં ડહોળા પાણીના કારણે બાળકો બિમાર પણ પડવા લાગ્યા છે. વિસ્તારના રહેવાસીઓએ વધુમાં કહ્યું હતું કે, ગંદા પાણીના કારણે તેનો ઉપયોગ પણ કરી શકાતો નથી. વડીલોના આરોગ્ય ઉપર પણ અસર પડી રહી છે પરંતુ કોર્પો. દ્વારા કોઈ નિકાલ કરવામાં આવતો નથી.

આ સિવાય આજે પણ વોર્ડ નં.૧૮ના કોઠારીયા વિસ્તારમાંથી દુષિત પાણીની ફરિયાદો આવી હતી. વોર્ડના સુખરામનગર વિસ્તારમાં મળતા ડહોળા પાણીથી ટાંકાઓ ભરાઈ ગયા છે. લોકો નવું પાણી પણ ભરી શકતા નથી અને આ પાણીનો ઉપયોગ થઈ શકતો નથી. આથી આ વિસ્તારમાં પણ મનપાની ટીમો નમુના ચકાસી તુરંત શુધ્ધ પાણી મળે તેવી વ્યવસ્થા કરે એવી માંગણી થઈ છે.

# રાજકોટના વોર્ડ નં.૮ના વન ડે, વન વોર્ડ કાર્યક્રમ અંતર્ગત ૨૯૧ જેટલા આસામીઓને નોટીસ

## પોશ એરીયામાં પણ સાડા છસ્સોથી વધુ મિલ્કતમાં મચ્છરના પોરા જોવા મળ્યા



રાજકોટ,
વન ડે, વન વોર્ડ કાર્યક્રમ અંતર્ગત પોશ એરીયા વોર્ડ નં.૮માં વાહકજન્ય રોગ નિયંત્રણ કામગીરી કરવામાં આવતા સાડા છસ્સોથી વધુ મિલ્કતમાં મચ્છરના પોરા જોવા મળ્યા હતા. તો બેદરકારી બદલ ૨૯૧ જેટલા આસામીઓને નોટીસ પણ ફટકારવામાં આવી છે.

ચોમાસાની ઋતુને ધ્યાને લઈને વાહકજન્ય રોગો જેવા કે ડેંગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા રોગોના નિયંત્રણને અનુલક્ષીને વોર્ડ નં.૮માં વાહક નિયંત્રણની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.જેમાં ઘરોની મુલાકાત લઈ ઘરમાં તથા તેની આસપાસ રહેલ પીવાના તથા વપરાશના પાણીના પાત્રો, ટાંકા, ટાંકી, છોડના કુંડા, પક્ષીકુંજ વગેરે જેવી જગ્યા તપાસીને દવા નાંખવાની કામગીરી કરાઈ હતી અને આવી જગ્યાઓ પર પાણી સંગ્રહિત ન રહે તે માટે લોકોને આરોગ્ય શિક્ષણ અપાયું હતું. રહેણાંકની સાથે વોર્ડમાં આવતી શાળાઓ, હોસ્પિટલ, બાંધકામ સાઈટ, સેલર, હોટલ જેવા કોમર્શીયલ અને જાહેર સ્થળોએ મચ્છર ઉત્પતિ સબબ તપાસ, ખાડામાં ઓઈલ છંટકાવ, પત્રિકા વિતર કરાયું હતું.

આ વોર્ડમાં ૨૦,૦૧૦ ઘરની મુલાકાત લઈ ૮૬,૩૩૬ પાત્રો ચકાસવામાં આવેલ છે. જેમાંથી ૬૬૯ ઘરમાં પોરા જોવા મળતા તેનો નાશ કરવામાં આવેલ છે. ૧૬૩ બિનરહેણાંક એકમોની તપાસ કરી મચ્છર ઉત્પતિ સબબ ૧૨૮ આસામીઓને નોટીસ આપવામાં આવેલ છે.

ફિવર સર્વે દરમ્યાન ૫૭ વ્યકિતઓના લોહીના નમુના પણ લેવાયા છે. આ કાર્યવાહીમાં કોર્પોરેટરો કિરણબેન માકડીયા, રીટાબેન સખીયા, પ્રવિણભાઈ સેગલીયા અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહેલ હતા

આ ઝુંબેશને સફળ બનાવવા લોકોને મચ્છર ઉત્પતિ અટકાયતી ઝુંબેશમાં સહકાર આપવા અપીલ કરવામાં આવેલ છે.

# રાજકોટ નવરંગ નેચર કલબ દ્વારા રાહત દરે ફુલછોડ બિયારણનું વિતરણ





રાજકોટ,
વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત આજરોજ કણસાગરા કોલેજના એન.એસ.એસ. (દ્રજીજી) ડિપાર્ટમેન્ટ અને 'નવરંગ નેચર ક્લબ'ના સંયુક્ત જોડાણ દ્વારા કોલેજ પરિસરમાં પર્યાવરણ જાગૃતિ અને હરિયાળીના સંદેશ સાથે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણ જાગૃતતા કાર્યક્રમ અંતર્ગત આ રાહતદરે પુષ્પ, ફૂલછોડ, બિયારણ, કુંડાઓ તેમજ શાકભાજીના છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# રાજકોટ શહેરની ચાર શાળાઓમાં ફાયર સેફ્ટી અને ઈમરજન્સી તાલીમ યોજાઈ



રાજકોટ,
રાજકોટ મહાનગર પાલિકાના ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ વિભાગ દ્વારા શહેરની વિવિધ શાળાઓ અને એકેડમી ખાતે ફાયર સેફ્ટી અંગે વિશેષ જાગૃતિ મોકડ્રિલ તથા તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૦૫/૦૮/૨૦૨૬ ના રોજ શ્રી રામ સોસાયટી, મોરબી રોડ સ્થિત શિવ વિદ્યા મંદિર ખાતે ૭૦ વિદ્યાર્થીઓ તથા રેલનગર શેરી નં-૨ સ્થિત શ્રી આનંદ વિદ્યાલય ખાતે અંદાજે ૨૦૦ વિદ્યાર્થીઓને ફાયર સેફ્ટી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉપરાંત, આંબેડકર નગર, ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે આવેલી શ્રી ડો. બી. આર. આંબેડકર કુમાર પ્રાથમિક શાળા નં-૮૨ ખાતે ૨૫૦ વિદ્યાર્થીઓ તેમજ સાધુ વાસવાણી મેઈન રોડ પર સ્થિત બુસ્ટ પ્લસ એકેડમી ખાતે ૧૫ વિદ્યાર્થીઓને બેઝિક ફાયર ફાઈટીંગ તથા ફાયર એક્સટિંબ્યુશર (અગ્નિશામક સાધનો)ના ઉપયોગ વિશે વિસ્તૃત માહિતી આપવામા આવી હતી.

આ મોકડ્રિલ દરમિયાન ઈમરજન્સી સમયે ફાયર સિસ્ટમનો ઉપયોગ કેવી રીતે કરવો, આગ બુઝાવવાના સાધનોની જાળવણી, તેમજ સ્વ-બચાવ અને અન્ય લોકોના રક્ષણ માટે શું કરવું અને શું ન કરવું તે અંગે ફાયર વિભાગના અધિકારીઓ અને સ્ટાફ દ્વારા પ્રાયોગિક માહિતી પૂરી પાડવામાં આવી હતી.

ફાયર વિભાગ દ્વારા વધુને વધુ નાગરિકો અને બિલ્ડીંગ ધારકો ફાયર સેફ્ટીની તાલીમ મેળવે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે. જે બિલ્ડીંગ ધારકો પોતાની જગ્યા પર આવી મોકડ્રિલ યોજવા સ્વેચ્છિક અરજી કરશે તેમને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

# રાજકોટમાં બ્રહ્મદેવ સમાજ રાજકોટ દ્વારા ૫૪૦ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

રાજકોટ,
બ્રહ્મદેવ સમાજ રાજકોટ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ "સરસ્વતી સન્માન સમારોહ - ૨૦૨૫"નું ભવ્ય આયોજન સેવા ભારતી ભવન, અમૂલ સર્કલ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ધો. ૧ થી ૧૨ સુધીના અંદાજે ૫૪૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમના શૈક્ષિક ઉત્કર્ષને બિરદાવવામાં આવ્યો હતો.

સમાજના આગેવાનો અને મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને સન્માન આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં બ્રહ્મદેવ સમાજના રાષ્ટ્રીય સચિવ મિલનભાઈ શુક્લે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમમાં ગજાનન આશ્રમ માલસર પૂ. ગુરુજી વિજયભાઈ જોશી, હિમાંશુભાઈ રાજગુરુ, જયેશભાઈ પંડ્યા, ગોરધનભાઈ બામટા, અંજનભાઈ ભટ્ટ, અમિતભાઈ તેરૈયા, ચિંતનભાઈ દવે, તુષારભાઈ ભટ્ટ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.સફળ બનાવવા બ્રહ્મદેવ સમાજ શિક્ષણ સમિતિના અધ્યક્ષ જીગ્નેશભાઈ રાજગોર, કશ્યપભાઈ પંચોલી, કશ્યપભાઈ રાજગુરુ, જનકભાઈ જોશી, મહેશભાઈ મહેતા સહિત શિક્ષણ સમિતિના હોદ્દેદારો, બ્રહ્મદેવ સમાજ મહિલા ટીમ, વરિષ્ઠ ટીમ, યુવા ટીમ, શહેરની તમામ વોર્ડ ટીમો તથા સમાજના તમામ હોદ્દેદારો અને કાર્યકરોનો ઉત્સાહભર્યો સહયોગ રહ્યો હતો.

# કોટડાસાંગાણી આઈ.ટી.આઈ.માં ચોથા રાઉન્ડની પ્રવેશપ્રક્રિયા ૧૪ ઓગસ્ટ સુધી ચાલશે

રાજકોટ, સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, કોટડાસાંગાણી ખાતે પ્રવેશ સત્ર-૨૦૨૬ અંતર્ગત વિવિધ કોર્સમાં ખાલી રહેલી બેઠકો માટે ચોથા રાઉન્ડની પ્રવેશપ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે તા.૧૪/૦૮/૨૦૨૬ સુધી ચાલુ રહેશે. આ પ્રવેશ પ્રક્રિયામાં ધોરણ-૧૦ પાસ ઉમેદવારો માટે હેલ્થ સેનિટરી ઈન્સ્પેક્ટર, ઈલેક્ટ્રિશિયન, મિકેનિક ડીઝલ અને કોપા (કોમ્પ્યુટર કોર્સ) તેમજ ધોરણ-૮ પાસ ઉમેદવારો માટે વાયરમેન અને વેલ્ડર સહિતના વિવિધ કોર્સમાં 'વહેલા તે પહેલા'ના ધોરણે કામગીરી ચાલુ છે. પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ જરૂરી આધારો સાથે સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ભાડવા રોડ, સૂર્યમુખી હનુમાન મંદિર પાસે, કોટડાસાંગાણી ખાતે રૂબરૂ સંપર્ક કરવા સંસ્થાના આચાયશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ખોડાપીપર ડેમ ૯૦ ટકા ભરાતા હાઈએલર્ટ: નીચાણવાળા ગામોના લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા સૂચના

રાજકોટ,
વરસાદથી પાણીની આવક વધતાં પડધરી તાલુકા પાસે આવેલા ખોડાપીપર જળાશયમાં ૯૦ ટકા પાણી ભરાઈ ગયું છે. આથી ડેમ પૂર્ણ ભરાય કે રૂલ લેવલ જાળવી રાખવા માટે પાણી છોડવામાં આવે ત્યારે નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં કોઈએ અવરજવર ન કરવા સૂચના જારી કરવામાં આવી છે.

આ સાથે રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખોડાપીપર ગામ, થોરીયાળી તથા મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના ખાખરા ગામના લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યો છે.

ડેમની પૂર્ણ જળસપાટી ૫૫.૨૭ મીટર છે. ડેમમાં હાલનું જળસ્તર ૫૫.૦૪ મીટર છે. ડેમમાં હાલ કુલ જળજથ્થો ૨.૭૯ ઘનમીટર છે. ડેમમાં નીરની આવક ૨૬ ક્યુસેક છે, તેમ પૂર નિયંત્રણ વર્તુળની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ બાલાજી હનુમાનજી મંદિરે ભકતો કુરિયર કે પોસ્ટ દ્વારા દાદાને રાખડી મોકલી શકશે

રાજકોટ,ઈચ્છાઓ સઘળી ફળે, જેને બાલાજી ની કૃપા મળે.. લાખો ભક્તોની આસ્થાનો કેન્દ્ર સમાન રાજકોટના ભૂપેન્દ્ર રોડ પર આવેલા સુપ્રસિદ્ધ શ્રી બાલાજી હનુમાનજી મંદિર દ્વારા રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે એક અનોખા અને ભાવસભર આયોજનની જાહેરાત કરવામાં આવી છે.નનઝફબનન દરેક ભક્તની ઈચ્છા હોય છે કે તે પોતાના રક્ષક એવા કષ્ટભંજન દાદાને રક્ષા બાંધે.



આ જ ભક્તિભાવને વાચા આપવા માટે શ્રી બાલાજી હનુમાનજી મંદિર દ્વારા "મારા દાદાને, મારી રાખડી" અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેના અંતર્ગત શ્રી બાલાજી દાદાને રાખડી અર્પણ કરવાનો પાવન અવસર ભક્તોને પ્રાપ્ત થશે.નનજે ભક્તો કોઈપણ કારણસર રૂબરૂ આવી શકે તેમ નથી અથવા બહારગામ રહે છે અને દાદાને રાખડી મોકલવા ઈચ્છે છે, તેઓ પોતાની રાખડી કુરિયર અથવા પોસ્ટના માધ્યમથી મંદિરના સરનામે મોકલી શકશે.

ભક્તો દ્વારા શ્રદ્ધાપૂર્વક મોકલવામાં આવેલી આ રાખડીઓ દાદાના ચરણોમાં અર્પણ કરવામાં આવશે.નનઆ સુંદર અને ભાવનાત્મક કાર્યક્રમનું આયોજન શ્રી બાલાજી હનુમાનજી મંદિરના મહંત શાસ્ત્રી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી, શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી શ્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી શ્રી મુનિવત્સલદાસજી સ્વામીના રૂડા આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. જય બાલાજી.

શ્રી બાલાજી હનુમાનજી મંદિરે રક્ષાબંધન નિમિત્તે 'મારા દાદાને, મારી રાખડી' અભિયાન શરૂ, ભકતો હવે ઘરે બેઠા કુરિયર કે પોસ્ટ મારફતે કષ્ટભંજન દાદાને અર્પણ કરી શકશે રાખડી.દેશ-વિદેશમાં વસતા ભાવિકોને રૂબરૂ આવ્યા વિના પણ દાદાના ચરણોમાં રક્ષા અર્પણ કરવાનો રૂડો અવસર, મોકલાયેલી તમામ રાખડીઓ દાદાને અર્પણ કરાશે. રાખડી મોકલવા માટેનું સરનામું શ્રી બાલાજી હનુમાનજી મંદિર, ભુપેન્દ્ર રોડ, રાજકોટ- ૩૬૦૦૦૧. મોબાઈલ નંબરઃ- ૯૪૮૪૯ ૮૯૦૦૦

# ગોંડલની સરકારી એમ.બી.આઈ.ટી.આઈ.માં વિવિધ ટેકનિકલ કોર્સની ખાલી બેઠકો પર ૧૪મી સુધી પ્રવેશ મેળવી શકાશે

રાજકોટ, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ ચાલતી શ્રી એમ.બી.ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગોંડલ ખાતે ટેકનિકલ કોર્સમાં ચોથા રાઉન્ડ બાદ ખાલી રહેલી બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

આચાયશ્રી એમ.બી. આઈ.ટી.આઈ. ગોંડલની યાદીમાં જણાવાયા મુજબ, ખાલી રહેલી બેઠકો પર 'વહેલા તે પહેલા'ના ધોરણે પ્રવેશ મેળવી શકાશે. તા. ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ સુધી સંસ્થા ખાતે વિના મૂલ્યે પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેશે. પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ વધુ જાણકારી માટે શ્રી એમ.બી. આઈ.ટી.આઈ., નેશનલ હાઈવે ૨૭, ૬૬ કેવી સબસ્ટેશન બાજુમાં, ગોંડલ ફોન નં. ૦૨૮૨૫-૨૪૦૩૨૨ ખાતે સંપર્ક કરવાનો રહેશે.

# સરકાર પાસે સીમાંકન બિલ માટે પૂરતું સમર્થન, ઓગસ્ટમાં એક ખાસ સત્ર બોલાવશે : પીએમ મોદીએ સંકેત આપ્યો

## ડીએમકે સીમાંકન બિલ પર મોદી સરકારને ટેકો આપી શકે છે, પરંતુ ત્રણ શરતો મુકી

નવીદિલ્હી,

પીએમ મોદીએ શુક્રવારે એનડીએ સાંસદો સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં, તેમણે સંકેત આપ્યો હતો કે સરકાર પાસે સીમાંકન બિલ પસાર કરવા માટે પૂરતું સમર્થન છે. સૂત્રો અનુસાર, સીમાંકન બિલ અને મહિલા અનામત બિલ પસાર કરવા માટે આ મહિને એક ખાસ સત્ર બોલાવી શકાય છે. વડા પ્રધાને સંકેત આપ્યો હતો કે સીમાંકન બિલ માટે સરકાર પાસે પૂરતું સમર્થન છે અને ૩૬૬ સાંસદોની સંખ્યા એકત્રિત કરવામાં આવી છે. જો આ શક્ય ન હોય તો, મહિલા અનામત અને સીમાંકન સંબંધિત બિલો પર આગળ વધવા માટે એક ખાસ સત્ર બોલાવી શકાય છે. સૂત્રો સૂચવે છે કે સરકાર ૧૫ ઓગસ્ટ પછી સંસદનું ખાસ સત્ર બોલાવી શકે છે. સાંસદોને કહેવામાં આવ્યું હતું કે સીમાંકન પ્રક્રિયામાં તેમના મતવિસ્તારના હિતોને ધ્યાનમાં લેવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ડીએમકેએ એનડીએ ને ટેકો આપવા માટે ત્રણ શરતો પણ મૂકી હતી.

બેઠકમાં, સાંસદોને જનરલ-ઝેડ અને યુવાનો સાથે સક્રિય રીતે જોડાયેલા રહેવા, તેમને સરકારની યોજનાઓ અને સિદ્ધિઓ વિશે માહિતી આપવા અને વાતચીત દ્વારા યુવાનોના રોષ અને સરકાર પ્રત્યે નકારાત્મકતા ઘટાડવાનો પ્રયાસ કરવા કહેવામાં આવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વડા પ્રધાને શિવસેના (શિંદે) સાંસદોને કહ્યું કે તમામ પક્ષના નિર્ણયો બંધારણના દાયરામાં લેવામાં આવે છે. સુપ્રીમ કોર્ટમાં કેસ પેન્ડિંગ હોવા છતાં, તેમનું સભ્યપદ જોખમમાં નથી. તેમણે કહ્યું કે વિકાસ કાર્ય અથવા કેન્દ્ર સરકાર સંબંધિત કોઈપણ મુદ્દાઓ અંગે સાંસદો સીધા વડા પ્રધાન કાર્યાલય અથવા વડા પ્રધાનનો સંપર્ક કરી શકે છે. શિવસેના (શિંદે જૂથ) ના



સાત સાંસદો બેઠકમાં હાજર રહ્યા હતા. આ દરમિયાન, એનસીપી (અજીત પવાર) ના ૨૦ સાંસદો અને એનસીપી (અજીત પવાર) ના ૨૦ સાંસદો આ બેઠકમાં ભાગ લીધો હતો. ઉપેન્દ્ર કુશવાહા સહિત લગભગ ૪૫ સાંસદોએ નાસ્તામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી.

વડાપ્રધાનએ સાંસદોને તેમના મતવિસ્તારના વિકાસ માટે તેમની શક્તિનો અસરકારક રીતે ઉપયોગ કરવા વિનંતી કરી. જો તેમને કોઈપણ વિકાસ પ્રોજેક્ટમાં કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડે છે, તો તેમણે સીધા પ્રધાનમંત્રી કાર્યાલયનો સંપર્ક કરવો જોઈએ. પ્રધાનમંત્રીએ બધા સાંસદો સાથે વ્યક્તિગત રીતે વાત કરીને તેમના સુખાકારી વિશે પૂછપરછ કરી.

# સુપ્રીમ કોર્ટની પાર્ટી ચિન્હ પર ટિપ્પણી બાદ નાયબ મુખ્યમંત્રી એકનાથનું હૃદય ધબક્યું

## પીએમ મોદી અને અમિત શાહને મળવા દિલ્હી પહોંચ્યા

મુંબઈ,

શિવસેના પ્રતીક વિવાદ પર સુપ્રીમ કોર્ટની ટિપ્પણી અને પ્રશાંત કિશોરની સુનેત્રા પવાર સાથેની મુલાકાત બાદ મહારાષ્ટ્રનું રાજકારણ ફરી એકવાર તોફાની બન્યું છે. ઉદ્ધવ ઠાકરે જૂથનો દાવો છે કે સુપ્રીમ કોર્ટ શિવસેના પક્ષ અને પ્રતીકને પુનઃસ્થાપિત કરી શકે છે. જો આવું થાય, તો તે એકનાથ શિંદેના શિવસેનામાં ઉથલપાથલ પેદા કરશે. પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે, એકનાથ શિંદે હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને પીએમ નરેન્દ્ર મોદીને મળવા દિલ્હી પહોંચ્યા છે. શુક્રવારે, તાજેતરમાં ઠાકરે જૂથ છોડીને શિંદે જૂથમાં જોડાયેલા લોકોએ વડા પ્રધાન સાથે નાસ્તો કર્યો હતો. આ સાંસદો અગાઉ અમિત શાહને પણ મળ્યા હતા.

સુપ્રીમ કોર્ટ શિવસેનાના પ્રતીક અને મહારાષ્ટ્રમાં ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા અંગેના કેસની સુનાવણી કરી રહી છે. ગુરુવારે, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે યુબીટી નેતા સુનિલ પ્રભુ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી. આ અરજી મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરના ગેરલાયક ઠેરવવાના નિર્ણયને પડકારે છે. કપિલ સિબ્બલની દલીલો બાદ, ન્યાયાધીશ જોયમલ્યા બાગચીએ ટિપ્પણી કરી કે ધારાસભ્ય પક્ષ રાજકીય પક્ષથી સ્વતંત્ર રીતે કાર્ય કરી શકતો નથી. ચૂંટણી પંચે બહુમતી ધારાસભ્યોના આધારે શિંદે જૂથને માન્યતા આપવામાં ભૂલ કરી. આ ટિપ્પણી બાદ, યુપી વિધાનસભાના સાંસદ સંજય રાઉતે ટ્વિટ કરીને વિશ્વાસ વ્યક્ત કર્યો કે ધનુષ અને તીરનું પ્રતીક ઉદ્ધવ ઠાકરે જૂથને પાછું મળી શકે છે.

આ ટિપ્પણી બાદ મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, એકનાથ શિંદેએ તાત્કાલિક દિલ્હીમાં વડા પ્રધાન અને ગૃહ પ્રધાન સાથે મુલાકાતની માંગ કરી હતી.

# સંસદમાં હંગામો થવાની શક્યતાઃ કોંગ્રેસે પાર્ટીના સાંસદોને વ્હીપ જારી કર્યો

## કોંગ્રેસ પાર્ટીએ સંસદના બંને ગૃહોમાં તેના તમામ સાંસદોને હાજર રહેવાનો આદેશ આપ્યો

નવીદિલ્હી,

સંસદના ચોમાસુ સત્ર દરમિયાન રાજકીય ગતિવિધિઓ અચાનક તેજ થઈ ગઈ છે. કોંગ્રેસ પાર્ટીએ સંસદના બંને ગૃહોમાં તેના તમામ સાંસદોને હાજર રહેવાનો આદેશ આપ્યો છે. પાર્ટીએ તેના રાજ્યસભા અને લોકસભાના સભ્યો માટે ત્રણ લાઈનનો વ્હીપ જારી કર્યો છે, જેમાં તેમને ૧૦, ૧૧ અને ૧૨ ઓગસ્ટે હાજર રહેવાનું કહેવામાં આવ્યું છે. પાર્ટીના જણાવ્યા અનુસાર, આ ત્રણ દિવસ દરમિયાન અત્યંત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

કોંગ્રેસ પાર્ટીએ તેના સાથી પક્ષોને એક કરવા માટે પણ પ્રયાસો શરૂ કર્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાર્ટીએ તેના તમામ "ઈન્ડિયા એલાયન્સ" ભાગીદારોનો સંપર્ક કર્યો છે અને તેમને આ ત્રણ દિવસ દરમિયાન તેમના સાંસદોની ૧૦૦% હાજરી સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. તાજેતરમાં, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સંસદની કાર્યવાહી દરમિયાન આક્રમક જોવા મળ્યા હતા, જેમણે વિદ્યાર્થીઓના વિરોધ પર સરકારના મૌન પર સવાલ ઉઠાવ્યા હતા.

વિવાદાસ્પદ એફસીઆરએ સુધારા બિલ પર ચર્ચાના અહેવાલો વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે. એવું માનવામાં આવે છે કે સરકાર આવતા અઠવાડિયે ચર્ચા અને પસાર માટે આ બિલ રજૂ કરી શકે છે.

# બહુમતી જૂથો હોવા છતાં યુએસ વિઝા મંજૂરીઓમાં ૬૨ ટકાનો ઘટાડો થતાં ભારતીય વિદ્યાર્થીઓને ફટકો પડ્યો

## ભારતીય અને ચીની વિદ્યાર્થીઓ યુનાઈટેડ સ્ટેટ્સમાં બે સૌથી મોટા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી જૂથા

વોશિંગ્ટન,

૨૦૨૫માં ભારતીય નાગરિકોને જારી કરાયેલા યુએસ સ્ટુડન્ટ વિઝાની સંખ્યામાં પાછલા વર્ષની સરખામણીમાં ૬૨ ટકાનો ઘટાડો થયો છે, જે ચીની વિદ્યાર્થીઓ માટે નોંધાયેલા ૩૪ ટકાના ઘટાડા કરતાં નોંધપાત્ર રીતે વધુ ઘટાડો દર્શાવે છે, એમ યુએસ સ્થિત થિંક ટેન્કના અહેવાલમાં જણાવાયું છે.

સેન્ટર ફોર ઈમિગ્રેશન સ્ટડીઝ (CIS)ના સિનિયર લીગલ ફેલો જ્યોર્જ ફિશમેન દ્વારા લખાયેલા આ અહેવાલમાં જણાવાયું છે કે અમેરિકાએ ૨૦૨૫માં ભારતીય નાગરિકોને ૨૨,૧૪૯ સ્ટુડન્ટ વિઝા જારી કર્યા હતા, જે ૨૦૨૪માં ૫૮,૬૯૪ હતા. તેની સરખામણીમાં, ચીની નાગરિકોને




જારી કરાયેલા સ્ટુડન્ટ વિઝા ૨૦૨૫માં ઘટીને ૪૦,૦૩૪ થયા હતા જે એક વર્ષ અગાઉ ૬૧,૦૭૫ હતા.

સેન્ટર ફોર ઈમિગ્રેશન સ્ટડીઝ દ્વારા રજૂ કરાયેલા, રિપોર્ટમાં વિદેશી સ્ટુડન્ટ વિઝા જારી કરવાના વલણો અને ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) પ્રોગ્રામમાં ભાગીદારીની તપાસ કરવામાં આવી છે, જે લાયક આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી યુએસમાં અસ્થાયી રૂપે કામ કરવાની મંજૂરી આપે છે.

અમેરિકામાં ભારતીય અને ચીની વિદ્યાર્થીઓ સૌથી મોટા જૂથો

વિઝા આપવામાં તીવ્ર ઘટાડો થયો હોવા છતાં, ભારતીય અને ચીની વિદ્યાર્થીઓ યુનાઈટેડ સ્ટેટ્સમાં બે સૌથી મોટા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી જૂથો રહ્યા.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટરનેશનલ એજ્યુકેશન (IIE) ની ૨૦૨૪-૨૫ શૈક્ષણિક વર્ષ માટે વાર્ષિક વસ્તી ગણતરી અનુસાર, ભારતના ૩૬૩,૦૧૯ વિદ્યાર્થીઓ અને ચીનના ૨૬૫,૯૧૯ વિદ્યાર્થીઓએ યુએસ પોસ્ટ-સેકંડરી સંસ્થાઓમાં નોંધણી કરાવી હતી, જે મળીને દેશની આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી વસ્તીના ૫૩ ટકા છે.

# પાકિસ્તાન, સાઉદી, તુર્કીએ મહત્વપૂર્ણ સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા

## કરાર મુજબ ત્રણ દેશોમાંથી એક પર હુમલો ત્રણેય દેશ પર હુમલો માનવામાં આવશે

પાકિસ્તાન

મધ્ય પૂર્વ યુદ્ધની પૃષ્ઠભૂમિ વચ્ચે શુક્રવારે પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીએ "મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર" નામના એક મહત્વપૂર્ણ સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા. વધતી જતી સુરક્ષા ચિંતાઓના સમયે આ કરાર ત્રણેય દેશો વચ્ચે સહયોગને વધુ ગાઢ બનાવશે. આ કરાર મુજબ, ત્રણ દેશોમાંથી એક પર હુમલો એ બધા પર હુમલો માનવામાં આવશે.

"આ કરારનો હેતુ કોઈપણ આક્રમક કૃત્ય સામે સામૂહિક નિવારણને મજબૂત બનાવવાનો છે, અને તે નક્કી કરે છે કે ત્રણેય રાજ્યોમાંથી કોઈપણ એક પર કોઈપણ સશસ્ત્ર હુમલો એ બધા પર હુમલો માનવામાં આવશે. તે ત્રણ રાજ્યો વચ્ચે સંરક્ષણ સહયોગના તમામ પાસાઓમાં વધારો કરવાની જોગવાઈ કરે છે", પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. સાઉદી અરેબિયામાં સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્ડોગન અને પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફ વચ્ચેની બેઠક દરમિયાન આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ગુરુવારે, શરીફ ત્રણ દિવસની મુલાકાત માટે પહોંચ્યા હતા, તેમની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ હતું જેમાં આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરનો સમાવેશ થાય છે.

# દહીં હાંડી ઉત્સવ : મહારાષ્ટ્ર સરકાર ૧.૬ લાખ ગોવિંદાઓને ૧૦ લાખનું વીમા કવચ આપશે

## રાજ્ય સરકારે દહીં હાંડી ઉત્સવમાં ભાગ લેનારા ગોવિંદાઓ માટે વીમા કવરેજની જાહેરાત કરી

મુંબઈ,

દહીં હાંડી ઉત્સવ પહેલા, મહારાષ્ટ્ર સરકારે ગોવિંદાઓ માટે એક મોટો નિર્ણય જાહેર કર્યો છે. સરકાર આશરે ૧,૬૦,૦૦૦ ગોવિંદાઓને ૧૦ લાખ રૂપિયા સુધીનો વીમો આપશે, જે તેમને અકસ્માતના કિસ્સામાં નાણાકીય સહાય પૂરી પાડશે. સરકારી આદેશ મુજબ, જો કોઈ ગોવિંદાનું અકસ્માતમાં મૃત્યુ થાય છે અથવા બંને હાથ, પગ અથવા બંને આંખો ગુમાવે છે, તો તેમને ૧૦ લાખ રૂપિયાનું વીમા કવરેજ મળશે. ગયા વર્ષે, રાજ્ય સરકારે દહીં હાંડી ઉત્સવમાં ભાગ લેનારા ૧.૫ લાખ ગોવિંદાઓ માટે વીમા કવરેજની જાહેરાત કરી હતી. જો કોઈ અકસ્માતમાં એક હાથ, એક પગ અથવા એક આંખ ગુમાવવામાં આવે છે, તો તેમને ૫ લાખ રૂપિયાનું વળતર મળશે. કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં, તેમને ૧૦ લાખ રૂપિયા મળશે, અને કાયમી આંશિક અપંગતાના કિસ્સામાં, તેમને વીમા પોલિસી મુજબ વળતર મળશે. વધુમાં, જો કોઈ ગોવિંદાને અકસ્માત પછી હોસ્પિટલમાં દાખલ થવા અને સારવારની જરૂર હોય, તો તેમને સારવારના વાસ્તવિક ખર્ચ અથવા વધુમાં વધુ ૧ લાખ રૂપિયા સુધીની સહાય મળશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે મહારાષ્ટ્ર રાજ્ય ગોવિંદા એસોસિએશન દ્વારા ચકાસાયેલ અને તાલીમ પામેલા ગોવિંદાઓને જ આ યોજનાનો લાભ મળશે. નોંધણી ફરજિયાત છે. આ વીમો ફક્ત દહીં હાંડી દરમિયાન માનવ ટાવર બનાવતી વખતે થતા અકસ્માતો પર જ લાગુ પડશે. અન્ય કોઈપણ કારણોસર થતી ઈજાઓ અથવા અકસ્માતો આ યોજના દ્વારા આવરી લેવામાં આવશે નહીં. વધુમાં, કોર્ટ દ્વારા નિર્ધારિત લઘુત્તમ વય મર્યાદા પૂરી કરવી ફરજિયાત રહેશે.

# સુપ્રીમ કોર્ટે નારાયણ સાંઈને ફટકો આપ્યો, આજીવન કેદ પર રોક લગાવવાનો ઈનકાર

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે શુક્રવારે ૨૦૧૩ ના બળાત્કાર કેસમાં સ્વ-ઘોષિત ગોડમેન આસારામ બાપુના પુત્ર નારાયણ સાંઈને ફટકારવામાં આવેલી આજીવન કેદ પર રોક લગાવવાનો ઈનકાર કર્યો હતો. જો કે, કોર્ટે ગુજરાત હાઈકોર્ટને ત્રણ મહિનામાં સાઈની સજા સામે પેન્ડિંગ અપીલનો નિકાલ કરવાનો પ્રયાસ કરવા કહ્યું. જસ્ટિસ એમ.એમ.ની બેન્ચે... સુંદરેશ અને પી.બી. વરાલેએ જણાવ્યું હતું કે, "અમે હાઈકોર્ટને વિનંતી કરીએ છીએ કે અપીલનો નિકાલ ત્રણ મહિનાની અંદર કરવાનો પ્રયાસ કરે. અમે એ પણ સ્પષ્ટ કરીએ છીએ કે અરજદાર અને રાજ્ય સરકાર બંને આ પ્રક્રિયામાં સંપૂર્ણ સહયોગ કરશે."

નારાયણ સાંઈનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ એન. હરિહરને કોર્ટને જણાવ્યું હતું કે વહેલી સુનાવણી માટે અરજી કરવા છતાં, તેમની અપીલ હજુ સુધી સાંભળવામાં આવી નથી. સુપ્રીમ કોર્ટે નારાયણ સાંઈને ત્રણ મહિનાની અંદર જો તેમની અપીલનો નિકાલ ન થાય તો ફરીથી સુપ્રીમ કોર્ટમાં જવાની સ્વતંત્રતા પણ આપી છે.

નારાયણ સાંઈની સજા સામે દાખલ કરાયેલી અપીલ ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. અગાઉ, ૪ મેના રોજ, હાઈકોર્ટે તેમની સજા સ્થગિત કરવા અને જામીન માંગતી અરજીને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે, ગુનાની ગંભીરતાને જોતાં, એવું માનવા માટે કોઈ પ્રાથમિક દૃષ્ટિએ આધાર નથી કે દોષિતને નિર્દોષ જાહેર કરવાની વાજબી તક છે.

# મેટાના પ્લેટફોર્મે યુવાનોને નુકસાન પહોંચાડયું, ન્યૂ મેક્સિકોની કોર્ટનો ૫૬૭ મિલિયન ચૂકવવા આદેશ

## ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકની પેરેન્ટ કંપની મેટાની મુશ્કેલીઓ વધી

વોશિંગ્ટન,

ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકની પેરેન્ટ કંપની મેટાની મુશ્કેલીઓ વધતી જતી હોય તેવું લાગે છે. ન્યૂ મેક્સિકોની એક કોર્ટે કંપનીને ૫૬૭ મિલિયન (રૂ. ૫૪૦૪ કરોડ) ચૂકવવાનો આદેશ આપ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે મેટાનું પ્લેટફોર્મ યુવાનોને નુકસાન પહોંચાડી રહ્યું છે અને કંપનીએ આ માટે વળતર ચૂકવવું જોઈએ. આ એક મુખ્ય ટ્રાયલનો બીજો તબક્કો છે, જે સોશિયલ મીડિયા કંપની માર્ચમાં હારી ગઈ હતી. ન્યાયાધીશ બ્રાયન બિડચેગે જણાવ્યું હતું કે મોટાભાગના નાણાં યુવાનોની સારવાર માટે ઉપયોગમાં લેવામાં આવશે. બાકીના ભંડોળ આગામી પાંચ વર્ષમાં જાગૃતિ અને




નિવારણ, સ્ક્રીનીંગ સેવાઓ અને અન્ય ખર્ચાઓ પર ખર્ચવામાં આવશે. ઈ૪૨૦ મિલિયન (રૂ. ૪૦૦૩ કરોડ) યુવાનોની સારવાર પર ખર્ચવામાં આવશે.

પ્રથમ તબક્કામાં, જ્યુરીએ મેટા સામે ઈ૩૭૫ મિલિયનનો સિવિલ દંડ ફટકારવાનો આદેશ આપ્યો હતો. આદેશ જારી કરતા પહેલા, કોર્ટેસ્વીકાર્યું હતું કે સોશિયલ મીડિયા કંપનીએ ઈરાદાપૂર્વક બાળકોના માનસિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડ્યું હતું અને તેના પ્લેટફોર્મ પર બાળ જાતીય શોષણ વિશેની માહિતી છુપાવી હતી.

# પટનામાં યુવકના મોત બાદ ભારે અંધાધૂંધી, ટોળાએ અનેક વાહનોને આગ ચાંપી દીધી

પટણા,

બિહારની રાજધાની પટનામાં માર્ગ અકસ્માતમાં એક યુવકના મોત બાદ અંધાધૂંધી ફાટી નીકળી છે. ગુસ્સે ભરાયેલા ટોળાએ બસને આગ ચાંપી દીધી. ઘટનાસ્થળે પહોંચેલા ત્રણ પોલીસ વાહનોને પણ આગ ચાંપી દેવામાં આવ્યા. ટોળાએ પોલીસ અને પત્રકારો પર પણ પથ્થરમારો કર્યો. અહેવાલો અનુસાર, આગમકુઆન પોલીસ સ્ટેશન વિસ્તારના બડી પહાડી વિસ્તારમાં એક ઝડપી ગતિએ આવતી બસે એક યુવાનને કચડી નાખ્યો, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું.

આ માર્ગ અકસ્માતથી સ્થાનિક લોકોમાં રોષ ફેલાયો. ગુસ્સે ભરાયેલા ટોળાએ બસને આગ ચાંપી દીધી. એક પોલીસ ચોકીને પણ આગ ચાંપી દેવામાં આવી. કેટલીક બસોની બારીઓ તૂટી ગઈ



અને અનેક બાઈકોને નુકસાન થયું. હંગામાનું ફિલ્માંકન કરી રહેલા પત્રકારો પર પણ પથ્થરમારો કરવામાં આવ્યો. જ્યારે પરિસ્થિતિને કાબુમાં લેવા માટે અનેક પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે પહોંચી, ત્યારે ટોળાએ તેમના પર પથ્થરમારો કર્યો. તંગ વાતાવરણ અને રસ્તા પરના અવરોધને કારણે સળગતી બસને ઓલવવા માટે મોકલવામાં આવેલા ફાયર ફાઈટર્સને ઘટનાસ્થળે પહોંચવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. પોલીસે જણાવ્યું હતું કે ઝીરો માઈલ વિસ્તાર નજીક માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મૃત્યુ થયા બાદ હિંસા ફાટી નીકળી હતી, જેના કારણે ગુસ્સે ભરાયેલા ટોળાએ ત્રણ પોલીસ જીપને આગ ચાંપી દીધી હતી. હાલમાં, ઘટનાસ્થળે તણાવ ઊભો છે, પરંતુ પરિસ્થિતિ નિયંત્રણમાં છે. અનેક પોલીસ સ્ટેશનની પોલીસ તૈનાત કરવામાં આવી છે.

અહેવાલો અનુસાર, આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં તંગ પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. લગભગ ૧૦ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો છે, જેના કારણે લોકોને ભારે અસુવિધા થઈ રહી છે. ઘણી સ્કૂલ બસો પણ જામમાં ફસાઈ ગઈ છે અને બાળકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. માહિતી મળતાં, પોલીસ અને વહીવટી તંત્રની ઘણી ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. પરિસ્થિતિને કાબુમાં લેવા અને ટ્રાફિક પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. પ્રદર્શનકારીઓને દૂર કરવા અને મુખ્ય માર્ગ ખાલી કરવા માટે વરિષ્ઠ જિલ્લા અધિકારીઓ સહિત વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે.

# હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદથી ૧૪૨ લોકોના મોત : ૭૯૭ કરોડ રૂપિયાનું નુકસાન

## ૧૧ ઓગસ્ટ સુધી વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી

શિમલા,

આ વર્ષે ચોમાસું હિમાચલ પ્રદેશમાં વિનાશ વેરતું રહ્યું છે. રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સેલના તાજેતરના અહેવાલ મુજબ, ૩૦ જૂનથી ૬ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન રાજ્યમાં ચોમાસાની આફતો અને માર્ગ અકસ્માતોમાં કુલ ૧૪૨ લોકો મૃત્યુ પામ્યા છે અને ૨૨૪ ઘાયલ થયા છે. આ સમયગાળા દરમિયાન રાજ્યને અંદાજે ૭૯૭.૮૭ કરોડનું નુકસાન થયું છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે આ ચોમાસુ રાજ્ય માટે અત્યંત ભારે સાબિત થઈ રહ્યું છે. હવામાન વિભાગે ૧૧ ઓગસ્ટ સુધી રાજ્યના વિવિધ સ્થળોએ ભારે વરસાદ માટે 'ઓરેન્જ એલર્ટ' જારી કર્યું છે.

શિમલાના હવામાન કેન્દ્રના ડિરેક્ટર શોભિત કટિયારના જણાવ્યા અનુસાર, રાજ્યના ઘણા જિલ્લાઓમાં ૧૦ અને ૧૧ ઓગસ્ટના રોજ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની સંભાવના છે. હવામાન કેન્દ્રે ૧૦ ઓગસ્ટના રોજ કાંગડા, કુલ્લુ, મંડી અને સિરમૌર માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. ૧૧ ઓગસ્ટના રોજ ચંબા, કુલ્લુ, મંડી અને સિરમૌરમાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. ૧૨ ઓગસ્ટ પછી વરસાદની ગતિવિધિમાં થોડો ઘટાડો થવાની ધારણા છે, જોકે કેટલાક સ્થળોએ ભારે વરસાદ ચાલુ રહી શકે છે.

હવામાન વિભાગે ૭ ઓગસ્ટના રોજ બિલાસપુર અને કાંગડા જિલ્લામાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે. ૮ અને ૯ ઓગસ્ટના રોજ કાંગડા અને સિરમૌર જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. ૧૦ ઓગસ્ટના રોજ કાંગડા, કુલ્લુ, મંડી, શિમલા, સોલન, સિરમૌર અને કિન્નૌર જિલ્લાઓ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. વિભાગનું કહેવું છે કે આગામી કેટલાક દિવસોમાં ઘણી જગ્યાએ ભારે વરસાદ પડવાની સંભાવના છે.

એસઈઓસી રિપોર્ટ મુજબ, ૧૪૨ મૃત્યુમાંથી ૬૪ કુદરતી આફતોને કારણે થયા હતા, જ્યારે ૭૮ માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામ્યા હતા. વધુમાં, બે લોકો હજુ પણ ગુમ છે, અને ૧૯૪ પશુધનના મૃત્યુ નોંધાયા છે. આપત્તિ સંબંધિત ૬૪ મૃત્યુમાંથી ૨૧ મૃત્યુ વૃક્ષો પડવાથી અથવા ખડકો પડવાથી થયા હતા. વધુમાં, ૧૪ મૃત્યુ ભૂસ્ખલનને કારણે, ૭ સાપ કરડવાથી, પાંચ વીજળી પડવાથી, ચાર ડૂબવાથી, એક અચાનક પૂરને કારણે, એક આગને કારણે અને ૧૨ અન્ય કારણોસર થયા હતા. કુલ્લુ જિલ્લામાં સૌથી વધુ ૧૨ માર્ગ અકસ્માતના મૃત્યુ નોંધાયા હતા. ત્યારબાદ સિરમૌર (૧૧), કાંગડા અને શિમલા (૧૦-૧૦), ચંબા (૮), સોલન (૭), ઉના (૬), કિન્નૌર (૫), બિલાસપુર, લાહૌલ-સ્પિતિ અને મંડી (૪-૪), અને હમીરપુર (૧) નો ક્રમ આવ્યો.

# જેતપુર પીજીવીસીએલમાં રૂપિયા ૮૦ લાખનું કૌભાંડ, ભીનું સંકેલવાના પ્રયાસો નિષ્ફળ: આખરે ૫ અધિકારીઓ સસ્પેન્ડ

## સરકારી મટીરીયલ ખાનગી સોલાર કંપનીને બારોબાર પધરાવી દેવાના કેસમાં કાર્યવાહી

રાજકોટ:જેતપુર પીજીવીસીએલ ડિવિઝનના સ્ટોરમાંથી અંદાજે રૂપિયા ૮૦ લાખની કિંમતનો સરકારી માલ-સામાન બારોબાર ખાનગી સોલાર કંપનીને વેચી મારવાના ચકચારી કૌભાંડમાં આખરે ઉચ્ચ કક્ષાએથી આકરાં પગલાં લેવામાં આવ્યા છે. આ ગંભીર ગેરરીતિ પ્રકરણમાં અગાઉ રાજકોટ કચેરી દ્વારા માત્ર બદલી કરીને કૌભાંડીઓને છાવરવાનો પ્રયાસ થયો હતો, પરંતુ ભારે વિવાદ અને વડોદરાની ટીમના તપાસના ધમધમાટ બાદ આખરે ૫ જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવતા વીજ વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. જેતપુર વીજ વિભાગના ઈતિહાસમાં ડિવિઝનના મુખ્ય અધિકારી સહિતના અધિકારીઓની સાગમટે બદલી અને ત્યારબાદ સસ્પેન્શનની કાર્યવાહી થઈ હોય તેવો આ પ્રથમ બનાવ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત ૨૭ ફેબ્રુઆરીના રોજ પીજીવીસીએલના સ્ટોરમાંથી ડિપાર્ટમેન્ટલ કામના બહાને મોટી માત્રામાં મટીરીયલ કાઢવામાં આવ્યું હતું. જેમાં ૧૨.૫ કિલોમીટર જેટલો આરફીન ઈન્ડિયા કંપનીનો ઓલ એલ્યુમિનિયમ કંડક્ટર કેબલ, શ્યામ શેલ કંપનીના લોખંડના ૯ મીટર ઊંચા ૩૦ નંગ એમ.એસ. ગડર પોલ (વીજ થાંભલા) અને દ્વારકાધીશ રબર કંપનીની ૧૧૪ કેવીની ૪૦૦ નંગ પીનનો સમાવેશ થાય છે. આ લાખો રૂપિયાનો માલ સરકારી કામમાં વાપરવાને બદલે સેટિંગ કરી ખાનગી સોલારડ કંપનીઓને વેચી મારવામાં આવ્યો હતો. કૌભાંડ છુપાવવા ગેટ પાસ અને રજિસ્ટરમાં ગોબાચારી કરી, મટીરીયલ ખારચિયા ગામે પડ્યું હોવાનો ખોટો દાવો પણ ઊભો કરાયો હતો. આરટીઆઈમાં માહિતી અપાઈ હતી કે કાઢેલ વીજ થાંભલા ખારચિયા ગામના સ્ટોરમાં છે, પરંતુ તપાસમાં તે પોલ જૂના હોવાનું ખૂલ્યું હતું. વળી, ૧૨.૫ કિમી કેબલ અંગે મૌખિક જાણ કરાઈ હોવા છતાં રજિસ્ટરમાં તેની કોઈ નોંધ મળી ન હતી.



આ કૌભાંડ અંગે રાજકોટ વર્તુળ કચેરીના ચીફ એન્જિનિયરે શરૂઆતી તપાસ કરી હતી પરંતુ તેમાં કોઈ તથ્ય ન મળ્યાનો રિપોર્ટ આપી ભીનું સંકેલવાનો પ્રયાસ કર્યો હતો. તેમજ આટલા મોટા કૌભાંડ છતાં કસૂરવાર કર્મચારીઓને સસ્પેન્ડ કરવાને બદલે માત્ર બદલીના ઓર્ડર પકડાવી દેવાયા હતા, જેના પગલે તમામ કર્મચારીઓ હાજર થવાને બદલે રજા પર ઉતરી ગયા હતા. જોકે, સ્થાનિક આરટીઆઈ એક્ટિવિસ્ટ યોગેન્દ્રસિંહ ગોહિલ દ્વારા સચોટ પુરાવાઓ સાથે લેખિત રજૂઆત કરી કડક તપાસની માંગ કરવામાં આવતા વડોદરા ખાતેથી ગુજરાત ઊર્જા નિગમ કચેરીના અધિકારીઓએ આવીને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી, જેમાં ગેરરીતિ ખૂલતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

અગાઉ આ પ્રકરણમાં નાયબ કાર્યપાલક ઈજનેર ડી.કે. જેઠવા (લીંબડી), બે નાયબ ઈજનેર જે.આર. વલેરા અને એન.પી. ગોહેલ (સુરેન્દ્રનગર), જુનિયર ઈજનેર એ.પી. પાનસુરીયા (દેરડી કુંભાજી), સુપ્રીટેન્ડન્ટ એકાઉન્ટન્ટ કે.કે. વાગડીયા (ધોરાજી) અને સિનિયર ક્લાર્ક સ્ટોર કીપર રાજેશ આર. વનાર (વીંછીયા) ની બદલી કરવામાં આવી હતી.

પરંતુ ચોતરફથી ભીસ વધતા અને ગેરરીતિના નક્કર પુરાવાઓ સામે આવતા આખરે પીજીવીસીએલની વડી કચેરી હરકતમાં આવી છે. આ સમગ્ર મામલે ધોરાજી ડિવિઝનના કાર્યપાલક ઈજનેર બી.ડી. રાડાએ સત્તાવાર બાઈટ આપતા જણાવ્યું હતું કે, વડી કચેરીના આદેશ અનુસાર પાંચ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

સસ્પેન્ડ થયેલા કર્મચારીઓના નામ:(૧) એન. પી. ગોહેલ (નાયબ ઈજનેર),(૨) જે. આર. વલેરા (નાયબ ઈજનેર),(૩) એ. પી. પાનસુરીયા જુનિયર ઈજનેર),(૪) કે. કે. વાગડીયા (એકાઉન્ટન્ટ),(૫) આર. આર. વનાર (સ્ટોર કીપર)

સરકારી મિલકતની ખુલ્લેઆમ લૂંટ ચલાવી ખિસ્સા ગરમ કરનાર આ ટોળકી સામે આખરે કડક કાર્યવાહી થતા, કામમાં બેદરકારી અને ભ્રષ્ટાચાર આચરતા અન્ય કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. હાલ આ મામલે વિભાગીય તપાસ ચાલુ હોય, આગામી દિવસોમાં વધુ મોટા ખુલાસા થવાની શક્યતા સેવાઈ રહી છે.

**બદલી કરી કૌભાંડ દબાવવા કારસો ઘડાયો હતો, એક્ટિવિસ્ટની રજૂઆત બાદ ભાંડો ફૂટ્યો, બે નાયબ ઈજનેર, એક જુનિયર ઈજનેર, એકાઉન્ટન્ટ અને સ્ટોર કીપર તાત્કાલિક અસરથી ઘરભેગા**

# પીઠડીયામાં સરકારી ખરાબામાંથી ગેરકાયદે ખનીજ ચોરીનું મસમોટું કૌભાંડ ઝડપાયું

## રાજકોટ રેન્જ ટીમની કાર્યવાહી:રેતીની ચોરી કરતા ચાર ઈસમો ઝડપાયા,રૂ. ૧.૦૫ કરોડનો મુદ્દામાલ જપ્ત



રાજકોટ:પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ જિલ્લાના વિરપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા પીઠડીયા ગામની સીમમાં સરકારી ખરાબામાંથી ગેરકાયદેસર રીતે રેતીની ચોરી કરતા ખનીજ માફિયાઓ સામે રાજકોટ રેન્જ પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ચોક્કસ બાતમીના આધારે પાડવામાં આવેલા દરોડામાં રેતીની ચોરી કરતા ચાર ઈસમોને વાહનો સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી એક ઉંઈઈ, ત્રણ ડમ્પર તથા રેતીનો જથ્થો મળી કુલ રૂ. ૧.૦૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય દ્વારા રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં સરકારી તથા કુદરતી સંપત્તિને નુકસાન પહોંચાડતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. જેના અનુસંધાને રાજકોટ રેન્જ પોલીસ દ્વારા ખનીજ ચોરી કરતા તત્વો સામે સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

આ સમગ્ર કાર્યવાહી રાજકોટ રેન્જના પોલીસ ઈન્સ્પેક્ટર અપૂર્વ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. સ્ટાફ દ્વારા ખનીજ ચોરી કરતા તત્વોની માહિતી મેળવવા હ્યુમન સોર્સ અને અન્ય માધ્યમોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે બી.સી. મીયાત્રા તથા પોલીસ સ્ટાફના જવાનો કુલદીપસિંહ ચુડાસમા, વકારભાઈ અરબ, દિવ્યેશભાઈ સુવા અને નિકુલભાઈ પંપાણીયા સહિતની ટીમે પીઠડીયા ગામની સીમમાં સરકારી ખરાબામાં દરોડો પાડ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી જીજે-૦૨-ઝેડ-૬૨૧૯ના ચાલક રસિક રત્ના સાબરીયા, જીજે-૧૩-એક્સ-૪૪૪૪ ના ચાલક પ્રતાપ કેશુ નાયક, જીજે-૧૮-એટી-૮૮૩૯ના ચાલક ટીનુ વેરશી બજાણીયા, જેસીબીનો ડ્રાયવર અર્જુન બાબુ ડામોરને પકડી ત્રણ ડમ્પર અને જેસીબી તેમજ રેતી મળી રૂ. ૧.૦૫ કરોડનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

ઝડપાયેલા ચારેય ઈસમો તથા જપ્ત કરાયેલો મુદ્દામાલ આગળની કાયદેસરની કાર્યવાહી માટે વિરપુર પોલીસ સ્ટેશનના સ્ટાફને સોંપવામાં આવ્યો છે. તેમજ ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓને પણ જાણ કરવામાં આવી છે, જેથી ગેરકાયદેસર ખનીજ ચોરી અંગે નિયમોનુસાર દંડની વસૂલાત સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે.રાજકોટ રેન્જ પોલીસની આ કાર્યવાહીને પગલે સરકારી જમીનમાંથી ગેરકાયદેસર રીતે ખનીજ સંપત્તિની ચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# ’આ મેટરમાં હવે ત્રણેક મર્ડર થશે’ કહી મવડીના વૃધ્ધને શાપરના સોમા ભરવાડની ધમકી!

**કૌટુંબિક વિવાદમાં સમાધાન ન થતા ધમકી આપતાં પુત્રવધુએ પોલીસમાં ફરિયાદ નોંધાવી**

રાજકોટ: હાલ મવડીમાં અલ્કા સોસાયટીમાં રહેતા મૂળ શાપરના વતની મહિલાના સસરાને શાપરમાં રહેતા શખ્સે ફોન કરી ‘હવે ત્રણેક મર્ડર થશે’ કહી ગર્ભિત રીત જાનથી મારી નાખવાની ધમકી આપતાં શાપર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. કૌટુંબિક ભાઈઓ વચ્ચે ચાલતા વિવાદમાં સમાધાન ન થતા આ ધમકી આપવામાં આવી હતી.

બનાવ અંગે શીતલબેન હીમાંશુભાઇ કોરાટ (ઉ.વ.૪૬) (રહે. અલ્કા સોસાયટી, મવડી રોડ,શેરી નં,૧૨, મુળ ગામ શાપર) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે શાપરમાં રહેતા સોમા ભરવાડનું નામ આપી જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં બે દીકરા છે. જેમાં સૌથી મોટો મોક્ષાર્થ ઉ.વ.૨૪ છે. તેનાથી નાનો દીકરો પ્રત્યુષ ઉ.વ.૧૫ છે. મહિલાએ ગ્રેજ્જુએટ (બી.એસ.સી ) સુધી અભ્યાસ કર્યો છે.

ગઇ તા.૧૮ ના રાત્રીના આશરે દશેક વાગ્યાની આસપાસ મહિલાના સસરા કમલેશભાઇ ધનજીભાઇ કોરાટ પર કોઇ અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, હું સોમાભાઇ ભરવાડ શાપર વેરાવળથી બોલું છું અને સોમાભાઇએ સસરા સાથે મોબાઇલ ફોનમાં આશરે વીસેક મીનીટ વાત કરી જેમાં આ સોમાભાઇએ પ્રથમ પંદરેક મીનીટ અમારા કૌટુંબિક ભાઇઓ વચ્ચે ચાલતા વિવાદ બાબતે વાત કરી હતી અને બાદમાં સસરાએ કોઇ સમાધાન બાબતે હા નહી પાડતા તેણે કહ્યું હતું કે, તો મને એવું લાગે છે.

કે આમાં હવે ત્રણેક મર્ડર થશે તેમ છેલ્લી પાંચેક મીનીટની વાતચીતમાં આ મર્ડર શબ્દનો પાંચેક વખત ઉચ્ચારી અમને ફોનમાં મારી નાખવાની સ્પષ્ટ ગર્ભિત ધમકી આપી હતી. જેથી આ અંગે પરિણીતાએ શાપર વેરાવળ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

## ઈન્સ્ટાગ્રામ પર એક રીલ લાઈક કરવી ભારે પડી

# શેરબજારમાં રોકાણ અને આઈપીઓની લાલચ આપી સોની વેપારીના પુત્ર સાથે ૩૧.૨૦ લાખની ઠગાઈ

રાજકોટ:રાજકોટમાં શેરબજારમાં રોકાણ અને આઈપીઓની લોભામણી લાલચ આપીને સોની વેપારીના પુત્ર સાથે ૩૧.૨૦ લાખની સાયબર છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોઈ રોકાણ કરવાની ઈચ્છા દર્શાવનાર યુવક પાસે ફેક ટ્રેડિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી સાયબર ગઠિયાઓએ લાખો રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ગુનો નોંધાતાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

રાજકોટના સોની બજારમાં ’અરિહંત ટૂલ્સ’ નામે વેપાર કરતા અને સિલ્પન નોવામાં રહેતા હિરેનભાઈ ચીમનભાઈ વૈધના ૪૭ વર્ષીય પુત્ર હિતાર્થે ફેબ્રુઆરી ૨૦૨૬માં શેરબજારમાં રોકાણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તે દરમિયાન ઈન્સ્ટાગ્રામ પર ’સીએ સ્નેહા કેજરીપ’ નામના આઈડી પરથી પોસ્ટ થયેલી એક રીલ લાઈક કર્યા બાદ સાયબર ઠગોએ હિતાર્થનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ તેને ’લાઈટ ઓફ આઈડિયલ ૪૩૪’ નામના વોટ્સએપ ગ્રૂપમાં ઉમેરી શેરબજાર અંગેની ટિપ્સ આપવાનું શરૂ કરાયું હતું.

બે-ત્રણ મહિના સુધી ગ્રૂપની પ્રવૃત્તિઓ પર નજર રાખ્યા બાદ હિતાર્થે રોકાણ કરવા તૈયારી દર્શાવતાં જ ઠગોએ એક લિંક મોકલીને ’સ્ટોક લર્ન ઈન્ડિયા’ નામની બનાવટી એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવી હતી. એપમાં આઈડી બનાવી કસ્ટમર કેર દ્વારા દર્શાવાતા વિવિધ બેંક ખાતાઓમાં હિતાર્થે તબક્કાવાર ૩૧.૨૦ લાખ જમા કરાવ્યા હતા. આ રકમ એપના વોલેટમાં દેખાતી હતી અને મોટો નફો દર્શાવવામાં આવતો હતો.

જ્યારે હિતાર્થે વોલેટમાંથી રકમ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવા માટે રીક્વેસ્ટ મોકલી ત્યારે નાણાં જમા થયા ન હતા. સાયબર માફિયાઓએ રકમ ઉપાડવા માટે વધારાના ૧૦ ટકા ચાર્જ અને ટેક્સ પેટે પૈસા ભરવા દબાણ કર્યું હતું. મૂળ રકમ પણ પરત ન મળતાં પરિવારજનોને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. આખરે સાયબર હેલ્પલાઈન પર અરજી કર્યા બાદ પોલીસે ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક અને વોટ્સએપ ગ્રૂપના એડમિન સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં સગીરાએ ગળેફાંસો ખાધો


રાજકોટ:રાજકોટ જિલ્લાના લોધીકા નજીક મોટી મેંગણી ગામે ૧૬ વર્ષીય સગીરાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. માતા પિતા મંદિરે દર્શન કરવા ગયા ત્યારે ઘરે એકલી રહેલી સગીરાએ પંખામાં ચૂંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. લોધીકા પોલીસે આપઘાતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

રવિના મુકેશભાઈ સોલંકી (ઉં.વ.૧૬)એ ઘરે સાંજે ૭ વાગ્યા આસપાસ ગળાફાંસો ખાધો હતો. આ પછી બનાવ અંગે પરિવારને જાણ થતા ૧૦૮માં જાણ કરી હતી, ત્યારબાદ ડોક્ટરે તપાસીને સગીરાને મૃત જાહેર કરી હતી. લોધીકા પોલીસે મૃતદેહને પોસમોર્ટમ માટે ખસેડ્યો હતો. જોકે આપઘાતનું કારણ પરિવારજનો પણ જાણતા ન હોવાથી પોલીસે ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

મૃતક સગીરાનો પરિવાર માલ ઢોર ચરાવતા હોવાનું સામે આવ્યું છે. પિતા મુકેશભાઈ નાથાભાઈ સોલંકી પાવાગઢ માતાજીના મંદિરે દર્શન કરવા ગયા હતા. ગઈકાલે બપોરે ૧૨ વાગ્યાં આસપાસ માતા જ્યોત્સનાબેન પણ રાજપીપળા ખાતે રામાપીરના મંદિરે દર્શન માટે ગયા હતા અને અન્ય ભાઈ બહેન માલ ઢોર ચરાવવા ગયા હતાં. આ સમયે રવિના ઘરે એકલી હતી. સાંજે મોટી બહેન કોમલ ઘરે આવી ત્યારે જોયું તો ઘરનો દરવાજો બંધ હતો. પાછળના ભાગમાં ખુલ્લી બારીમાંથી જોતા દેખાયું હતું કે રવીનાએ ગળાફાંસો ખાઈ લીધો છે. જેથી કોમલે આસપાસના લોકો અને પોતાના માતાને જાણ કરી હતી.

# સુરેન્દ્રનગરનાં ડબ્બા ટ્રેડિંગ કેસમાં SITની રચના

## સસ્પેન્ડેડ ASI સંજયસિંહ રાઠોડ બે દિવસ બાદ પણ પોલીસ પકડથી દૂર, ૨૩ લોકો સામે ફરિયાદ



રાજકોટ:સુરેન્દ્રનગર શહેરના રતનપર વિસ્તારમાં ચાલી રહેલા શેરબજારના ડીલિંગ મુદ્દે રેન્જ આઈજીની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા જેમાં સાયલાના ધજાળા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા છજીૈં સંજયસિંહ રાઠોડના ઘરમાંથી આ સમગ્ર નેટવર્કનું ઓપરેટિંગ કરવામાં આવતું હોવાનું સામે આવતા તેમને સસ્પેન્ડ કર દેવામાં આવ્યો છે અને આજે બે દિવસ બાદ હજુ પણ તે પોલીસ પકડથી દૂર છે.

ઉલ્લેખનીય છે કે ડબ્બા ટ્રેડિંગના આ કેસમાં શેર બજારમાં હાર અને જીતની રકમનો જુગાર રમાડવામાં મુંબઈ સહિતના રાજ્યોના વેપારીઓ સાથે ટેલિફોનિક રીતે એપ્લિકેશનના મારફતે ડીલીંગ કરવામાં આવતી હોવાનું પણ સામે આવતા ૨૩ લોકો સામે ગુનો નોંધી ૬ શખ્સોની ધરપકડ કરી ૩ લાખથી વધુનો મુદામાલ કબ્જે કરી આગળની વધુ તપાસ માટે SITની રચના કરી તપાસ ASP સીમરન ભારદ્વાજને સોંપવામાં આવી છે. જેતપુર પોલીસ દ્વારા લેપટોપ, પેન ડ્રાઈવ, મોબાઈલ ફોન અને સીમકાર્ડનો સાહિત્ય કબ્જે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જેમાં ૨૯ મોબાઈલ ૧૦ લેપટોપ ૫૦થી વધુ સીમકાર્ડ ૨૭ નોટ બૂકો ચાર પેન ડ્રાઈવ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

રાજકોટ રેન્જ IG ટીમે ૫ ઓગસ્ટના રોજ ચોક્કસ બાતમી મળી હતી કે, સુરેન્દ્રનગરના રતનપર રામેશ્વર ટાઉનશીપ ખાતે ASI સંજયસિંહ નાથુભાઈ રાઠોડ પોતાના સાગરીતો સાથે મળીને ડબા ટ્રેડિંગની ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે. જેના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતા દિવ્યરાજસિંહ વનરાજસિંહ ચુડાસમા, વિપુલભાઈ કરશનભાઈ સિંધવ, અરૂણભાઈ મહેન્દ્રભાઈ કોઠારી, દલસુખભાઈ કરશનભાઈ સિંધવ, વિજયભાઈ ગોવિંદભાઈ દેત્રોજા, નાથુભા કાનાભા રાઠોડની ધરપકડ કરવામાં આવી હતી.

જ્યારે મુખ્ય સૂત્રધાર પોલીસ કર્મચારી સંજયસિંહ નાથુભાઈ રાઠોડ તથા તેમની સાથે સંકળાયેલા કુલ ૧૬ બ્રોકરો પોલીસ પકડથી દૂર છે જેને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. ફરાર આ બ્રોકરોમાં જતીન, લાલો, નિતેશ, એમએનટી, અજય, ડી.આર., સી.સી., આકાશ, ચિરાગ, કે.પી., સુરેશ, સની, મિતલ, સ્વેતાંશુ, આકાશ અને પ્રશાંતનો સમાવેશ થાય છે.

# ત્રંબામાં બીમારીથી કંટાળી વૃધ્ધનો આપઘાત

રાજકોટ:ત્રંબામાં રહેતા હીરાભાઈ ખીમાભાઈ ખોરાણી (ઉ.વ.૯૫)ના વૃધ્ધ રાત્રીના ૯ વાગ્યે ઘરે હતા ત્યારે ઘરમાં રાખવામાં આવેલું ઓઇલ પી જતા ઉલ્ટી ઉબકા કરવા લાગતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન દમ તોડી દેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા છે. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં વૃધ્ધને સંતાનમાં બે દીકરા ત્રણ દીકરી હોવાનું સામે આવ્યું છે. બીમારીથી કંટાળી પગલું ભર્યાનું અનુમાન હોવાથી પોલીસે ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# ભાણેજે ‘મામાને મામા બનાવ્યા’, મિત્ર સાથે મળી રૂ.૧.૨૯ કરોડની ઠગાઈ કરી

રાજકોટ:ગોંડલ તાલુકાના ચરખડી ગામે રહેતા ૫૯ વર્ષીય ખેડૂત સાથે તેમના સગા ભાણેજે છેતરપિંડી આચરી હતી. પ્લોટના ઊંચા ભાવ અપાવવાની લાલચ આપી ભાણેજ અને તેના મિત્રએ મળીને રૂ.૧.૨૯ કરોડથી વધુની ઠગાઈ કરી હતી. આ મામલે શાપર પોલીસ મથકે ગુનો નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ચરખડી ગામના જીવરાજભાઈ બચુભાઈ ગજેરાએ શાપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે જેમાં આરોપી તરીકે સગા ભાણેજ ચેતન અશોક પાંચાણી (રહે. મેટોડા) અને ઈર્શાદ હમીર દલ (રહે. રાજકોટ)ના નામ આપ્યા છે.પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૩માં ફરિયાદી જીવરાજભાઈને નાણાંની જરૂરિયાત ઊભી થતાં તેમણે લોધિકાના કાંગશિયાળી ગામનો પ્લોટ નં. ૯ વેચવાનું નક્કી કર્યું હતું. ભાણેજ ચેતને પોતે દલાલીનું કામ કરતો હોવાનું કહી ઊંચા ભાવે સોદો કરાવવાની ખાતરી આપી હતી. ત્યારબાદ ભાણેજે રાજકોટના ઈર્શાદ દલ સાથે રૂ.૮૦ લાખમાં પ્લોટનો સોદો નક્કી કરાવ્યો હતો.

મામલતદાર કચેરીએ દસ્તાવેજ કર્યા બાદ ભાણેજે રૂ.૫૦ લાખ અને રૂ.૩૦ લાખના બે ચેક આપ્યા હતા, જે ચેક રિટર્ન થતાં મામાને ભાણેજે નેગોશિયેબલનો કેસ કરી રૂપિયા પાછા અપાવવાની ખાતરી આપી હતી. તેણે કોર્ટ અને સરકારી નિયમોના નામે રૂ.૩૭ લાખની રોકડ અને પત્નીના સોનાના દાગીના પણ પડાવી લીધા હતા.

પ્લોટ અને રોકડ સિવાય ભેજાબાજ ભાણેજ ચેતને મામાની ખેતપેદાશ પણ છોડી ન હતી. ત્રણેક મહિના પહેલાં ખેડૂત પાસે રહેલા ૨,૦૮૮ મણ ઘઉં રાજકોટમાં ઊંચા ભાવે વેચાવી આપવાનું કહી મેળવી લીધા હતા. જેના ઉપજેલા રૂ.૧૨.૫૦ લાખ પણ મામાને ન આપી આખરે આખી રકમ પચાવી પાડી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરી બજારમા ખરીદી કરવા ગયેલ મહિલાના પર્સની ચોરી

રાજકોટ:કોઠારીયા મેઈન રોડ પર કેદારનાથ સોસાયટીમાં રહેતાં ભાવનાબેન અનીલભાઈ દેસાઈ (ઉ.વ.૪૩)એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેની પાસે રૂ.૧૨૭૫૦ની કિંમતનો મોબાઈલ ફોન છે. ગઈ તા.૦૫ના સવારના ૧૦ વાગ્યા આસપાસ તે બહેન સાથે ઘરેથી ઘરની નજીક આવેલ બુધવારી હુડકો ગુજરી બજારમા ખરીદી કરવા ગયા હતા ત્યારે તેમના હાથમા કાપડનુ હેન્ડ પર્સ હતુ. જે પર્સની અંદર ઘરની ચાવી તથા મોબાઈલ ફોન હતો. જે પર્સ હાથમા રાખેલ હતુ. દરમિયાન ત્યા કાપડની ખરીદી કરતા હતા ત્યારે ધક્કા મુક્કીમા હાથમા રહેલ પર્સ કોઈ અજાણી વ્યકતિ ચોરી કરી લઈ જતા બનાવ અંગે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડૂતોએ જેટકોની નનામી કાઢી અંતિમયાત્રામાં છાજિયા લીધા

## ગોંડલ તાલુકાના ચોરડીમાં ગૌચરમાં વીજપોલ નાખવાના વિરોધમાં જેટકોની સ્મશાનયાત્રા કાઢી

રાજકોટ:ગોંડલ તાલુકાના ચોરડી ગામે ગૌચરની જમીનમાં જેટકો કંપની દ્વારા વીજપોલ નાખવાની કામગીરી સામે ગ્રામજનો અને ખેડૂતોનો રોષ વધી રહ્યો છે.આ વિરોધના ભાગરૂપે ગ્રામજનો અને ખેડૂતો દ્વારા અનોખું વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ગૌચર જમીન બાજુમાં આવેલા સ્મશાન ખાતે જેટકો કંપનીની પ્રતીકાત્મક અંતિમયાત્રા અને નનામી કાઢી, તેના પર છાજીયા લઈ બાદમાં અંતિમવિધિ કરવામાં આવી હતી.



આ વિરોધ પ્રદર્શનમાં ચોરડીના હર્ષદસિંહ ઝાલા, ચેતનભાઈ ગઢીયા સહિત ૫૦થી વધુ ખેડૂતો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગે હર્ષદસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, "ગોંડલ તાલુકાના ચોરડી ગામે છેલ્લા ત્રણ દિવસથી સતત વિરોધ કાર્યક્રમો ચાલી રહ્યા છે.જેટકો કંપની દ્વારા ગૌચરની જમીનમાં થાંભલા નાખવા માટે પોલ નંખાતા હોય, જેના વિરોધમાં અગાઉ બે દિવસ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા અને આજે ત્રીજા દિવસે પ્રતીકાત્મક સ્મશાન યાત્રા કાઢી પૂતળું બનાવી વિરોધ નોંધાવ્યો છે.અગાઉ લેખિતમાં માંગણીઓ કરવા છતાં અધિકારીઓ દ્વારા ગોળગોળ જવાબ આપવામાં આવે છે અને કોઈ સંતોષકારક ઉકેલ ન આવતા કંપની, કલેક્ટર તંત્ર કે સરકાર સામેનો વિશ્વાસ ડગમગી ગયો છે.

# પાંચ દિવસથી બીમાર દોઢ માસની બાળકીનું મોત

રાજકોટ:રાજકોટ મોરબી હાઈવે પર રતનપર ગામે રહેતા પરિવારની દોઢ માસની બાળકીનું ઝાડા ઉલ્ટીથી મોત નિપજ્યું છે. સંદીપભાઈ લોઢિયાની દોઢ માસની બાળકી રૂદ્રાંશીને છેલ્લા પાંચ દિવસથી ઝાડા ઉલ્ટી થયા હતા જેમાં તેની વધુ તબિયત બગડતા રાજકોટ ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી અહીં સારવાર દરમિયાન બાળકીનું મોત નિપજતા પરિવારમાં શોક છવાઈ જવા પામ્યો હતો. બનાવ અંગેની જાણ કુવાડવા પોલીસને કરતા પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી મોતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક બાળકીના પિતા સંદીપભાઈ ટીવીના શોરૂમમાં નોકરી કરતા હોવાનું સામે આવ્યું છે. સંદિપભાઈના લગ્ન બે વર્ષ પહેલા જ થયા હતા અને તેમની એકની એક બાળકીનું મોત થતા પરિવારમાં ભારે કલ્પાંત છવાય જવા પામ્યો છે.